અર્પણ-પત્રિકા.

પરમ પૂજ્ય પિતાશ્રી સદૃશ વડિલ શ્રીયુત

શા. હેમચંદભાઈ ગાંગજી જૈન.

કે આપશ્રી મારી બાલ્યાવસ્થાથીજ મારા ઉપર અત્યંત પ્રીતિની
લાગણી ધરાવતા આવ્યા છો, તેમજ મારી વિદ્યાર્થી અવસ્થામાં
પણ આર્થિક મને અનેક વખત ઉત્સાહિત કરી ધાર્મિક
જ્ઞાન પ્રાપ્ત કરાવ્યું છે. વળી આપના અનેકાનેક
પ્રોત્સાહક તથા શુભ આશીર્વચનોના ફળ રૂપે
આ પુસ્તક સુધારી વધારી કરી બહાર પાડવા
સમર્થ થયો છું. તો આપની સદ્ગુણતાના
એક સ્મરણ ચિન્હ તરીકે આપના
મંગળમય કરકમળમાં આ પુસ્તક
સમર્પણ કરૂં છું

લી૦ શિશુ મનસુખલાલના

છેવટમાં—વાંચકવૃંદની ક્ષમા યાચતાં મારે જણાવવું પડે છે કે કંઇ વિદ્વાન્ નથી, તેમજ શાસ્ત્રોનો અભ્યાસી નથી. તેમજ આ અમા પ્રથમ પ્રયાસ છે. વળી કેટલેક પ્રસંગે મારી ગેરહાજરી પણ થયેલી જેથી કંઇ ભુલો રહી ગઇ હોય તેની એકવાર પુનઃ ક્ષમા યાચો વિ છું. સુજ્ઞેષુ કં બહુના ?

લી. સેવક,

મનસુખલાલ હીરાલાલ હંસરાજ

જામનગરવાળ



સજ્જન સન્મિત્ર.

વિષયાનુક્રમણિકા.

૧ ભાવના વિભાગ

નંબર

વિષય

નંબર	વિષય	પાનું

સ્વાધ્યાય વિભાગ.

૩ અભ્યાસ વિભાગ

૪ ફુટકર તથા ક્રિયા વિભાગ.

૫ પ્રકરણ વિભાગ

॥ श्रीजिनाय नमः ॥

શ્રી નવીન

સજ્જન સન્મિત્ર.

દશેરાથી ભાવના વિભાગ.

(૧) મંગલાચરણ

આત્મરક્ષા નમસ્કાર મંત્ર.

ॐ परमेष्टिनमस्कारं, सारं नवपदात्मकं ।
आत्मरक्षाकरं वज्र-पंजराजं स्मराम्यहं । १
ॐ नमो अरिहंताणं, शिरस्कं शिरसि स्थितं ।
ॐ नमो सव्वसिद्धाणं, मुखे मुखपटंवरे । २
ॐ नमो आयरियाणं, अंगरक्षातिशायिनी ।
ॐ नमो उवज्झायाणं, आयुधं हस्तयोर्दृढं । ३
ॐ नमो लोए सव्वसाहूणं, मोचकं पादयोः शुभे ।
एसो पंचनमुक्कारो, शिला वज्रमयी तले । ४
सव्वपावप्पणासणो, वप्रो वज्रमयो बहिः

[illegible] १

[illegible]

[illegible] २

[illegible]

[illegible] ३

[illegible]

[illegible]

[illegible]

---

(૨) ચાર મંગલ.

સિદ્ધાર્થ ભૂપતિ સોહે ક્ષત્રિયકુંડે, તસ ઘેર ત્રિશલા કામિની એ;
ગજવર ગામિની પોઢિય ભામિની, ચઉદ સુપન લહે જામિની એ.
જામિની મધ્યે સોભનાં રે, સુપન દેખે બાલ;
મયગલ વૃષભ ને કેસરી, કમલા કુસુમની માલ.
ઇંદુ દિનકર ધ્વજ સુંદર, કલશ મંગલ રૂપ;
પદ્મસર જલનિધિ ઉત્તમ, અમર વિમાન અનૂપ.
રત્નનો ભંડાર ઉજ્જ્વલ, વન્હિ નિર્ધૂમ જ્યોત,
કલ્યાણ મંગલકારી મહા, કરવા જગ ઉદ્યોત.
એ ચઉદ સુપન સૂચિત વિશ્વપૂજિત, સકલ સુખદાતાર;
મંગલ પહેલું બોલીએ, શ્રી વીર જગદાધાર. ૧

મગધ દેશમાં નયરી રાજગૃહી, શ્રેણિક નામે નરેશરૂ એ;
ધનવર સુબ્બર ગામ વસે તિહાં, વસુભૂતિ વિપ્ર મનોહરૂ એ.
મનોહરૂ તસ માનિની, પૃથવી નામે નાર;
ઇંદ્રભૂતિ આદેય છે, ત્રણ પુત્ર તેહને સાર.
યજ્ઞકર્મ તેણે આદર્યું, બહુ વિપ્રને સમુદાય;
તેણે સમે તિહાં સમોસર્યા, ચોવીશમા જિનરાય.
ઉપદેશ તેહનો સાભલી, લીધો સંજમ ભાર,
અગીયાર ગણધર થાપીયા, શ્રી વીરે તેણીવાર.
ઇંદ્રભૂતિ ગુરૂ ભક્તિ થયો, મહા લબ્ધિ તણો ભંડાર.
મંગલ બીજું બોલીયે, શ્રી ગૌતમ પ્રથમ ગણધાર. ૨

નંદ નરિંદનો પાડલીપુરવરે, સકડાલ નામે મંત્રીસરૂ એ,
લાછલદે તસ નારી અનુપમ, શીયલવંતા બહુ સુખકરૂ એ
સુખકરૂ સંતાન નવ હોય, પુત્ર પુત્રી સાત,
શીયલવંતમાં શિરોમણિ ધૂલિભદ્ર જગ વિખ્યાત
મોહવશે વેશ્યામંદિર, વસ્યા વરસ બાર,
ભોગ ભલી પેરે ભોગવ્યા, તે જાણે સહુ સંસાર
શુદ્ધ સંજમ પામી વિષય વામી, પામી ગુરૂ આદેશ,

કોશ્યા વાસે રહ્યા નિશ્ચલ, ડગ્યા નહીં લવલેશ.
શુદ્ધ શીયલ પાલે, વિષય ટાલે, જગમાં જે નરનાર;
મંગલ ત્રીજું બોલીએ, શ્રી યૂલિભદ્ર અણગાર. 3

હેમ મણિ રૂપમય ઘડિત અનુપમ, જડિત કોશીસાં તેજે ઝગે એ;
સુરપતિ નિર્મીત ત્રણ ગઢ શોભિત, મધ્યે સિંહાસન ઝગમગે એ.

ઝગમગે જિન સિંહાસને, વાજિત્ર કોડા કોડ;
ચાર નિકાયના દેવતા, તે સેવે બેહુ કર જોડ.
પ્રાતિહારજ આઠશું, ચોત્રીશ અતિશયવંત;
સમવસરણમાં વિશ્વનાયક, શોભે શ્રી ભગવંત.
સુર અસુર કિન્નર માનવી, બેઠી તે પર્ષદા બાર;
ઉપદેશ દે અરિહંતજી, ધર્મના ચાર પ્રકાર.
દાન શીયળ તપ ભાવનાએ, ટાલે સઘલાં કર્મ;
મંગલ ચોથું બોલીયે, જગમાંહે શ્રી જિન ધર્મ.
એ ચાર મંગલ નિત્ય ગાવશે જે, પ્રભાતે ધરી પ્રેમ;
તે કોડિ મંગલ નિત્ય પામશે, ઉદયરત્ન ભાંખે એમ. ૪

---

(૩) સોલ સહાસતીનો માંગલિક છંદ.

આદિનાથ આદે જિનવર વંદી, સફલ મનોરથ કીજિયે એ;
પ્રભાતે ઉઠી માંગલિક કામે, સોલ સતીનાં નામ લીજિયે એ. ૧
બાલ કુમારી જગ હિતકારી, બ્રાહ્મી ભરતની બેહેનડી એ;
ઘટ ઘટ વ્યાપક અક્ષરરૂપે, સોલ સતીમાંહિ જે વડી એ. ૨
બાહુબલ ભગિની સતીય શિરોમણિ, સુંદરી નામે ઋષભસુતા એ.
અંક સ્વરૂપી ત્રિભુવન માંહે, જેહ અનુપમ ગુણ જુતા એ. ૩
ચંદનબાલા બાલપણાથી, શીયલવતી શુદ્ધ શ્રાવિકા એ;
અડદના બાકુલા વીર પ્રતિલાભ્યા, કેવલ લહી વ્રત ભાવિકા એ. ૪
ઉગ્રસેન ધુઆ ધારિણીનંદની, રાજીમતી નેમ વલ્લભા એ;
જોબન વેશે કામને જીત્યો, સંયમ લેઈ દેવ દુલ્લભા એ, ૫

અડસઠ અક્ષર અધિક ફલ, નવપદ નવે નિધાન;
વીતરાગ સ્વયં મુખ વદે, પંચ પરમેષ્ઠિ પ્રધાન. ૨

એકજ અક્ષર એક ચિત્ત, સમર્યાં સંપત્તિ થાય;
સંચિત સાગર સાતનાં, પાતક દૂર પલાય. ૩

સકલ મંત્ર શિર મુકુટમણિ, સદ્દગુરૂ ભાષિત સાર;
સો ભવિયાં મન શુદ્ધશું, નિત્ય જપીયે નવકાર. ૪

૭૬—નવકાર થકી શ્રીપાલ નરેશર, પામ્યો રાજ્ય પ્રસિદ્ધ;
શમશાન વિષે શિવનામ કુમરને, સોવન પુરિસો સિદ્ધ;
નવલાખ જપંતા નરક નિવારે, પામે ભવનો પાર;
સો ભવિયાં ભક્તે ચોખે ચિત્તે, નિત્યે જપીયે નવકાર. ૫

બાંધી વડશાખા શિંકે બેસી, હેઠળ કુંડ હુતાશ;
તસ્કરને મંત્ર સમર્પ્યો શ્રાવકે, ઊડયો તે આકાશ;
વિધિ રીતે જપતાં વિષધર વિષ ટાલે, ઢાલે અમૃતધાર. સો૦ ૬

બીજોરા કારણ રાય મહાબલ, વ્યંતર દુષ્ટ વિરોધ;
જેણે નવકારે હત્યા ટાળી, પામ્યો યક્ષ પ્રતિબોધ;
નવલાખ જપંતા થાયે જિનવર, કહ્યો છે અધિકાર. સો૦ ૭

પલ્લીપતિ શિખ્યો મુનિવર પાસે, મહામંત્ર મન શુદ્ધ;
પરભવ તે રાજસિંહ પૃથિવીપતિ, પામ્યો પરિગલ રિદ્ધ.
એ મંત્ર થકી અમરાપુર પહોતો, ચારૂદત્ત સુવિચાર. સો૦ ૮

સન્યાસી કાશી તપ સાધતો, પંચાગ્નિ પરજાલે;
દીઠો શ્રી પાસકુમારે પન્નગ, અધબલતો તે ટાલે;
સંભલાવ્યો શ્રી નવકાર સ્વયં મુખ, ઇંદ્રભુવન અવતાર. સો૦ ૯

મન શુદ્ધે જપતા મયણાસુંદરી, પામી પ્રિય સંયોગ;
ઇણે ધ્યાન થકી કુષ્ઠ ટલ્યો ઉંબરનો, રક્તપિત્તનો રોગ;
નિશ્ચેશું જપતા નવ નિધિ થાયે, ધર્મ તણો આધાર. સો૦ ૧૦

ઘટ માંહિ કૃષ્ણ ભુજંગમ ઘાલ્યો, ઘરણી કરવા ઘાત;
પરમેષ્ઠિ પ્રભાવે હાર ફૂલનો, વસુધા માંહિ વિખ્યાત.
કમલાવતીએ (કલાવતીએ) પિંગલ કીધો, પાપનો
પરિહાર. સો૦ ૧૧

એહીજ જિન ભજંતા, સર્વ સંપત્તિ પાવે. ૨
જિનવર પદ સેવા, સર્વ સંપત્તિ દાઈ;
નિશદિન સુખદાઇ, કલ્પવલ્લિ સહાઇ. ૩
નમિ વિનમિ લહીજે, સર્વ વિદ્યા વડાઈ;
રિખભ જિનહ સેવા, સાધતાં તેહ પાઈ. ૪

શ્લોક.

ચિદાનંદસ્વરૂપાય, રૂપાતીતાય તાયિને;
પરમજ્યોતિષે તસ્મૈ, નમઃ શ્રી પરમાત્મને. ૫

શ્લોક.

અશોકવૃક્ષઃ સુરપુષ્પવૃષ્ટિ ર્દિવ્યધ્વનિશ્ચામરમાસનં ચ,
ભામંડલં દુંદુભિરાતપત્રં, સત્પ્રાતિહાર્યાણિ જિનેશ્વરાણામ્. ૬

શાર્દૂલવિક્રીડિત છંદ.

નેત્રાનન્દકરી ભવોદધિતરી, શ્રેયસ્તરોર્મંજરી,
શ્રીમદ્ધર્મમહાનરેંન્દ્રનગરી વ્યાપલ્લતાધૂમરી;
હર્ષોત્કર્ષશુભપ્રભાવલહરી, રાગદ્વિષા જિત્વરી,
મૂર્તિઃ શ્રીજિનપુંગવસ્ય ભવતુ શ્રેયસ્કરી દેહિનામ્. ૧૫
અંદ્રશ્રેણિનતા પ્રતાપભવનં ભવ્યાંગિનેત્રામૃતં,
સિદ્ધાંતોપનિષદ્વિચારચતુરૈઃ પ્રીત્યા પ્રમાણીકૃતા;
મૂર્તિઃ સ્ફૂર્તિમતી સદા વિજયતે જૈનેશ્વરી વિસ્ફુરન્,
મોહોન્માદઘનપ્રમાદમદિરામત્તૈરનાલોકિતા. ૧૬

આદીશ્વર સ્તુતિ કાવ્ય.

પૂર્ણાનંદમયં મહોદયમયં કૈવલ્યચિદ્દગ્મયં,
રૂપાતીતમયં સ્વરૂપરમણં સ્વાભાવિકીશ્રીમયં,
જ્ઞાનોદ્યોતમયં કૃપારસમયં, સ્યાદ્વાદવિદ્યાલયં;
શ્રી સિદ્ધાચળતીર્થરાજમનિશં વંદેહમાદીશ્વરં. ૧

(૬) ચૈત્યવંદનો.

—૧૦).—

૧ ચોવીશ જિન ચૈત્યવંદન.

નમો આદિ અરિહંત, દેવ દેવન પતિ રાયા;
જાસ ચરણ અવલંબ, ગણાધિપ ગુણ નિજ પાયા.
ધનુષ પંચ શત માન, સપ્ત કર પરિમિત કાયા; ૧
વૃષભ આદિ અરૂ અંત, મૃગાધિપ ચરણ સુહાયા.
આદિ અંત અરૂ મધ્ય, જિન ચોવિશ ઇમ ધ્યાઇએ; ૨
ચિદાનંદ તસ ધ્યાનથી, અવિચલ લીલા પાઇએ. ૩

---

૨ શ્રી પરમાત્મા ચૈત્યવંદન.

પરમાનંદ પ્રકાશ ભાસ ભાસિત ભવ કીલા;
લોકાલોક લોકવે, નિત એહવી લીલા.
ભાવ વિભાવ પણું કરી, જેણે રાખ્યો અલગો; ૧
તકપરે પર મેળવી, તહ થકી નવિ વળગો.
તણી પરે આતમ ભાવને એ, વિમલ કર્યો જેણે પૂર. ૨
તે પરમાત્મ દેવનું, દિન દિન વધતું ન[illegible]
નમે તો [illegible] રહે, થાપના પણ તેમહી.
દ્રવ્યે ભવ માંહે વને પણ ન કરે કિમહી ૩
ભાવ થકી નહીં એકરૂપ ત્રિભુવનમેં કિહાંએ.
તે પરમાત્મને વદાએ, [illegible] ૪
પામે [illegible] ગુણ થકી [illegible]
જ્ઞાનવિમલ [illegible] ૫
[illegible] નહિ [illegible] ૬

૩ શ્રી સિદ્ધાચળજીનું ચૈત્યવંદન

સિદ્ધાચલ શિખરે ચઢી, ધ્યાન ધરો જગદીશ.
મન વચ કાય એકાગ્રશું, નામ જપો એકવીશ ૧

શત્રુંજય ગિરિ વંદીએ, બાહુબલી શિવઠામ;
મરૂદેવ પુંડરીકગિરિ, રૈવતગિરિ વિશ્રામ. ૨
વિમલાચલ સિદ્ધરાજજી. નામ ભગીરથ સાર;
સિદ્ધક્ષેત્ર ને સહસ્રકમલ, મુક્તિનિલય જયકાર. ૩
સિદ્ધાચળ શતકૂટ ગિરિ, ઢંક ને કોડીનિવાસ;
કદંબગિરિ લોહિત નમું, તાલધ્વજ સુખવાસ. ૪
મહાબલ દૃઢશક્તિ સહી, એ એકવીશે નામ;
સાતે શુદ્ધિ સમાચરી, નિત્ય કીજે પરણામ. ૫
દગ્ધ શૂન્ય ને અવિધિ દોષ, અતિ પરિણતિ જેહ;
ચાર દોષ છંડી ભજો, ભક્તિ ભાવ ગુણ ગેહ. ૬
માનવ ભવ પામી કરીએ, સદ્ગુરૂ તીરથ જોગ;
શ્રી શુભ વીરને શાસને, શિવરમણી સંજોગ. ૭

—:(૦):—

૪ શ્રી મહાવીર સ્વામીનું ચૈત્યવંદન.

પરમાનંદ વિલાસ ભાસ, શાસન છે જેહનું;
વરસ સહસ એકવીશ, વહાલું છે તેહનું. ૧
શ્રી મહાવીર મહિયલ કરૂં, પણ સમતા ધારી;
જોશ ન કબહુ ન લેખવે, સહુને હિતકારી. ૨
બહુ અતિશય લીલાવની, કરતાં જન પ્રસન્ન;
બ્રહ્મચારી ચૂડામણિ, જસ નહિં વિષયનો સંગ. ૩
ગુરૂ પાસે ભણીયા નહીં, પણ સઘળું જાણે;
નિંદ વિના પરમેશ્વરા, સુખ સઘળાં માણે. ૪
રજત મણિ હેમ ગઢ વસે, નહીં પરિગ્રહ પાસ;
ચામર છત્ર વિંઝાવતા, નિસપરિસિતા ભાસ. ૫
સેવા કરાવે સહુ ભણી, નામ ધરાવે સાધુ;
સાધ ધરામણ કો નહીં, સૂક્ષ્મ નિરાબાધુ. ૬
રાગ નહીં પણ રીઝવે, સવી ભવિના ચિત્ત;
દ્વેષ નહીં પણ ટાળીયા, મોહાદિક અમિત્ત. ૭

[illegible] ગારી, દયા પ્રભુની શરણે મેં ન વિચારી;
[illegible] પુરુષારથ તો પણ તોષ્ના નાથ મેં નથી સંભારી. ૬
[illegible] તૃષ્ણા નકી તુજ વાણી;
[illegible] સાચીને માહીથી ઠગ પ્રાણી. ૭
[illegible] પણ [illegible] વાણી
[illegible];
[illegible]
[illegible]. ૮

[illegible]

[illegible] વાણી, [illegible],
[illegible];
[illegible],
[illegible] ૯

[illegible]

[illegible],
[illegible] ૧
[illegible]
[illegible] ૨
[illegible]
[illegible] ૩
[illegible]
[illegible] ૪
[illegible]
[illegible] ૫
[illegible]
[illegible] ૬
[illegible]
[illegible] ૭

સમ અરૂ વિષમપણે કરી, ગુણ પયાય અનંત;
એક એક પરદેશમેં, શક્તિ સુજગ મહંત. ૪
રૂપાતીત વ્યતીત મલ, પૂર્ણાનંદી ઇશ;
ચિદાનંદ તાકું નમત, વિનય સહિત નિજ શિશ. ૫

—:(૦):—

૯ (સંસ્કૃત) તીર્થવંદના.

સગ્ધરા વૃત્તમ્.

સદ્ભક્ત્યા, દેવલોકે, રવિશશિભુવને, વ્યંતરાણાં નિકાયે;
નક્ષત્રાણાં નિવાસે, ગ્રહગણ પટલે, તારકાણાં વિમાને;
પાતાલે પન્નગેંદ્ર, સ્ફુટમણિકિરણે, ધ્વસ્તસાંદ્રાંધકારે;
શ્રીમત્ તીર્થંકરાણાં, પ્રતિદિવસમહં, તત્ર ચૈત્યાનિ વંદે.
વૈતાઢયે મેરૂશૃંગે રૂચકગિરિવરે, કુંડલે હસ્તિદંતે;
વક્ષારે કુટનંદીશ્વરકનકગિરો, નૈષધે નીલવંતે;
ચિત્રે શૈલે વિચિત્રે યમકગિરિવરે, ચક્રવાલે હિમાદ્રૌ; શ્રીમત્૦
શ્રીશૈલે વિંધ્યશૃંગે વિમલગિરિવરે, હ્યર્બુદે પાવકે વા;
સમ્મેતે, તારકે વા કુલગિરિશિખરે, હ્યષ્ટાપદે સ્વર્ણશૈલે;
સહ્યાદ્રૌ, વૈજયંતે વિપુલગિરિવરે, ગુર્જરે રોહણાદ્રૌ. શ્રીમત્૦
આઘાટે મેદપાટે ક્ષિતિતટમુકુટે, ચિત્રકૂટે ત્રિકૂટે;
લાટે નાટે ચ ઘાટે વિટપિ ઘનતટે, દેવકૂટે વિરાટે;
કર્ણાટે, હેમકૂટે વિકટતરકટે, ચક્રકૂટે ચ ભોટે; શ્રીમત્૦
શ્રીમાલે માલવે વા, મલયિનિ નિષધે, મેખલે પિચ્છલે વા;
નેપાલે નાહલે વા કુવલયતિલકે, સિંહલે કેરલે વા;
ડાહાલે કોશલે વા વિગલિતસલિલે, જંગલે વા તમાલે; શ્રીમત્૦
અંગે વંગે કલિંગે સુગતજનપદે, સત્પ્રયાગે તિલંગે;
ગૌડે ચૌડે મુરંગે વરતરદ્રવિડે, ઊદ્રિયાણે ચ પાંડે;
આદ્રે માદ્રે પુલિંદ્રે દ્રવિડકુવલયે, કાન્યકુબ્જે સૌરાષ્ટ્રે; શ્રીમત્૦
ચંપાયાં ચંદ્રમુખ્યાં ગજપુરમથુરા, પત્તને ચોજ્જયિન્યામ્;
કૌશાંબ્યાં કોશલાયાં કનકપુરવરે, દેવગિર્યાં ચ કાશ્યામ્;
નાશિક્યે રાજગેહે દશપુરનગરે, ભદ્દિલે તામ્રલિપ્ત્યામ્; શ્રીમત્૦

વર્ગે મર્ત્યન્તરિક્ષે ગિરિશિખરહ્રદે, સ્વર્ણદીનીરતીરે;
પ્રાસાદે નાગલોકે જલનિધિપુલિને, ભૂરૂહાણાં નિકુંજે;
ગ્રામે રમ્યે વને વા, સ્થલજલવિષમે, દુર્ગમધ્યે ત્રિસંધ્યમ્; શ્રીમત્૦૮

શ્રીમન્મેરૌ કુલાદ્રૌ રૂચકનગવરે, શાલ્મલૌ જંબુવૃક્ષે;
ચૌજન્યે, ચૈત્યનંદે રતિકરરૂચકે, કૌંડલે માનુષાંકે
ઇક્ષુકારે જિનાદ્રૌ દધિમુખ ચ ગિરૌ, વ્યંતરે સ્વર્ગલોકે;
જ્યોતિર્લોકે ભવન્તિ, ત્રિભુવનવલયે, યાનિ ચૈત્યાલયાનિ. ૯

ઇત્થં શ્રીજૈનચૈત્યસ્તવનમનુદિનં, યે પઠન્તિ પ્રવીણાઃ;
પ્રોદ્યત્કલ્યાણ હેતું, કલિમલહરણં, ભક્તિભાજસ્ત્રિસંધ્યમ્;
તેષાં શ્રીતીર્થયાત્રાફલમતુલતરં, જાયતે માનવાનામ્;
કાર્યાણાં સિદ્ધિરુચ્ચૈઃ, પ્રમુદિતમનસાં, ચિત્તમાનંદકારિ. ૧૦

—:(૦):—

૧૦ શ્રી નવપદ સ્તોત્ર છંદ. (પ્રાકૃત)

ઇંદ્રવજ્રા વૃત્તમ.

ઉપ્પંત રંગાર જણો સુનાણે, સપ્પાડિ હેરાઇ સય પહાણે;
સદેહ સંદોહ રયં હરંતે, ઝાએહ નિચ્ચં પિ જિણે રિહંતે. ૧

દુટ્ટ કમ્માવરણ પ્પમુક્કે, અનંત નાણાઇ સીરિ ચઉક્કે;
સમગ્ગ લોગગ્ગ પય પ્પસિદ્ધે, ઝાએહ નિચ્ચં પિ મણસ્સુ સિદ્ધે. ૨

ન તં સુહં દેઇ પિયા ન માયા, જં દિંતિ જીવાણીહ સૂરિપાયા;
તમ્હા હુ તે ચેવ સયા મહેહ, જં મુખ્ખ સુખ્ખાઇં લહું લહેહ. ૩

સુત્તથ્થ સંવેગ મયસ્સુ એણું, સંખીર નીરાસય વિસ્સુએણું;
પીનતિ જે તે ઉવઝાય રાએ, ઝાએહ નિચ્ચં પિ કય પ્પસાએ. ૪

ખંતે ય દંતે ય સુગુત્તિ ગુત્તે, મુત્તે પસંતે ગુણ જોગજુત્તે;
ગય પ્પમાએ ગય મોહ માયે, ઝાએહ નિચ્ચં મુણિરાયપાએ. ૫

જં દવ્વ છક્કાય સુસદ્દહાણં, તં દંસણં સવ્વ ગુણ પ્પહાણં;
કુગ્ગાહિ વાહી ઉવયંતિ જેણ, જહા સિધ્ધેણ રસાયણેણ. ૬

નાણં પહાણં નય ચક્ક સિદ્ધં, તત્તાવ બોહીક્કમય પસિદ્ધં.
ધરેહ ચિત્તાવસથે ફુરંત, માણિક્ક દિવ્વ તમો હરંત. ૭

સુરવરં મોહ નિરોધ સારં, પંચ પ્રકારં વિષયારિ વારં;
મુનિજનવંદિત ગુણ પવિત્રં, પંચેન્દ્ર નિરર્થં પિ દુ મસ્તચિત્તં.
આર્ષ નવ્ય જિનવર જિન મેવં, ધ્યાન દુર્જન કુકર્મ ભેદં;
દુઃખાર્જવસ્થં કૃત પાપ નાશં, નવં નવંદ્ય ગમિતં નિરાશં.

---

૧૧ પંચમી તપ ચૈત્યવંદન.

સુખકર ધર્મ નિધાન આદ, આદિમ અરિહંત,
શાંતિકરણ શ્રી શાંતિનાથ, જય કરુણાવંત. ૧
નેમિનાથ બાવીશમા, બાળ થકી બ્રહ્મચારી;
પ્રગટ પ્રભાવી પાર્શ્વદેવ, રત્નત્રયધારી. ૨
વર્ત્તમાન શાસન ધણી, વર્દ્ધમાન જગદીશ;
પંચ જિનવર પ્રણમતા, વાધે જગમા જગીશ. ૩
જન્મ કલ્યાણક પંચરૂપ, સોહમપતિ આવે;
પંચવર્ણ કલશે કરી, સુરગિરિ નવરાવે. ૪
પંચ સાખ અંગુઠડે, અમૃત સંચારે;
બાલપણે જિનરાજ કાજ, એમ ભક્તિશું ધારે. ૫
પંચ ધાવ પાલી જતે, યૌવન વય પાવે;
પંચ વિષય વિષ વેલી તોડી, સંજમ મન ભાવે. ૬
છંડી પંચ પ્રમાદ પંચ, ઇંદ્રિય બળ મોડી;
પંચ મહાવ્રત આદરે, દેઇ ધન કોડી. ૭
પંચાચાર આરામમાં, પામ્યા પંચમ જ્ઞાન;
પંચ દેહ વર્જિત થયા, પંચ હ્રસ્વાક્ષર માન. ૮
પંચમી ગતિ ભરતાર તાર, પૂરણ પરમાનંદ;
પંચમી તપ આરાધતાં, ક્ષમાવિજય જિનચંદ. ૯

—(૦)—

૧૨ શ્રી સકળ તીર્થનું ચૈત્યવંદન.

શીમંધર પ્રમુખ નમું, વિહરમાન જિન
ઋષભાદિક વળી વંદીયે, સંપઇ

સિદ્ધાચલ ગિરનાર આબુ, અષ્ટાપદ વલી સાર;
સમેતશિખર એ પંચ તીર્થ, પંચમી ગતિ દાતાર. ૨
ઊર્ધ્વલોકે જિનવર નમું, તે ચોરાશી લાખ;
સહસ સતાણું ઉપરે, ત્રેવીશ જિનવર ભાખ. ૩
એકસો બાવન ક્રોડ વલી, લાખ ચોરાણું સાર;
સહસ ચુમ્માલી સાતસેં, સાઠ જિન પડિમા ઉદાર. ૪
અધલોકે જિનભવન નમું, સાત ક્રોડ બહોતેર લાખ;
તેરસેં ક્રોડ નેવ્યાસી ક્રોડ, સાઠ લાખ ચિત્ત રાખ. ૫
વ્યંતર જ્યોતિષિમાં વલી એ, જિન ભવન અપાર;
તે ભવિ નિત્ય વંદન કરો, જેમ પામો ભવપાર. ૬
તિર્છા લોકે શાશ્વતાં, શ્રી જિનભવન વિશાલ;
બત્રીશસેં ને ઓગણસાઠ, વંદું થઈ ઉજમાલ. ૭
લાખ ત્રણ એકાણું સહસ, ત્રણસેં વીશ મનોહાર;
જિનપડિમા એ શાશ્વતી, નિત્ય નિત્ય કરૂં જુહાર. ૮
ત્રણ ભુવનમાંહે વલી એ, નામાદિક જિન સાર;
સિદ્ધ અનંતા વંદીયે, મહોદય પદ દાતાર. ૯

---

૧૩ શ્રી પર્યુષણ ચૈત્યવંદન.

પર્વ પર્યુષણ ગુણ નીલો, નવ કલ્પ વિહાર,
ચાર માસાન્તર થિર નહિ, એહીજ અર્થ ઉદાર
અષાઢ શુદ ચઉદશ થકી, સંવચ્છરી પચાસ,
મુનિવર દિન સિત્તેરમે, પડિક્કમતા ચોમાસ. ૧
શ્રાવક પણ સમતા ધરી, કરે ગુરૂના બહુમાન,
કલ્પસૂત્ર સુવિહિત મુખે, સાંભળે થઈ એક તાન. ૨
જિનવર ચૈત્ય જુહારીયે, ગુરૂભક્તિ વિશાલ
પ્રાયે અઠ ભવાંતરે [illegible] ૩
દર્પણ નિજ [illegible] જુવે [illegible]
[illegible] અનુભવ [illegible] ૪

પંચ ક્રોડ સાથે મુણીંદ, અનશન જીહાં કીધ;
શુક્લધ્યાન ધ્યાતાં અમૂલ, કેવલ તીહાં લીધ. ૨
ચૈત્રી પૂનમને દિન એ, પામ્યા પદ મહાનંદ;
તે દિનથી પુંડરિક ગિરિ, નામ દાન સુખકંદ. ૩

—:(૦):—

૧૮ શ્રી ગોડી પાર્શ્વનાથ પ્રભાતિ છંદ.

શ્રીમુખ પંકજ વાસવતી, સમરૂં શ્રુતદેવી ઉલ્લસતી;
ઉપદેશ કહું તે ભાવ સુણો, પ્રભાતે ગોડીપાસ થુણો. ૧
સ્થાનક જે વીશ કહ્યા જિનના, તે તત્ત્વ કહીજે પ્રવચનમાં;
તે માંહે ધુરલું એહ નમો, પ્રભાતે ગોડીપાસ થુણો. ૨
ત્રણ વર્ગ કહ્યા છે જે જનને, તેહનો સાધક ન ગણે સુરને;
તે વર્ગ તણું જે બીજ સુણો, પ્રભાતે ગોડીપાસ થુણો. ૩
પહેલું પાવન તુમે ચિત્ત કરો, ઉપશમ પમુહા ગુણ રંગધરો;
ક્રોધાદિક વૈરી સર્વ હણો, પ્રભાતે ગોડીપાસ થુણો. ૪
ચક્રી પ્રમુખે જે ઋદ્ધિ લહી, તેહને ધર્મે તે સર્વ કહી;
તે માટે મંગલ એહ સુણો, પ્રભાતે ગોડીપાસ થુણો. ૫
આપદ સવિ તુમથી દૂર ટળે, સઘળી સંપત્તિ આવી મળે,
મહિમા પણ હોવે નહસગુણો, પ્રભાતે ગોડીપાસ થુણો. ૬
વિજય દેવ સૂરીસર ગચ્છધણી, વિજયસિંહ મુનીસર ઋદ્ધિ ઘણી,
ઉદય મુસેવક નેહ તણો પ્રભાતે ગોડીપાસ થુણો. ૭

—:(૦):—

૧૯ શંખેશ્વર પાર્શ્વજિન ચૈત્યવંદન. (હરિગીત છંદ)

સકલ ભવિજન ચમત્કારી, ભારી મહિમા જેહનો,
નિખિલ આતમ રમા રાજીત, નામ જપીએ તેહનો,
દુષ્ટ કર્માષ્ટક ગંજરી જ, ભાવિકજન મન સુખ કરો.
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામી નામ શંખેશ્વરો. ૧
બહુ પુન્યરાશિ દેશ કાશી, તત્થ નયરી વાણારસી,
અશ્વસેન નામ રાણી વામા, રૂપે રતિ તનુ સારીખી,

એ પ્રભુતણાં પદ પદ્મ સેવા, રૂપ કહે પ્રભુતા વરો;
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામી નામ શંખેશ્વરે

—:(૦):—

૨૦ શ્રી વીશ વિહરમાન જિન ચૈત્યવંદન.

સીમંધર યુગમંધર પ્રભુ બાહુ સુબાહુ ચાર;
જંબૂ દ્વીપના વિદેહમાં, વિચરે જગદાધાર.
સુજાત સાહેબ ને સ્વયંપ્રભુ, રિષભાનન ગુણમાલ;
અનંતવીર્ય ને સુરપ્રભુ, દશમા દેવ વિશાલ.
વજ્રધર ચંદ્રાનન નમું, ધાતકીખંડ મોઝાર;
અષ્ટ કર્મ નિવારવા, વંદું વાર હજાર.
ચંદ્રબાહુ ને ભુજંગ પ્રભુ, નમી ઇશ્વર વીરસેન;
મહાભદ્ર ને દેવજશા, અજિતવીર્ય નામેન.
આઠે પુષ્કરાર્ધમાં, અષ્ટમી ગતિ દાતાર;
વિજય અડ નવ ચઉવિશમી, પણ વિશમી કીરતાર.
જગનાયક જગદીશ્વરૂ એ, જગબંધવ હિતકાર;
વિહરમાનને વંદતાં, જીવ લહે ભવપાર.

—:(૦):—

૨૧ એકસો સીતેર જિન ચૈત્યવંદન.

સોલે જિનવર શામલા, રાતા ત્રીશ વખાણું;
લીલા મરકત મણિ સમા, આડત્રિશે ગુણ ખાણું.
પીલા કંચન વર્ણ સમા, છત્રીશે જિનચંદ;
શંખ વરણ સોહામણું, પચાશે સુખકંદ.
સીત્તેર સો જિન વંદીયે એ, ઉત્કૃષ્ટા સમકાલ,
અજિતનાથ વારે હુવા, વંદું થઇ ઉજમાલ.
નામ જપંતાં જિન તણું, દુરગતિ દૂરે જાય;
ધ્યાન ધ્યાતાં પરમાત્મનું, પરમ મહોદય થાય.
જિનવર નામે જશ ભલો, સફલ મનોરથ સાર;

થોયો (સ્તુતિઓ).

—(૦)—

૧ શ્રી મહાવીરસ્વામીની થોય.

(હરિણી છંદ.)

ઉપશમ રસમાં, મગ્ન સદા જે, પ્રસન્ન દૃષ્ટિ સદા;
વિકસિત કમલ સમ જસ વદન, સ્ત્રી ન ન નહિ કદા;
અંકો કર જુગલ, તે પણ જસ. શસ્ત્રાદિકે વર્જીત.
શ્રી મહાવીર, સત્યહિ દેવ, રાગ દ્વેષ નિર્જીત. ૧

જિન અરિહંત, સમ દમ વંત, સેવે સ ન
પર તાજી આશ, જે ભવ વાસ, કીધ નિરાશ
કામ ને ક્રોધ, વિદલિત મોહ, નિર વિછોહ
અચલ ગુણ ભૂપ, પરમાતમ રૂપ, સદોઇભૂત

નમો તત્વાવભાસી, જગ ભાવ વિકાસી,
પશુપણું ટાલી, સુર રૂપ કરે જે, પડલવ
ભૂલ અનાદિ, ટલે જસ પ્રભાવે, રહે ભ
પ્રણમો જિન વાણી, મહા

જિનાજ્ઞાકારી, દ
જિન ગુણ રાગી,
નિજ ભાવે મગ્ના,
શુદ્ધ સમકિત ધારી

" સત

અકુંની ચારાર
જન્મ ધરે આવે
અઢાર કોડાકોડિ
સ્થાપણ જગતગુરુ

આઠ કર્મ ચૂરણકર જાણી, કલશ આઠ પ્રકારજી;
આઠ ઇંદ્રાણી નાયક અનુક્રમે, આઠનો વર્ગ ઉદારજી;
અષ્ટ પ્રકારી પૂજા કરીને, મંગલ આઠ આલેખેજી;
દાહિણ ઉત્તર દિશિ જિનવરનો, જન્મ મહોત્સવ લેખેજી. ૨

પ્રવચન માતા આઠ આરાધો, આઠ પ્રમાદને બાધોજી.
આઠ આચાર વિભૂષિત આગમ, ભણતાં શિવસુખ સાધોજી;
આઠમે ગુણઠાણે ચઢી અનુક્રમે, ક્ષપક શ્રેણી મંડાણજી;
આઠમે અંગે અંતગડ કેવલી, વલી પામ્યા નિરવાણજી. ૩

વૈમાનિક જ્યોતિષિ ભવનાધિપ, વ્યંતરપતિ સુરનારીજી;
ક્ષુદ્રાદિ આઠ દોષ નિવારી, આઠ ગુણ સમકિત ધારીજી;
આઠમે દ્વીપે અઠ્ઠાઇ મહોત્સવ, કરતાં ભક્તિ વિશાલજી;
ક્ષમાવિજય જિનવરની સેવા, ચઉસઠી સુર અડચાલજી. ૪

૩ શ્રી સિદ્ધચક્રની સ્તુતિ.

"શ્રી શત્રુંજયગિરિ તીરથ સાર." એ દેશી.

અંગદેશ ચંપાપુરી વાસી, મયણા ને શ્રીપાલ સુખાસી,
સમકિતશું મન વાસી;
આદિ જિનેશ્વરની ઉલ્લાસી, ભાવે પૂજા કીધી મન આસી,
ભાવ ધરી વિશ્વાસી.
અશુચિ કોઢ ગયો તેણે નાસી, સુવિધિશું સિદ્ધચક્ર ઉપાસી,
થયો સ્વર્ગનો વાસી.
આસો ચૈત્ર [illegible] [illegible] પ્રેમે [illegible] ભક્તિ [illegible]
આદિ પુરુષ અવિનાશી ૧
કેસર ચંદન [illegible] ઘોલી, [illegible] ભરી હેમ કચોલી,
શુદ્ધ [illegible] [illegible]
નવ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
પૂજો શ્રી જિન [illegible]
ચઉ ગતિ માંહી આપદા [illegible] દુર્ગતિના દુઃખ દૂરે [illegible]
કેમ [illegible]

ભીન્ન રૂપાંતરે દાખી જેમ જિનવરની બમર ભોળી, ૨
પરમાં ગુણની ખાણી.

આતમ શુદ્ધ આતમગુણ વિચારી, વીકી પણ ચિત્તમાં નિરધારી,
નવ આભિગની ધારી;

એવી કહે આગમ વાણી, પ્રતિક્રમણ બે કીજે ધારી,
નિશ્ચય પૂજે ગુણકારી;

શ્રી જિન ભક્તિ પર ઉપકારી, નવ દિન આંબેલ તપ નરનારી,
જેમ શ્રીપાલ મયણાની બારી;

નવપદ મહિમા અતિ મનોહારી, જિનાગમ ભાખે ગણધારી, 3
જાઉં તેહની બલીહારી.

શ્યામ ભમર સમ વીણાધારી, અતિ સોહે સુંદર સુકુમારી,
બેઠું સાજ મનોહારી;

ચક્રેશ્વરી ચક્ર ધરે રૂપાળી, શ્રી જિનશાસનની રખવાળી,
ચક્રેશ્વરી મેં ભાળી;

એમ જે આણી કરે ઉજમાળી, તેના વિઘ્ન હરે આ બાળી,
સેવક જન સંભાળી

ઉદયરત્ન કહે આગમ વાણી, જે જિન નામ જપે
તે પદ નિત્ય

—(૭)—

૪ શ્રી મહાવીર સ્વામીની

રૂપી ઉપર પ્રમાણે

મહાવીર મહાવીર જિ [illegible]

[illegible] શુદ્ધ [illegible] જિ

[illegible]

એ જિન [illegible]

પ્રભાવના શ્રીફલની કીજે, યાચક જનને દાનજ દીજે,
જીવ અમારી કરીજે;
મનુષ્ય જન્મ ફલ લાહો લીજે, ચોથ છટ્ઠ અટ્ઠમ તપ કીજે,
સાહમ્મિવત્સલ કીજે;
એમ અટ્ઠાઈ ઓચ્છવ કીજે, કલ્પસૂત્ર ઘેર પધરાવીજે,
આદિનાથ પૂજીજે. ૧
વડા કલ્પદિન ધુર મંડાણ, દશ કલ્પ આચાર પરિમાણ,
નાગકેતુ વખાણ;
પછી કહીએ સૂત્ર મંડાણ, નમુથ્થુણં હોય પ્રથમ વખાણ,
મેઘકુમર અહિઠાણ;
દશ અચ્છેરાંનો અધિકાર, ઇન્દ્ર આદેશે ગર્ભ પરિહાર,
દેખે સુપન ઉદાર;
ચોથે સ્વપ્ને બીજું સાર, સ્વપ્નપાઠક આવ્યા દરબાર,
એમ ત્રીજું જયકાર. ૨
ચોથે વીર જન્મ વખાણ, દિશિ કુમરી સવિ ઇન્દ્રની જાણ,
દીક્ષા પંચ વખાણ;
પાંચમા પરિસહ તપ ને નાણ, ગણધરવાદ ચોમાસું પરિમાણ,
તવ પામ્યા નિરવાણ;
એ છઠ્ઠે વખાણે કહીએ, તેલાધર દિવસ એમ લહીએ,
શ્રી વીરચરિત્ર એમ સુણીએ;
પાસ નેમિ જિન અંતર સાત, આઠમે રિષભ થિર અવદાત,
સુણતાં લીએ શિવ સાથ. ૩
સંવચ્છરી દિન સહુ નર નારી, બારસેં સૂત્ર ને સામાચારી,
નિસુણે અટ્ઠમ ઉદારી;
સુણીએ ગુરૂ પટ્ટાવલી સારી, ચૈત્ય પ્રવાડી અતિ મનોહારી,
આવે દેવ જુહારી;
સાંઝસમે ખમતખામણા કીજે, મમતા રસ મોહે ભીંજીજે,
દાન સંવચ્છરી દીજે;
એમ ચક્રેસરી સાંનિધ્ય કીજે, શાન્તિકુશલ સુરિ જસ જાણીજે,
સુજસ મનોરથ લીજે. ૪

૬ શ્રી સુમતિનાથની થોય.

"પૃથ્વી પાણી તેઉ રે" એ દેશી.

મેઘ તે મેઘરથ રાયરે, રાણી સુમંગલા,
સુમતિનાથ જિન જનમિયા એ;
આસન કંપ્યું તામ રે, હરિ મન કંપીયા,
અવધિજ્ઞાને નિરખતા એ;
જાણ્યું જન્મ જિણંદ રે, ઉઠ્યા આસન થકી,
સાત આઠ ડગ ચાલીયા એ;
કર જોડી હરિ તામ રે, કરે નમુથ્થુણં,
સુમતિનાથના ગુણ સ્તવે એ. ૧

હરિણેગમેષિ તામ રે, ઇન્દ્રે તેડીયા,
ઘંટા સોય વજડાવીયા એ;
ઘંટા તે બત્રીશ લાખ રે, વાગે તે વેલા,
સુરપતિ સહુકો આવીઆ એ;
રચ્યું તે પાલક વિમાન રે, લાખ જોજન તણું,
ઉંચું જોજન પાંચસેં એ;
હરિ બેસી તે મંદીરે, આવે વંદવા,
જિન જિનમાદિક વંદીઆ એ. ૨

હરિ આવે મત્યુલોક રે, સાથે સુર બહુ,
કેતા ગજ ઉપર ચઢ્યા એ;
ગરૂડ ગઢ્યા ગુણવંતરે, નાગ પલાણીઆ,
સુર મલી જિનઘર આવીઆ એ;
ત્રણ પ્રદક્ષિણા દેઇ રે, પ્રભુની સુમંગલા,
રત્ન કુખ તારી સહિ એ;
જન્મ્યા સુમતિ જિણંદ રે. ત્રણ જ્ઞાન સહિત,
ધન્ય વાણી જિનજી તણી એ ૩

પંચ રૂપ કરી હાથ રે. ઇન્દ્રે તેડીયા
ચામર બિહું હાથ હરિ એ.
એક હરિ છત્ર ધરંતરે, વજ્ર કરે ગ્રહી.
એક હરિ આગલ ચાલતા એ.

આવ્યા મેરૂની શ્રૃંગે રે, પાંડુક વન જિહાં,
નવરાવી ઘર મૂકીઆ એ;
યક્ષ તુંબરૂ દેવ રે, મહાકાલી યક્ષણી,
ઋષભ કહે રક્ષા કરો એ. ૪



૭ શ્રી પાર્શ્વનાથની થોય.

"સત્તર ભેદી જિન પૂજા રચીને." એ દેશી.

સકલ સુરાસુર સેવે પાયા, નયરી વણારસી નામ સોહાયા,
અશ્વસેન કુલ આયા;
દશ ને ચાર સુપન દીખલાયા, વામાદેવી માતાએ જાયા,
લંછન નાગ સોહાયા;
છપ્પન દિગકુમરી હુલરાયા, ચોસઠ ઇન્દ્રાસન ડોલાયા,
મેરૂ શિખર નવરાયા;
નીલવર્ણ તનુ સોહે કાયા, શ્રી વિજયસેન સૂરીશ્વર રાયા,
પાસ જિનેશ્વર ગાયા. ૧

વિદ્રુમ વર્ણા દોય જિણંદા, દો નીલા દો ઉજ્વલ ચંદા,
દો કાલા સુખકંદા;
સોલે જિનવર સોવનવર્ણા, શિવપુરવાસી શ્રી પરસન્ના,
જે પૂજે તે ધન્ના;
મહાવિદેહે જિન વિચરંતા, વીશે પૂરા શ્રી ભગવન્તા,
ત્રિભુવન તે અરિહંતા;
તીરથ સ્થાનક નામું એ શિષ, ભાવ ધરીને વિશ્વાવીશ,
શ્રી વિજયસિંહ સૂરીશ. ૨

સાંભલ સખરા અંગ અગીઆર, મન શુધ્ધે ઉપાંગજ બાર,
દશ પયન્ના સાર.
છેદ ગ્રંથ વલી ષટ વિચાર, મૂલ સૂત્ર બોલ્યા જિન ચાર,
નંદી અનુયોગ દ્વાર;
પણયાલીસ જિન આગમ નામ, શ્રી જિન અરથે ભાખ્યા જામ,
ગણધર ગુંથે તામ;

શ્રી વિજયસેન સૂરીંદ વખાણે, જે ભવિકા નિજ ચિત્તમાં આણે,
તસ ઘર લક્ષ્મી આણે. ૩

વિજાપુરમાં સ્થાનક જાણી, મહિમા મ્હોટે તું મંડાણી,
ધરણીંદ્ર ધણીઆણી;
અહનિશ સેવે સુર વૈમાની, પરતો પૂરણ તું સપરાણી,
પૂરવ પુન્ય કમાણી;
સંઘ ચતુર્વિધ વિઘ્ન નિવારો, પાર્શ્વનાથની સેવા સારો,
સેવક પાર ઉતારો;
શ્રી વિજયસેન સૂરીશ્વર રાયા, શ્રી વિજયદેવ ગુરૂ પ્રણમી પાયા,
ઋષભદાસ ગુણ ગાયા. ૪



૮ શ્રી સિદ્ધાચલજીની થોય.

" પુંડરિકગિરિ મહિમા. " એ દેશી.

શત્રુંજય મંડણ, ઋષભ જિણંદ દયાળ,
મરૂદેવા નંદન, વંદન કરૂં ત્રણ કાળ;
એ તીરથ જાણી, પૂર્વ નવાણું વાર,
આદીશ્વર આવ્યા, જાણી લાભ અપાર. ૧

ત્રેવીશ તીર્થંકર, ચઢીઆ એણે ગિરિરાય
એ તીરથના ગુણ, અનુભવ સુરાદિક ગાય.
એ પાવન તીરથ, ત્રિભુવન નહિ તસ તોલે.
એ તીરથના ગુણ, [illegible] ૨

[illegible]
[illegible]
[illegible]
[illegible] ૩

શ્રી [illegible]
શ્રી [illegible]
શ્રી [illegible]
શ્રી [illegible] ૪

૯ શ્રી પર્યૂષણ થોય.

દેશી ઉપર પ્રમાણે.

મણિ રચિત સિંહાસન, બેઠા જગદાધાર,
પર્યૂષણ કેરો, મહિમા અગમ અપાર;
નિજ મુખથી દાખી, સુર નર વૃંદ,
એ પર્વ પર્વમાં, જિમ તારામાં ચંદ. ૧

નાગકેતુની પરે, કલ્પ સાધના કીજે,
વ્રત નિયમ આખડી, ગુરૂમુખ અધિકી લીજે;
દોય ભેદે પૂજા, દાન પંચ પરકાર,
કર પડિક્કમણાં ધર, શિયલ અખંડિત ધાર. ૨

જે ત્રિકરણ શુધ્ધે, આરાધે નવ વાર,
ભવ સાત આઠ અવ, શેષ તાસ સંસાર;
સહુ સૂત્ર શિરોમણિ, કલ્પસૂત્ર સુખકાર,
તે શ્રવણ સુણીને, સફલ કરો અવતાર. ૩

સહુ ચૈત્ય જુહારી, ખમતખામણાં કીજે,
કરી સાહમ્મિવત્સલ, કુગતિ દ્વાર પટ દીજે;
અઠ્ઠાઇ મહોત્સવ, ચિદાનંદ ચિત્ત લાઇ,
ઇમ કરતાં સંઘને, શાસન દેવ સહાઇ. ૪

---

૧૦ શ્રી મૌન એકાદશીની થોય.

"શ્રી શત્રુંજયગિરિ તીરથ સાર." એ દેશી.

ગોયમ બોલે ગ્રન્થ સંભાલી, વર્દ્ધમાન આગલ રઢીઆલી,
વાણી અતીઅ રસાલી;
મૌન અગ્યારસ મહિમા ભાલી, કોણે કીધી ને કહો કોણે પાલી,
પ્રશ્ન કરે ટંકશાલી;
કહોને સ્વામી પર્વ પંચાલી મહિમા અધિક અધિક સુવિશાલી,
કુણ કહે કહો તુમ ટાલી;
વીર કહે માગશર અજુઆલી, દોઢસો કલ્યાણક નિહાલી,
અગ્યારસ કૃષ્ણે પાલી. ૧

નેમિનાથને વારે જાણ્યો, કાનુડો ત્રણ ખંડનો રાણો,
વાસુદેવ સુપ્રમાણો;
પરિગ્રહ ને આરંભે ભરાણો, એક દિન આતમ કીધો શાણો,
જિન વંદન ઉલસાણો;
નેમિનાથને કહે હેતે આણો, વરસી વારૂ દિવસ વખાણો,
પાળી થાઉં શિવ રાણો;
અતીત અનાગત ને વર્તમાન, નેવું જિનના હુવા કલ્યાણ,
અવર ન એહ સમાન. ૨

આગમ આરાધો ભવિ પ્રાણી, જેહમાં તીર્થંકરની વાણી,
ગણધર દેવ કમાણી;
દોઢસો કલ્યાણકની ખાણી, એહ અગ્યારસને દિન જાણી,
એમ કહે કેવલનાણી;
પુન્ય પાપ તણી જિહાં કહાણી, સાંભળતાં શુભ લેખ લખાણી,
તેહની સ્વર્ગ નિસાણી;
વિદ્યા પૂરવ ગ્રન્થે રચાણી, અંગ ઉપાંગ સૂત્રે ગુંથાણી,
સુણતાં દીએ શિવરાણી. ૩

જિનશાસનમાં જે અધિકારી, દેવ દેવી હોએ સમકિતધારી,
સાંનિધ્ય કરે સંભારી;
ધર્મ કરે તસ ઉપર પ્યારી, નિશ્ચલ ધર્મ કરે સુવિચારી,
જે છે પરઉપકારી;
વડ મંડલ મહાવીરજી તારી, પાપ પખાળી જિન જુહારી,
લાલવિજય હિતકારી;
માતંગ જક્ષ કરે મનોહારી, ઓલગ સારે સુર અવતારી,
શ્રી સંઘના વિઘનને વારી. ૪

-----

૧૧ શ્રી ગિરનારજીની થોય.

સુર અસુર વંદિત પાયપંકજ, મયણમલ્લમક્ષોભિતં,
ઘન સુઘન શ્યામ શરીર સુંદર, શંખ લંછન શોભિતં;

૯ શ્રી પર્યૂષણ થોય.

દેશી ઉપર પ્રમાણે.

મણિ રચિત સિંહાસન, બેઠા જગદાધાર,
પર્યૂષણ કેરો, મહિમા અગમ અપાર;
નિજ મુખથી દાખી, સુર નર વૃંદ,
એ પર્વ પર્વમાં, જિમ તારામાં ચંદ.
નાગકેતુની પરે, કલ્પ સાધના કીજે,
વ્રત નિયમ આખડી, ગુરૂમુખ અધિકી લીજે;
દોય ભેદે પૂજા, દાન પંચ પરકાર,
કર પડિક્કમણાં ધર, શિયલ અખંડિત ધાર.
જે ત્રિકરણ શુધ્ધે, આરાધે નવ વાર,
ભવ સાત આઠ અવ, શેષ તાસ સંસાર;
સહુ સૂત્ર શિરોમણિ, કલ્પસૂત્ર સુખકાર,
તે શ્રવણ સુણીને, સફલ કરો અવતાર.
સહુ ચૈત્ય જુહારી, ખમતખામણાં કીજે,
કરી સાહમ્મિવચ્છલ, કુમતિ દ્વાર પટ દીજે;
અઠ્ઠાઇ મહોચ્છવ, ચિદાનંદ ચિત્ત લાઇ,
ઇમ કરતાં સંઘને, શાસન દેવ સહાઇ.

---

૧૦ શ્રી મૌન એકાદશીની થોય.

“ [illegible] ” એ દેશી.

[illegible] વર્ધમાન [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

નેમિનાથને વારે આણ્યો, કાનુડો ત્રણ ખંડનો રાણો,
વાસુદેવ ગુણમાણો;
પરિગ્રહ ને આરંભે ભરાણો, એક દિન આતમ કીધો શાણો,
જિન વંદન ઉલ્લસાણો;
નેમિનાથને કહે હેતે આણો, વરસી વારૂ દિવસ વખાણો,
પાળી થાઉં શિવ રાણો;
અતીત અનાગત ને વર્તમાન, નેવું જિનના હુવા કલ્યાણ,
અવર ન એહ સમાન. ૨

આગમ આરાધો ભવિ પ્રાણી, જેહમાં તીર્થંકરની વાણી,
ગણધર દેવ [illegible]
દોઢસો કલ્યાણકની ખાણી, એહ અગ્યારસને દિન [illegible]
એમ કહે કેવલ[illegible]
પુન્ય પાપ તણી જિહાં કહાણી, સાંભળતાં શુભ લેશ [illegible]
તેહની સ્વર્ગ [illegible]
વિદ્યા પુસ્તક મધ્યે રચાણી, [illegible]
[illegible]
[illegible]

૧૧ [illegible]

[illegible]

શિવાદેવી નંદન, ત્રિજગ વંદન, ભવિક કમલ દિનેશ્વરં,
ગિરનાર ગિરિવર શિખર વંદું, શ્રી નેમિનાથ જિનેશ્વરં. ૧

અષ્ટાપદે શ્રી આદિજિનવર, વીર પાવાપુરી વરૂં,
વાસુપૂજ્ય ચંપા નયર સિદ્ધા, નેમ રેવા ગિરિવરૂં;
સમેતશિખરે વીશ જિનવર, મુક્તિ પોહોતા મુનિવરૂં,
ચોવીશ જિનવર, નિત્ય વંદું, સયલ સંઘ સુહંકરૂં. ૨

અગ્યાર અંગ ઉપાંગ બાર, દશ પયન્ના જાણિયેં,
છેદ ગ્રંથ પસત્થ સત્થા, ચાર મૂલ વખાણિયેં;
અનુયોગ દ્વાર ઉદ્ધાર નંદીસૂત્ર જિનમત ગાઇયેં,
વૃત્તિ ચૂર્ણિ ભાષ્ય પિસ્તાલીશ આગમ ધ્યાઇએ. ૩

દોય દિશિ બાલક દોય જેહને, સદા ભવિયણ સુખકરૂં,
દુઃખ હરિ અંબા લુંબ સુંદર, દુરિત દોહગ અપહરૂં;
ગિરનાર મંડણ નેમિ જિનવર ચરણ પંકજ સેવિયે,
શ્રી સંઘ સુપ્રસન્ન મંગલ, કરો તે અંબા દેવીએ. ૪

——:(૦):——

૧૨ શ્રી નવતત્વની થોય.

જીવા જીવા પુણ્યને પાવા, આશ્રવ સંવર તત્તાજી,
સાતમે નિર્જરા આઠમે બંધ, નવમે મોક્ષપદ સત્તાજી;
એ નવે તત્તા સમકિત સત્તા, ભાંખે શ્રી ભગવંતાજી,
ભુજનયણ મંડણ રિસહેસર, વંદો તે અરિહંતાજી. ૧

ધમ્મા ધમ્માગાસા પુગ્ગલ, સમયા પંચ અજીવાજી.
નાણ વિન્નાણ શુભાશુભ યોગે, ચેતન લક્ષણ જીવાજી;
ઇત્યાદિક ષટ દ્રવ્ય પ્રરૂપક, લોકાલોક દિણંદાજી,
પ્રહ ઉઠી નિત્ય નમિયે વિધિશું, સિત્તરિસો જિનચંદાજી. ૨

સૂક્ષ્મ બાદર દોએ એકેંદ્રી બિ તિ ચઉરિંદિ દુવિહાજી,
તિવિહા પચિંદિ પજ્જત્તા, અપજ્જત્તા તે વિવિહાજી;
સંસારી અસંસારી સિદ્ધા, નિશ્ચય ને વ્યવહારાજી,
પન્નવણાદિક આગમ સુણતા, લહિયે શુદ્ધ વિચારાજી. ૩

ભુવનપતિ વ્યંતર જ્યોતિષવર. વૈમાનિક સુરવૃંદાજી,

ભુજનગર મહિમંડલ સધલે, સંઘ સકલ સુખ કરજોજી;
પંડિત માનવિજય ઇમ જંપે, સમકિત ગુણ ચિત્ત ધરજોજી. ૪

—:(૦):—

૧૩ શ્રી અધ્યાત્મ થોય.

ઉઠી સવેરા સામાયિક લીધું, પણ બારણું નવિ દીધુંજી,
કાળો કુતરો ઘરમાં પેઠો, ઘી સઘળું તેણે પીધુંજી;
ઉઠો વહુઅર આળસ મૂકી, એ ઘર આપ સંભાળોજી,
નિજ પતિને કહો વીરજિન પૂજી, સમકિતને અજુઆળોજી. ૧

બલે બિલાડે જડ્યો જડપથી, ઉંદર સર્વે ફોલીજી,
સંચલ ઢેર્યો પાર્યો ન રહે, ત્રાક ભાગી માળ ત્રોડીજી;
તેલ વિના રેંટિયો નવિ ચાલે, મૌન ભલું કેને કહીયેજી,
ઋષભાદિક ચોવીશ તીર્થંકર, જપીયે તો સુખ લહીયેજી. ૨

ઘર વાશીદું કરોને વહુઅર, ટાળો ઓજીઆળુંજી,
ચોરો એક કરે છે હેરું, ઓરડે ઘોને તાળુંજી;
લખકે પ્રાહુણા ચાર આવ્યા છે, તે ઉભા નવિ રાખોજી,
શિવપદ સુખ અનંતાં લહિયે, જો જિનવાણી ચાખોજી. ૩

ઘરનો ખુણો કોળુ ખણે છે, વહુ તુમે મનમાં લાવોજી,
પહોળે પલંગે પ્રીતમ પોઢ્યા, પ્રેમ ધરીને જગાવોજી;
ભાવપ્રભસૂરિ કહે નહીં એ કથલો, અધ્યાતમ ઉપયોગીજી,
સિદ્ધાયિકા દેવી સાંનિધ્ય કરેવિ, સાધે તે શિવપદ ભોગીજી. ૪

---

૧૪ શ્રી સિદ્ધાચલજીની થોય.

જસાં એગણ્યોતેર કોડ કોડી, તેમ પંચાશી લખ વળી જોડી,
ચુંમાલીશ સહસ્સ કોડી; સમવસર્યા જિહાં એની વાર,
પૂર્વ નવાણું એમ પ્રકાર, નાભિ નરિંદ મલ્હાર. ૧

(સંયમ કૂટ) અષ્ટાપદ સાર, જિન ચોવીશ તણા મનુહાર,
પરશંના વિસ્તાર; વળી જિન બિંબ તણો નહિં પાર,
દેરી થકી બહુ આકાર, વંદું વિમલગિરિ સાર. ૨

શિવાદેવી નંદન, ત્રિજગ વંદન, ભવિક કમ
ગિરનાર ગિરિવર શિખર વંદું, શ્રી નેમિનાથ
અષ્ટાપદે શ્રી આદિજિનવર, વીર પાવા
વાસુપૂજ્ય ચંપા નયર સિદ્ધા, નેમ રેવ
સમેતશિખરે વીશ જિનવર, મુક્તિ પોહો
ચોવીશ જિનવર, નિત્ય વંદું, સયલ સં
અગ્યાર અંગ ઉપાંગ બાર, દશ પયન
છેદ ગ્રંથ પસત્થ સત્થા, ચાર મૂલ
અનુયોગ દ્વાર ઉદ્ધાર નંદીસૂત્ર જિન
વૃત્તિ ચૂર્ણિ ભાષ્ય પિસ્તાલીશ આગ
દોય દિશિ બાલક દોય જેહને, સદા ભ
દુઃખ હરિ અંબા લુંબ સુંદર, દુરિત
ગિરનાર મંડણ નેમિ જિનવર ચરણ
શ્રી સંઘ સુપ્રસન્ન મંગલ, કરો તે

—:(૦):—

૧૨ શ્રી નવતત્વની

જીવા જીવા પુણ્યને પાવા, આશ્રવ
સાતમે નિર્જરા આઠમે બંધ, નવ
એ નવે તત્તા સમકિત સત્તા, ભાંખે
ભુજનયણ મંડણ રિસહેસર, વંદો
ધમ્મા ધમ્માગાસા પુગ્ગલ, સમયા
નાણ વિન્નાણ શુભાશુભ યોગે, ચેત
ઇત્યાદિક ષટ્ દ્રવ્ય પ્રરૂપક,
ગ્રહ ઉઠી નિત્ય નમિયે વિધિશું, રિ
સૂક્ષ્મ બાદર દોએ એકેંદ્રી, બિ
તિવિહા પંચિંદિ પજ્જત્તા, અપ
સંસારી અસસારી સિદ્ધા, નિર
પન્નવણાદિક આગમ સુણતાં, લહિ
ભુવનપતિ વ્યંતર જ્યોતિષવર,

૮ સ્તવનો.

૧ શ્રી ચોવિશ જિન સ્તવન.

ભવિ તુમે વંદોરે, ચોવીસે જિનચંદા,
ગુણ ગણ કંદોરે, નમતાં જાય ભવફંદા;
ઋષભ અજિત સંભવ અભિનંદન, સુમતિનાથ સુખકંદા. ૧

પદ્મપ્રભુ સુપાર્શ્વ ચંદ્રપ્રભુ, સુવિધિ શીતલ સ્વામી,
શ્રેયાંસ વાસુપૂજ્ય વિમલ અનંત પ્રભુ, ધર્મનાથ સુખધામી. ભવિ૦ ૨

પંચમા છઠ્ઠા સાતમા ચક્રી, શાન્તિ કુંથુ અર દેવા;
એકજ ભવ માંહે દોય પદવી, એ પુણ્ય પ્રકૃતિના મેવા. ભવિ૦ ૩

મલ્લિ મુનિસુવ્રત નમિ નેમિ, પુરૂષા દાની પાસ;
વર્દ્ધમાન જિનવરને નામે, વર્દ્ધમાન સુખવાસ ભવિ૦ ૪

પુંડરિક પમુહા ગણધારી, ચાદ સયા બાવન.
લાખ અઠ્ઠાવીશ સહસ અડતાલીસ, મુનિવર પાવન મન. ભવિ૦ ૫

એક લાખ હજાર ઈકોતેર, અડસો કેવલનાણી.
એક લાખ ને તેત્રીશ સહસા, ચઉ સય અવધિ વન્નાણી ભવિ૦ ૬

મનપર્યવનાણી એક લાખ ને, અધિકા સહસ પ[illegible]યાલા.
પચસેં એકાણું જિન નમીએ. [illegible] ભવિ૦ ૭

તેત્રીશ સહસ નવસેં [illegible]
દો લાખ સહસ [illegible] ભવિ૦ ૮

એક લાખ છત્રીશ [illegible]
જિન મત [illegible] ભવિ૦ ૯

ઓગણીશ લાખ ને [illegible]
સવિ જિનના [illegible] ભવિ૦ ૧૦

લાખ ચુમ્માલીશ સહસ [illegible]
સાધ્વીનો પરિવાર [illegible] ભવિ૦ ૧૧

લાખ પંચાવન સહસ અડતાલીશ [illegible]
એક ક્રોડ પણ લાખ અડત્રીશ સહસ [illegible] ભવિ૦ ૧૨

ભાવિકો જિનના પડિકર. પ્રડ ઉઠી પ્રણમીજે;
જિમાવિજય પંડિત સુપસાયે, જિન પદ રંગ નમીજે. ભવિ૦ ૧૩

૨. શ્રી સિદ્ધાચલજીનું સ્તવન,

' આવો આમ પધારો પૂજ્ય. " એ દેશી.

આવો આવોને શાસ સુધા સુરસ મોરી;
આશા આશાની બાજ સુધા સુજન. મોરી. (ટેક)
શ્રી સિદ્ધાચલ નિરખી પધાર્યુ, પુણ્ય પુણ્ય પનોતી. આવો૦ ૧
પ્રથમ જિનેશ્વરને જઈ પૂજું, પહેરી નિર્મલ ધોતી;
હરખી હરખી જિન મુખ નિરખી, મુખને મરકે મોતી. આવો૦ ૨
પૂર્વ નવિન જે બહુ પાતીક, દુ:ખ દોહગ એવી;
પ્રભુ ગુણ ગાવું મોતનકી માલા, ભાવના ગુણગણ પરોવી. આવો૦ ૩
અનુભવ લીલા અતી પ્રગટી, પડિલ કરીય ન જોતી,
ધ્યાની ધ્યાન ક્રિયાનો અનુભવ, પ્રગટી નિરંજન જ્યોતિ. આવો૦ ૪
પૂજા વિવિધ પ્રકારે વિરચિત, ભવિજન ભાવે યાતિ,
નાટક ગીત કરતા મોહની, વલિત બાગા ફુલની. આવો૦ ૫
સિદ્ધાચલ નિરખી ભવ ભવની, [illegible]
બહુ સિદ્ધ લીધા અહીં [illegible] આવો૦ ૬
શિવસુંદરી વરવા વરમાળા, [illegible]
જ્ઞાનવિમલ ગણિ [illegible] આવો૦ ૭

૩. શ્રી શાન્તિ જિનેશ્વર સ્તવન.

' આવો આવોને નાથ, સુધા સુરસ મોરી. " એ દેશી.

સેવો સેવોને નાથ, શાન્તિ જિનેશ્વર સ્વામી,
[illegible] જિનવર [illegible] સ્વામી. સેવો૦ ૧
[illegible] સેવો૦ ૨

 નિર્વાણ સમય પ્રભુ જાણી, બહુ સાધુ પરિવારે;
તશિખરે પધાર્યા પ્રભુજી, આપ તરે પર તારે. સેવો૦ ૩
ં શિવ ચઢવાની નિસરણી, સમેતશિખર ગિરીંદા;
રોહે અલવેસર જિનવર, અચિરા રાણીનંદા. સેવો૦ ૪
સન પૂરી પરમેશ્વર, બેઠા ધ્યાન સમાધિ;
વર સમવસરણ તિહાં વિરચે, હેજશું હીયડું વાધે. સેવો૦ ૫
ાં બેસી ઉપદેશ દીયે પ્રભુ, નિસુણે અસુર સુરીંદા;
ર અનિત્ય સકલ ભવ માંહે, દીસે એ સવિ ફંદા. સેવો૦ ૬
મ કરશો મમતા મન માંહે, સહુ સંબંધે મલીયું;
ો ભવ માંહે રોકીને, કર્મ કટક એ બલીયું. સેવો૦ ૭
 કોણ ઘરનો ચેતન તાહરી, સમતા સુંદરી નારી;
 લાગ્યો મમતા ગણિકાશું, હોય રહ્યો ભિખારી. સેવો૦ ૮
ન સંગ તજે મમતાનો, કરો સમતાશું યારી;
તે જાતિ મીલે હોય લુગતું, અસરિસ સંગ નિવારી. સેવો૦ ૯
મ કરો કોઈ એહવું ધારી, બંધનો હેતુ નિવારી;
મ ભવસ્થિતિ છાંડી અતિ ભારી, વરીયે મુક્તિ સુનારી. સેવો૦ ૧૦



૪ શ્રી પરમાત્મ સ્તવન.

"દેવ તુજ સિદ્ધાન્ત મીઠો." એ દેશી.

કલ સમતા સુર લતાનો, તુંહી અનોપમ કંદરે;
ંહી કૃપારસ કનકકુંભો, તુંહી જિણંદ મુણીંદરે. ૧
ભુ તુંહી, તુંહી, તુંહી, તુંહી, તુંહી ધરતાં ધ્યાનરે;
જ સ્વરૂપી જે થયા, તેણે લહ્યું તાહરૂં તાનરે. પ્રભુ૦ ૨
ંહી અલગો ભવ થકી પણ, ભવિક તાહરે નામરે;
ાર ભવનો તેહ પામે, એહ અચરીજ ઠામરે. પ્રભુ૦ ૩
જન્મ પાવન આજ માહરો, નિરખીઓ તુજ નૂરરે;
ભવો ભવ અનુમોદનાજી, હુઓ આપ હજુરરે. પ્રભુ૦ ૪
એહ માહરે અખય આતમ, અસંખ્યાત પ્રદેશરે;
તાહરા ગુણ છે અનંતા, કિમ કરૂં તાસ નિવેશરે. પ્રભુ૦ ૫

એક એક પ્રદેશ તાહરે, ગુણ અનંતનો વાસરે;
એમ કરી તુજ સહજ મીલન, હુએ જ્ઞાન પ્રકાશરે. પ્રભુ૦ ૬
ધ્યાન ધ્યાતા ધ્યેય એકે, એકી ભાવ હોયે એમરે;
એમ કરતાં સેવ્ય સેવક, ભાવ હોએ ક્ષેમરે. પ્રભુ૦ ૭
શુદ્ધ સેવા તાહરી જે, હોય અચલ સ્વભાવરે;
જ્ઞાનવિમલ સુરીંદ પ્રભુતા, હોય સુજસ જમાવરે. પ્રભુ૦ ૮

૫ શ્રી પંચાસરા પાર્શ્વનાથનું સ્તવન.

"પ્રથમ જિનેશ્વર પ્રણમીએ." એ દેશી.

પરમાતમ પરમેશ્વર, જગદીશ્વર જિનરાજ,
જગબંધવ જગભાણ બલીહારી તુમ તણી,
ભવ જલધિમાં રે જહાજ. પરમા૦ ૧
તારક, વારક મોહનો, ધારક નિજ ગુણ ઋદ્ધિ;
અતિશયવન્ત ભદંત રૂપાળી શિવવધુ,
પરણી લહી નિજ સિદ્ધિ. પરમા૦ ૨
જ્ઞાન દર્શન અનંત છે, વલી તુજ ચરણ અનંત,
એમ દાનાદિ અનંત ક્ષાયિક ભાવે થયા,
ગુણ તે અનંતા અનંત. પરમા૦ ૩
બત્રીશ વર્ણ સમાય છે, એકજ શ્લોક મઝાર,
એક વર્ણ પ્રભુ તુજ ન માયે જગતમાં,
કેમ કરી ગુણીએ ઉદાર. પરમા૦ ૪
તુજ ગુણ કેણ ગણી શકે, જો પણ કેવલ હોય,
આવિર્ભાવે તુજ સકલ ગુણ માહરે,
પ્રચ્છન્ન ભાવથી જોય. પરમા૦ ૫
શ્રી પંચાસર પાસજી, અરજ કરૂં એક તુજ
આવિર્ભાવથી થાઓ કૃપાનિધિ,
કરુણા કીજીયે મુજ. પરમા૦ ૬
શ્રી જિન ઉત્તમ તાહરી, આણા અધિક મહારાજ;
તત્વવિજય કહે એહ છે શિવ નીસરણી,
અક્ષય અવિચલ રાજ. પરમા૦ ૭

૬ શ્રી સમ્મેતશિખરજીનું સ્તવન.

આજ સફલ દિન ઉગ્યો હો, શ્રી સમ્મેતશિખર ગિરિ ભેટીયો રે;
ઈ જાગ્યા પુન્ય અંકૂર, ભૂલ અનાદિની ભાંગી હો;
ખ લાગી સમકિત વાસના રે, કાંઇ પ્રગટ્યો આનંદ પૂર. આજ૦ ૧
વિષમ પહાડની ઝાડી હો; નદી આડી ઓલંઘી ઘણી રે;
કાંઇ ઓલંઘ્યા બહુ દેશ, શ્રી ગિરિરાજને નિરખી હો;
મન હરખી દુઃખડા વિસર્યાં રે, કાંઇ પ્રગટ્યો ભાવ વિશેષ. આજ૦ ૨
વીશ ટુંકે ભગતે હો, વલી વીશે જિનપતિ રે;
માં લેશ્યા ધરી બહુ ભાવ, શામલા પાસજી હો;
ત્વ મુક્યા મોહાદિક રિપુ રે, એ તીરથ ભવ જલ નાવ, આજ૦ ૩
તીરથસેવા મેવા હો, મુજ હેવા લેવાને ઘણું રે;
તે પ્રભુ પામ્યો આજ, ત્રણ ભુવન ઠકુરાઇ હો.
મુજ આઇ સઘલી હાથમાં રે, કાંઇ સિધ્યાં સઘળાં કાજ આજ૦ ૪
આશ પાસ મુજ પૂરે હો, દુઃખ ચુરે શામલીયો સદા રે;
ત્રેવીશમો જિનરાજ, એ પ્રભુના પદ પદ્મ.
સુખ પદ્મે મુજ મન મોહીયું રે. કવિ રૂપવિજય કહે. આજ૦ ૫

---

૭ શ્રી મહોવરા પાર્શ્વનાથ જિન સ્તવન.

(કડખાની દેશી [illegible])

તાર મુજ [illegible] ત્રિભુવન [illegible]
પાર ઉતાર [illegible]
પ્રાણ તું ત્રાણ તું [illegible]
આતમારામ [illegible] ૧
[illegible]
કામધર કામ [illegible]
સકલ [illegible] ૨
પાસ મહોવરે [illegible]
પુન્ય [illegible]



૧૨ શ્રી સંભવ જિન સ્તવન.

"એડલે ભાર ઘણો છે રાજ, થાંસુ પ્રેમ બન્યો છે રાજ" એ દેશી

સમકિત દાતા સમકિત આપો, મન માગે થઇ મીઠું;
છતી વસ્તુ દેતાં શું શોચો, મીઠું તે સહુએ દીઠું; ૧
પ્યારા પ્રાણ થકી છો રાજ, સંભવ જિનવર મુજને.
એમ મત જાણો જે આપે લહીએ, તો લાધ્યું શું લેવું;
પણ પરમારથ પ્રીછી આપે, તેહજ કહીએ દેવું. પ્યારા૦ ૨
એહ અર્થી હું અર્થ સમર્પક, એમ મત કરજો હાંસું;
પ્રગટ ન હતું તુમને પણ પહેલાં, એ હાંસાનું ખાંસું. પ્યારા૦ ૩
પરમ પુરૂષ તમે પ્રથમ ભજીને, પામ્યા એ પ્રભુતાઇ;
તેણે રૂપે તુમને ઇમ ભજીએ, તેણે તુમ હાથે વડાઇ. પ્યારા૦ ૪
તુમે સ્વામી હું સેવા કામી, મુજરે સ્વામી નિવાજે,
નહિ તો હઠ માંડી માંગતાં, સેવક કીણ વિધ લાજે. પ્યારા૦ ૫
જ્યોતે જ્યોત મીલે મત પ્રીછો, કોણ લેશે કોણ વરશે;
સાચી ભક્તિ ને હંસ તણી પરે, ખીર નીર નય કરશે. પ્યારા૦ ૬
ઓલગ દીધી લેખે આવી, ચરણે ભેટ પ્રભુ દીધી;
રૂપ વિબુધનો મોહન પભણે, રસના પાવન કીધી. પ્યારા૦ ૭

—૧૦૪—

૧૩ શ્રી આદિનાથનું સ્તવન.

સમકિત દ્વાર ગભારે પેસતાજી, પાપ પડલ ગયા દૂર રે;
માતા મરૂદેવીના લાડલોજી, દીઠો મીઠો આનંદ પૂર રે. સમકિત૦ ૧
આયુ વર્જિત સાતે કર્મનીજી, સાગર કોડાકોડી હીન કીધ રે;
સ્થિતિ પ્રથમ કરણે કરીજી, વીર્ય અપૂર્વ મોઘર લીધ રે. સમકિત.
ભૂંગળ ભાંગી આઘ કષાયનીજી, મિથ્યા મોહની સાંકળ સાથ રે,
બાર ઉઘાડ્યા શમ સંવેગનાજી. દીઠા શ્રી અનુભવ ભુવનનાથ રે.
સમકિત૦

તોરણ બાંધ્યું જીવદયા તણુંજી, સાથિયો પૂર્યો શ્રદ્ધા રૂપ રે.
ધૂપ ઘટા પ્રભુ ગુણ અનુમોદનાજી. દીપ મંગળ આઠ અનુપ રે
સમકિત

સંવર પાણી અંગ પખાલણેજી, કેસર ચંદન ઉત્તમ ધ્યાન રે;
આતમ રૂચી મૃગમદ મહમહેજી, પંચાચાર કુસુમ પ્રધાન રે.
સમકિત૦ ૫

ભાવ પૂજારે પાવન આત્માજી, પૂજો પરમેશ્વર પુણ્ય પવિત્ર રે.
કારણ જોગે કારજ નિપજેજી, ખિમાવિજય જિન આગમ રીત રે.
સમકિત૦ ૬

---

૧૪ શ્રી નેમિનાથ સ્તવન.

(અજીત જિણંદ શું પ્રીતડી, એ દેશી.)

પરમાતમ પૂરણ કલા, પૂરણ ગુણ હો પૂરણ જન આશ;
પૂરણ દ્રષ્ટિ નિહાલીયે, ચિત્ત ધરિયે હો અમચી અરદાસ. પ૦ ૧
સર્વ દેશ ઘાતી સહુ, અઘાતી હો કરી ઘાત દયાળ;
વાસ કીયો શિવ મંદિરે, મોહે વિસરી હો ભમતો જગજાળ. પ૦ ૨
જગતારક પદવી લહી, તાર્યા સહી હો અપરાધી અપાર;
તાત કહો મોહે તારતાં, કિમ કીની હો ઇણ અવસર વાર. પ૦ ૩
મોહ મહા મદ છાકથી, હું છકીયો હો નહિં શુદ્ધ લગાર;
ઉચિત સહી ઇણે અવસર, સેવકની હો કરવી સંભાળ. પ૦ ૪
મોહ ગયા જો તારશો, તિણવેળા હો કહા તુમ ઉપગાર;
સુખ વેળા સજ્જન ઘણાં, દુઃખ વેળા હો વિરલા સંસાર. પ૦ ૫
પણ તુમ દરિસન જોગથી, થયો હ્રદયે હો અનુભવ પરકાશ;
અનુભવ અભ્યાસી કરે, દુઃખદાયી હો સહુ કર્મ વિનાશ. પ૦ ૬
કર્મ કલંક નિવારીને, નિજ રૂપે હો રમે રમતા રામ.
લહત અપૂરવ ભાવથી, ઇણ રીતે હો તુમ પદ વિશ્રામ પ૦ ૭
ત્રિકરણ જોગ વિનવું, સુખદાયી હો શિવાદેવી નંદ;
ચિદાનંદ મનમેં સદા, તુમે આવો હો પ્રભુ નાણદિણંદ. પ૦ ૮

---

૧૫ સિદ્ધાચલજીનું સ્તવન.

માંભલજો તુમે અદ્ભુત વાતો એ દેશી

બાપડડાં રે પાતિકડાં તુમે, શું કરશો હવે રહીને;
શ્રી સિદ્ધાચલ નયણે નિરખ્યો, દૂર જાઓ તમે વહીને રે. બાપડડાં. ૧
કાલ અનાદિ તણી તુમ સાથે, પ્રીત કરી નિર વહીને;
આજ થકી પ્રભુ ચરણે રહેવું, એમ શિખવીયું મનને રે. બાપડડાં. ૨
દુઃસમ સમયે ઇણે ભરતે, મુક્તિ નહી સંઘયણને;
પણ તુમ ભક્તિ મુક્તિને ખેંચે, ચમક ઉપલ જેમ લોહને રે. બાપડડાં. ૩
શુદ્ધ સુવાસન ચૂરણ આપ્યું, મિથ્યા પંક શોધનને;
તેહથી આતમ થયો મુજ નિર્મલ, આણંદ તુજ ભજનનેરે. બાપડડાં૦ ૪
અખય નિધાન તુજ સમકિત પામી, કુણ વછે ચલ ધનને;
શાંત સુધારસ નયણ કચોલે, સીંચો સેવક તનને રે. બાપડડાં૦ ૫
બાહ્ય અભ્યંતર શત્રુ કેરો, ભય નહી મુજ મનને;
સેવક સુખીઓ સુજસ વિલાસી, એ મહિમા સવિ તુજનેરે. બાપડડાં૦ ૬
નામ મંત્ર તુમારો સાધ્યો, એ થયો જગ મોહનને;
તુજ મુખ મુદ્રા નિરખી હરખુ, ચાતક જેમ જલધારને રે બાપડડાં૦ ૭
તુજ વિણ અવર દેવ ન ધ્યાવું, ફરી ફરી આ મનને;
જ્ઞાનવિમલ કહે ભવજલ [illegible]રો, સેવક બાહી ગ્રહીને રે બાપડડાં૦ ૮

૧૬ શ્રી અજિતનાથજી સ્તવન.

[illegible]

પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદ શું.
કાંઇ પ્રભુ પાખે ક્ષણ એક મન ન સુહાયજો.
ધ્યાનની તાલી રે લાગી નેહ શું.
જલદ ઘટા જિમ શિવસુત વાહન દાયજો. પ્રીતલડી૦
નેહઘેલું મન મારૂં રે પ્રભુ અલજે [illegible].
તન મન ધન એ કારણથી પ્રભુ મુજ [illegible].

મારે તો આધાર રે સાહિબ રાવલો,
અંતરગતનું પ્રભુ આગલ કહ્યું ગુંજજો. પ્રીતકડી૦ ૨

સાહેબ તે સાચો રે જગમાં જાણીએ,
સેવકના જે સહેજે સુધારે કાજ જો;
એહવેને આચરશે કેમ કરીને રહું,
બિરૂદ તુમારો તારણ તરણ જહાજ જો. પ્રીતકડી૦ ૩

તારકતા તુજ માંહે રે શ્રવણે સાંભલી,
તે ભણી હું આવ્યો છું દીન દયાલ જો;
તુજ કરૂણાની લહેરે રે મુજ કારજ સરે,
શું ઘણું કહીએ જાણ આગલ કૃપાલ જો. પ્રીતકડી૦ ૪

કરૂણા દ્રષ્ટિ કીધી રે સેવક ઉપરે,
ભવ ભવ ભાવઠ ભાંગી ભક્તિ પ્રસંગ જો;
મન વંછિત ફલીયાં રે જિન આલંબને,
કર જોડીને મોહન કહે મન રંગ જો. પ્રીતકડી૦ ૫

૧૭ શ્રી સિમંધર જિન વિનતિ સ્તવન.

પ્રભુ નાથ તું તિય લોકનો, પ્રત્યક્ષ ત્રિભુવન ભાણ;
સર્વજ્ઞ સર્વદર્શી તુમે, તુમે શુદ્ધ સુખની ખાણ.
જિનજી વિનતી છે એહ. ૧

પ્રભુ જીવ જીવન ભવ્યના, પ્રભુ મુજ જીવન પ્રાણ;
તાહરે દર્શને સુખ લહું, તુંહિ જગત સ્થિતિ જાણ જિનજી૦ ૨

તુજ વિના હું બહુ ભવ ભમ્યો, ધર્યા વેશ અનેક;
નિજ ભાવને પરભાવનો, જાણ્યો નહિ સુવિવેક. જિનજી૦ ૩

ધન્ય તેહ જે નિત્ય પ્રહસમે, દેખે જિન મુખચંદ;
તુજ વાણી અમૃત રસ લહી, પામે તે પરમાનંદ. જિનજી૦ ૪

એક વચન શ્રી જિનરાજનો, નયગમ ભંગ પ્રમાણ,
જે સુણે રૂચિથી તે લહે, નિજ તત્વ સિદ્ધિ અમાન. જિનજી૦ ૫

જે ક્ષેત્ર વિચરે નાથજી, તે ક્ષેત્ર અતિ સુપસથ્ય;
તુજ વિરહ જે ક્ષણ જાય છે, તે માનીયેં અકયથ્થ. જિનજી૦ ૬

[illegible] ૭

[illegible] ૮

[illegible] ૯

[illegible] ૧૦

[illegible] ૧૧

[illegible] ૧૨

[illegible] ૧૩

[illegible] ૧૪

[illegible]

પ્રભુ સિદ્ધ બુદ્ધ મહોદયી, ધ્યાને થઈ લયલીન:
નિજ દેવચંદ્ર પદ આદરે, નિત્યાત્મ રસ સુખ પીન. જિન૦ ૨૧

૧૮ શ્રી આંબિલની ઓળીનું સ્તવન.

અવસર પામીને રે, કીજે નવ આંબિલની ઓલી;
ઓલી કરતાં આપદ જાયે, ઋદ્ધિ સિદ્ધિ લહીએ બહુલી. અવસર૦ ૧
આશો ને ચૈત્રે આદરશું, સાતમથી સંભાલી રે;
આલસ મ્હેલી આંબિલ કરશે, તસ ઘર નિત્ય દીવાલી. અવસર૦ ૨
પૂનમને દિને પૂરી થાતે, પ્રેમશું પખાલી રે;
સિદ્ધચક્રને શુદ્ધ આરાધી, જાપ જપે જપમાલી. અવસર૦ ૩
દેહરે જઈને દેવ જુહારો, આદીશ્વર અરિહંત રે;
ચોવિશે ચાહીને પૂજો, ભાવશું ભગવંત. અવસર૦ ૪
બે ટંકે પડિક્કમણું બોલ્યું, દેવ વંદન ત્રણ કાલ રે;
શ્રી શ્રીપાલ તણી પરે સમજી, ચિત્તમાં રાખો ચાલ. અવસર૦ ૫
સમકિત પામી અંતરજામી, આરાધો એકાંતરે;
સ્યાદ્વાદ પંથે સંચરતા, આવે ભવનો અનંત. અવસર૦ ૬
સત્તર ચોરાણુંયે શુદિ ચૈત્રીયે, બારસે બનાવી રે;
સિદ્ધચક્ર ગાતાં સુખ સંપત્તિ, ચાલીને ઘેર આવી. અવસર૦ ૭
ઉદયરત્ન વાચક એમ જંપે, જે નર નારી ચાલી રે;
ભવની ભાવઠ તે ભાંગીને, મુક્તિ પુરીમાં મ્હાલે. અવસર૦ ૮

---

૧૯ પડાવશ્યક (તિક્રમણ) સ્તવન.

દુહા.

ચોવિશે જિનવર નમું, ચતુર ચેતન કાજ
આવશ્યક જેણે ઉપદિશ્યા, તે ગુણશું જિનરાજ. ૧
આવશ્યક આરાધીને, દિવસ પ્રત્યે દોય વાર,
દુરિત દોષ દૂરે ટલે, એ આતમ ઉપકાર. ૨

સામાયિક ચઉવિસથ્થો, વંદન પડિક્કમણેણ;
કાઉસ્સગ્ગ પચ્ચખ્ખાણ કર, આતમ નિર્મળ એણ. ૩

ઝેર જાય જિમ જાંગુલી, મંત્ર તણે મહિમાય;
તેમ આવશ્યક આદર્યે, પાતિક દૂર પલાય. ૪

ભાર તજી જેમ ભારવહિ, હેઠે હલુઓ થાય,
અતિચાર આલોવતાં, જન્મ દોષ તેમ જાય. ૫

ઢાળ પેહેલી—કપુર હોએ અતિ ઉજ્વલો એ દેશી.

પહેલું સામાયિક કરો રે, આણી સમતા ભાવ;
રાગ રોષ દૂરે કરી રે, આતમ એહ સ્વભાવ રે;
પ્રાણી સમતા છે ગુણ ગેહ, એતો અભિનવ અમૃત મેહરે. પ્રા૦ ૧

આપો આપ વિચારીએ રે, રમીએ આપ સ્વરૂપ;
મમતા જે પર ભાવની રે, નિરમો તે વિષ કૂપ રે. પ્રાણી૦ ૨

ભવ ભવ મેલી મૂકીઓ રે, ધન કુટુંબ સંજોગ;
વાર અનંતી અનુભવ્યા રે, સવિ સંજોગ વિજોગ રે. પ્રાણી૦ ૩

શત્રુ મિત્ર જગ કો નહિ રે સુખ દુઃખ માયા જાળ.
જો જાગે ચિત્ત ચેતના રે તો સવિ દુઃખ વિસરાલ રે. પ્રાણી૦ ૪

સાવદ્ય યોગ સવિ પરિહરી રે, એ સામાયિક રૂપ.
હુવા એ પરિણામથી, [illegible] સિદ્ધ અનંત સરૂપ [illegible] પ્રાણી૦ ૫

ઢાલ બીજી—નાહિલીનીની દેશી.

આદીશ્વર આરાધીએ, [illegible] રે, [illegible] તો
અભિનંદન [illegible] [illegible] તો ૧
સુમતિ પદ્મપ્રભુ પૂજીએ, [illegible] તો
ચંદ્રપ્રભ જિન ધારીએ, [illegible] રે
શીતલ શ્રેયાંસ જિનમણિ [illegible] તો
વાસુપૂજ્ય સુર પૂજિયા [illegible] વિમલ વિમલ [illegible] તો

કરૂં અનંત ઉપાસના, સા૦ ધર્મ ધર્મ ધુર ધીર તો;
શાંતિ કુંથુ અર મલ્લિ નમું, સા૦ મુનિસુવ્રત વડ વીર તો. ૪
ચરણ નમું નમિનાથના, સા૦ નેમિશ્વર કરૂં ધ્યાન તો;
પાર્શ્વનાથ પ્રભુ પૂજીએ, સા૦ વંદું શ્રી વર્દ્ધમાન તો. ૫
એ ચોવિશે જિનવરા, સા૦ ત્રિભુવન કરણ ઉદ્યોત તો;
મુક્તિપંથ જેણે દાખવ્યો, સા૦ નિર્મલ કેવલ જ્યોત તો. ૬
સમકિત શુદ્ધ એહથી હોજો, સા૦ લીજે ભવનો પાર તો;
બીજું આવશ્યક કરિયું, સા૦ ચઉવિસત્થો સાર તો. ૭



ઢાલ ત્રીજી. "ગિરિમાં ગોરો ગીરૂઓ." એ દેશી.

બે કર જોડી, બે કર જોડી, ગુરૂ ચરણે દીઓ વાંદણાં રે;
આવશ્યક પચવીશ ધારો રે, ધારો રે, દોષ બત્રીશ નિવારીએ રે. ૧
ચાર વાર, ચાર વાર, ગુરૂ ચરણે મસ્તક નામીએ રે;
બાર ક્રિયાવર્ત ખામો રે, ખામો રે, વલી તેત્રીશ આશાતના રે. ૨
ગીતાર્થ, ગીતાર્થ, ગુણ ગીરૂઆ ગુરૂને વંદતાં રે;
નીચ ગોત્ર ક્ષય જાય, થાયેરે, થાયેરે, ઉચ્ચ ગોત્રની અર્જના રે. ૩
આણ ઉલ્લંઘ, આણ ઉલ્લંઘે, કોઇ ન જગમાં તેહની રે;
પરભવ લહે સૌભાગ્ય, ભાગ્ય ગે, ભાગ્ય રે, દીપે જગમાં તેહનું રે. ૪
કૃષ્ણ રાયે, કૃષ્ણ રાયે, મુનિવરને દીધાં વાંદણાં રે;
ક્ષાયક સમકિત સાર, પામ્યા રે, પામ્યા રે, તીર્થંકર પદ પામરે. ૫
શીતલા ચારજ શીતલા ચારજ, જેમ ભાલે સહુ જગે રે;
દ્રવ્ય વાંદણાં દીધ ભાવે રે ભાવે રે, દેતા વલી કેવલ લહ્યું રે. ૬
એ આવશ્યક એ આવશ્યક, ત્રીજું એણી પરે;
ગુરૂ વંદન અધિકાર કરજો રે કરજો રે, વિનય ભક્તિ ગુણવંતની રે. ૭

——(૦)——

ઢાલ ચોથી. "જયો જિન વીરજી એ." એ દેશી.

જ્ઞાનાદિક જિનવર કહ્યા, એ જે પંચે આચાર તો;
દોષ વાર તે દિન પ્રતે એ, પડિક્કમીએ અતિચાર જયો જિન વીરજીએ.૧

આલોચીને પડિક્કમીએ, મિચ્છામિ દુક્કડં દેય તો;
મન વચ કાય શુદ્ધ કરીએ, ચારિત્ર ચોખ્ખું કરેય. જયો૦ ૨
અતિચાર શલ્ય ગોપવે એ, ન કરે દોષ પ્રકાશ તો;
મચ્છીમલ્લ તણી પરે એ, તે પામે પરિહાસ. જયો૦ ૩
શલ્ય પ્રકાશે ગુરુમુખે એ, હોવે તસ ભાવ વિશુદ્ધ તો;
તે દુઃશીઆર હારે નહિ એ, કરે કર્મશું જુદ્ધ. જયો૦ ૪
અતિચાર એમ પડિક્કમી એ, કરો ધર્મ નિઃશલ્ય તો;
જિત પતાકા તેમ વરો એ, જેમ જગ ફલહીમલ્લ. જયો૦ ૫
"વંદિતુ" વિધિશું કહ્યો એ. તેમ પડિક્કમણા સૂત્ર તો;
ચોથું આવશ્યક ઇસ્યું એ, પડિક્કમણ સૂત્ર પવિત્ર. જયો૦ ૬

ઢાલ પાંચમી. "જન્મ જરા મરણે કરીએ." એ દેશી.

...વ વિચક્ષણ જેમ હરે એ, પહેલાં સાલ વિકાર તો;
...વ શેષ પછી રૂઝવા એ, કરે ઓસડ ઉપચાર તો; ૧
...તિચાર મણ રૂઝવા એ, કાઉસ્સગ્ગ તેમ હોય તો;
... પરૂવ સંજમ હુવે એ, દૂષણ ન રહે કોય તો. ૨
...ાની ચિન્તા કરીએ, ચપલ ચિત્ત કરે દગ તો;
...ન જોગ સવિ પરિહરીએ, રમીએ આતમરામ તો. ૩
... ઉસાસાદિક કરી એ. જે સોલે આગાર તો.
...વિના સવિ પરિહરે એ, દેહ તણો વ્યાપાર તો. ૪
...શ્યક એ પાંચમું એ પંચમી ગતિ દાતાર તો.
...ગુણે આરાધીએ એ લહીએ ભવનો પાર તો ૫

ઢાલ છઠ્ઠી. "ચેતન જ્ઞાન અજુઆલીએ" એ દેશી.

...પચ્ચખ્ખાણ આરાધજો. એહ છે મુક્તિનું હેત રે.
...ી લાલચ પરિહરે, ચતુર તું ચિત્તમાં ચેત રે. સુગુણ૦ ૧
...હ્યું મણ રૂઝવ્યું. ગઇ વેદના દૂર રે.
...યાં પથ્ય ભોજન થકી, વધે દેહ તેમ નૂર રે. સુગુણ૦ ૨

તેમ પડિક્કમણ કાઉસ્સગ્ગથી, ગયો દોષ સવિ દુષ્ટ રે;
પછી પચ્ચખ્ખાણ ગુણ ધારણે, હોયે ધર્મ તણી પુષ્ટ રે. સુગુણ૦ ૩
એહથી કર્મ કાદવ ટલે, એહ છે સંવર રૂપ રે;
અવિરતિ કૂપથી ઉદ્ધરે, તપ અકલંક સરૂપ રે. સુગુણ૦ ૪
પૂર્વ જન્મે તપ આચર્યો, વિશલ્યા થઇ નાર રે;
જેહના ન્હવણના નીરથી, શમે સકલ વિકાર રે. સુગુણ૦ ૫
રાવણે શક્તિ શસ્ત્રો હણ્યો, પડયો લક્ષ્મણ સેજ રે;
હાથ અડતાં સચેતન થયો, વિશલ્યા તપ તેજ રે. સુગુણ૦ ૬
છઠ્ઠું આવશ્યક જે કહ્યું, એહવું તે પચ્ચખ્ખાણ રે;
છએ આવશ્યક જેણે કહ્યા, નમું તેહ જગભાણ રે સુગુણ૦ ૭

કલશ.

તપગચ્છ નાયક મુક્તિદાયક, શ્રી વિજય દેવ સૂરીશ્વરો;
તસ પદ દીપક મોહજીપક, શ્રી વિજય પ્રભ સૂરિ ગણધરો. ૧
શ્રી કીર્તિવિજય ઉવજ્ઝાય સેવક, વિનયવિજય વાચક કહે;
ષડાવશ્યક, જે આરાધે, તેહ શિવ સંપદ લહે. ૨

---

૨૦ શ્રી આરાધનાનું સ્તવન.

દોહા—સકલ સિદ્ધિ દાયક સદ, ચોવીશે જિનરાય;
સહગુરૂ સામિની સરસતી, પ્રેમે પ્રણમું પાય. ૧
ત્રિભુવનપતિ ત્રિશલા તણો, નંદન ગુણ ગંભીર;
શાસનનાયક જગ જયો, વર્દ્ધમાન વડવીર. ૨
એક દિન વીર જિણંદને, ચરણે કરી પરણામ;
ભવિક જીવના હિત ભણી, પૂછે ગૌતમસ્વામ. ૩
મુક્તિમાર્ગ આરાધીયે, કહો કિણ પરે અરિહંત;
સુધા સરસ તવ વચન રસ, ભાખે શ્રી ભગવંત. ૪
અતિચાર આલોઇયે, વ્રત ધરીયે ગુરૂ સાખ;
જીવ ખમાવો સયલ જે, યોનિ ચોરાશી લાખ. ૫

વિધિશું વલી પોસિરાવીએ, પાપસ્થાન અઢાર;
ચાર શરણ નિત્ય અનુસરો, નિંદો દુરિત આચાર. ૬
શુભ કરણી અનુમોદીયે, ભાવ ભલો મન આણ;
અણસણ અવસર આદરી, નવ પદ જપો સુજાણ. ૭
શુભગતિ આરાધન તણા, એ છે દશ અધિકાર;
ચિત્ત આણીને આદરો, જેમ પામો ભવપાર. ૮

ઢાલ પહેલી

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વીરજ, એ પાંચે આચાર,
એહ તણા ઇહ ભવ પરભવના, આલોઇયે અતિચાર રે.
પ્રાણી જ્ઞાન ભણો ગુણખાણી, વીર વદે એમ વાણી રે. પ્રા૦ ૧
ગુરુ ઓળવીયે નહિ ગુરુ વિનયે, કાલે ધરી બહુમાન,
સૂત્ર અર્થ તદુભય કરી સુધા, ભણીયે વહી ઉપધાન રે. પ્રા૦ ૨
જ્ઞાનોપગરણ પાટી પોથી, ઠવણી નોકરવાળી,
તેહ તણી કીધી આશાતના, જ્ઞાનભક્તિ ન સંભાળી રે. પ્રા૦ ૩
ઇત્યાદિક વિપરીતપણાથી, જ્ઞાન વિરાધ્યું જેહ,
આ ભવ પરભવ વળિય ભવોભવ, મિચ્છામિ દુક્કડ તેહ રે. પ્રા૦ ૪
પ્રાણી સમકિત લ્યો શુદ્ધ જાણી, જિનવચને શંકા નવિ કીજે,
નવિ પરમત અભિલાખ,
સાધુ તણી નિંદા પરિહરજો, ફલ સંદેહ મ રાખ રે. પ્રા૦ સ૦ ૫
મૂઢપણું છોડો પરશંસા, ગુણવંતને આદરિયે,
[illegible] પ્રા૦ સ૦ ૬
[illegible]
[illegible] પ્રા૦ સ૦ ૭
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

ાવકને ધર્મે સામાયિક, પોસહમાં મન વાલી;
જે જયણા પૂર્વક જે આઠે પ્રવચન માય ન પાલી રે. પ્રા૦ ચા૦ ૧૦
ઇત્યાદિક વિપરીતપણાથી, ચારિત્ર ડોહ્યું જેહ.
આ ભવ૦ મિચ્છા૦ પ્રા૦ ચા૦ ૧૧
ારે ભેદે તપ નવિ કીધું, છતે યોગે જિન શક્તે;
ર્મે મન વચ કાયા વીરજ; નવિ ફોરવીઉં ભગતે રે. પ્રા૦ ચા૦ ૧૨
ાપ વીરજ આચારે એણી પરે, વિવિધ વિરાધ્યા જેહ;
આ ભવ૦ મિચ્છા૦ પ્રા૦ ચા૦ ૧૩
લિય વિશેષે ચારિત્ર કેરા અતિચાર આલોઇયે;
ીર જિણેસર વયણ સુણીને, પાપ મયલ સવિ ધોઇયે રે. પ્રા૦ ચા૦ ૧૪

——:(૦):——

ઢાલ બીજી.

ૃથિવી પાણી તેઉ, વાઉ વનસ્પતિ, એ પાંચે થાવર કહ્યાં એ;
રી કરસણ આરંભ, ખેત્ર જે ખેડીઆં, કૂવા તલાવ ખણાવીયા એ. ૧
ર આરંભ અનેક. ટાંકાં ભોંયરાં, મેડી માલ ચણાવીયા એ;
લીંપણ ગુંપણ કાજ, એણી પરે પરપરે પૃથિવીકાય વિરાધીયા એ. ૨
ાયણ નાહણ પાણી; ઝીલણ અપકાય, છોતી ધોતી કરી દૂહવ્યાં એ;
ાઠીગર કુંભાર, લોહ સોવનગરા, ભાડભુંજા લિહાલાગરા એ. ૩
ાપણ શેકણ કાજે, વસ્ત્ર નિખારણ, રંગણ રાંધણ રસવતી એ;
ેણી પરે કર્માદાન, પરે પરે કેલવી, તેઉ વાઉ વિરાધીયા એ. ૪
ાડી વન આરામ, વાવી વનસ્પતિ, પાન ફૂલ ફલ ચુંટીયાં એ;
ાંખ પાંપડી શાક, શેક્યાં સૂકવ્યાં, છેદ્યાં છુંદ્યાં આથીયાં એ. ૫
ાલસીને એરંડ, ઘાણી ઘાલીને, ઘણા તલાદિક પીલિયા એ,
ાલી કોલુ માંહિ, પીલી શેલડી, કંદ મૂલ ફલ વેચીયાં એ. ૬
ેમ એકેંદ્રિય જીવ, હણ્યા હણાવીયા. હણતાં જે અનુમોદીયા એ;
ા ભવ પરભવ જેહ, વલિય ભવોભવે, તે મુઝ મિચ્છામિ દુક્કડં એ ૭
ામી સરમીયાં કીડા, ગાડર ગંડોલા, એલ પૂરા અલસીયાં એ;
ાલા જલો ચુડેલ, વિચલિત રસતણા, વલી અથાણાં પ્રમુખનાં એ, ૮

એમ બેઇંદ્રિય જીવ; જે મેં દુહવ્યા, તે મુજ૦
ઉદેહી જૂ લીખ, માંકડ મંકોડા, ચાંચડ કીડી કુંથુઆ એ. ૯
ગદ્દહીયાં ઘીમેલ, કાનખજૂરડા, ગીંગોડા ધનેરીયાં એ,
એમ તેઇંદ્રિય જીવ, જે મેં દુ૦; તે મુજ૦ ૧૦
માખી મચ્છર ડાંસ, મસા પતંગીયા, કંસારી કોલિયાવડા એ;
ઢીંકણ વીંછુ તીડ, ભમરા ભમરીયો, કોંતા બગ ખડમાંકડી એ ૧૧
એમ ચૌરિંદ્રિય જીવ, જે મેં દુ૦; તે મુજ૦
જળમાં નાખી જાળ, જળચર દુહવ્યા, વનમાં મૃગ સંતાપીયા એ. ૧૨
પીડ્યા પંખી જીવ, પાડી પાસમાં, પોપટ ઘાલ્યા પાંજરે એ;
એમ પંચેંદ્રિય જીવ, જે મેં૦; તે મુજ૦ ૧૩

ઢાલ ત્રીજી

ક્રોધ લોભ ભય હાસ્યથી જી, બોલ્યાં વચન અસત્ય;
કૂડ કરી ધન પારકાં જી, લીધાં જેહ અદત્ત રે; જિનજી. ૧
મિચ્છામિ દુક્કડ આજ, તુમ સાખે મહારાજ રે જિનજી૦
દેઈ સારૂં કાજ રે, જિનજી, મિ૦ એ ટેક.
દેવ મનુજ તિર્યંચનાં જી, મૈથુન સેવ્યાં જેહ;
વિષયારસ લંપટપણે જી, ઘણું વિડંબ્યો દેહ રે. જિ૦ મિ૦ ૨
પરિગ્રહની મમતા કરી જી, ભવ ભવ મેલી આથ.
જે જિહાંની તે તિહાં રહી જી. કોઈ ન આવી સાથ રે જિ૦ મિ૦ ૩
રયણી ભોજન જે કર્યાં જી, કીધાં ભક્ષ અભક્ષ
રસના રસની લાલચે જી પાપ કર્યાં પ્રત્યક્ષ રે જિ૦ મિ૦ ૪
વ્રત લેઈ વિસારીયાં જી વળી ભાંગ્યાં પચ્ચક્ખાણ
કપટ હેતુ કિરિયા કરી જી કીધાં આપ વખાણ રે જિ૦ મિ૦ ૫
ત્રણ ઢાળ આઠે દુહે જી આલોયા અતિચાર
શિવગતિ આરાધનતણો જી એ પહેલો અધિકાર રે જિ૦ મિ૦ ૬

સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુણ્યનાં કામ;
છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ. ધ૦ ૮

ભાવ ભલી પરે ભાવીયે, એ ધર્મનો સાર;
શિવગતિ આરાધન તણો, એ આઠમો અધિકાર. ધ૦ ૯



ઢાલ સાતમી.

હવે અવસર જાણી, કરીયે સંલેખણ સાર,
અણસણ આરાધી, પચ્ચખ્ખી ચાર આહાર;
લલુતા સવિ મૂકી, છાંડી મમતા અંગ,
એ આતમ ખેલે, સમતા જ્ઞાન તરંગ. ૧

ગતિ ચારે કીધા, આહાર અનંત નિઃશંક;
પણ તૃપ્તિ ન પામ્યો, જીવ લાલચીઓ રંક;
દુલહો એ વલી વલી, અણસણનો પરિણામ;
એહથી પામીજે, શિવપદ સુરપદ ઠામ. ૨

ધન ધન્ના શાલિભદ્ર, ખંધો મેઘ કુમાર;
અણસણ આરાધી, પામ્યા ભવનો પાર;
શિવમંદિર જાસે, કરી એક અવતાર;
આરાધન કેરો, એ નવમો અધિકાર. ૩

દશમે અધિકારે, મહામંત્ર નવકાર;
મનથી નવિ મૂકો, શિવસુખ ફલ સહકાર;
એ જપતાં જાએ, દુર્ગતિ દોષ વિકાર,
સુપરે એ સમરો, ચઉદ પૂરવનો સાર. ૪

જન્માન્તરે જાતાં જો પામે નવકાર,
તો પાતક ગાલી. પામે સુર અવતાર,
એ નવપદ સરિખો, મંત્ર ન કોઇ સાર;
ઇહ ભવ ને પરભવે, સુખ સંપત્તિ દાતાર. ૫

જુઓ ભીલ ભીલડી, રાજા રાણી થાય,
નવપદ મહિમાથી, રાજસિંહ મહારાય.
રાણી રત્નવતી બેહુ, પામ્યા છે સુરભોગ;
એક ભવથી લેશે, સિદ્ધિવધૂ સંયોગ. ૬

શ્રીમતીને એ વળી, મંત્ર ફળ્યો તત્કાલઃ
ફણિધર ફીટીને, પ્રગટ થઈ ફુલમાલઃ
જિનકુમારે પામી, સોવનપુરિયા સીધઃ
એમ એણે મંત્રે, કાજ ઘણાંનાં સિદ્ધ. ૭
એ દશ અધિકારે, વીર જિનેસર ભાખ્યો;
આરાધન કેરો વિધિ, જેણે ચિત્તમાં રાખ્યો;
તેણે પાપ પખાળી, ભવ ભય દૂરે નાખ્યો;
જિન વિનય કરંતા, સુમતિ અમૃતરસ ચાખ્યો. ૮

ઢાલ આઠમી.

સિદ્ધારથ રાય કુલતિલો એ, ત્રિશલા માત મલ્હાર તો;
અવનીતલે તુમે અવતર્યા એ, કરવા અમ ઉપગાર. જયો જિન વીરજીએ ૧
મેં અપરાધ કર્યા ઘણા એ, કહેતાં ન લહું પાર તો,
તુમ ચરણે આવ્યા ભણી એ, જો તારે તો તાર. જ૦ ૨
આશ કરીને આવીયો એ, તુમ ચરણે મહારાજ તો.
આવ્યાને ઉવેખશો એ, તો કેમ રહેશે લાજ. જ૦ ૩
ચિદાનંદ ચેતન ગુરુગમ વિન, મૃગ તૃષ્ણા ધરી ધાવે રે. વ૦ ૬

---

૧૯ અધ્યાત્મિક પદ.

સુણો ચંદાજી. એ દેશી.

હો પ્રીતમજી પ્રીતકી રીત અનિત્ય તજી ચિત્ત ધારીયેં;
હો વાલમજી વચન તણો અતિ ઉંડો મરમ વિચારીયેં. એ આંકણી.
તુમેં કુમતિક ઘર જાવો છો, નિજ કુલમેં ખોટ લગાવો છો;
ધિક એઠ જગતની ખાવો છો હો પ્રી૦ ૧
તમેં ત્યાગ અમી વિષ પીયો છો, કુગતિનો મારગ લીયો છો.
એ તો કાજ અજુગતો કીયો છો હો પ્રી૦ ૨
એ તો મોહનૃપકી ચેટી છે, શિવ નૃપત્તિ અદર્શ. છેટી છે.
એ તો નાકન્તે નકપેટી છે હો પ્રી૦ ૩
એક શા મેં મન આવી છે. કિસ વિધ એ તુમ ચિત્ત ભાવી છે.
એતો ડાકણ જગને ચાખી છે હો પ્રી૦ ૪
નવ ઋદ્ધિ તુમારી બાદ છે કરી કામણ મનિ ભરમાદ છે
તુમ પુણ્ય જોગે એ પાદ છે હો પ્રી૦ ૫
મન જન્મ કાજ ખાવલ ખોવો. અનુપમ ભવ વિરથા નવિ ખોવો.
અમ ખોલ નયણ પ્રગટ જોવો હો પ્રી૦

ઇણવિધ સમતા બહુ સમજાવે, ગુણ અવગુણ કહી સહુ દરસાવે;
સુણી ચિદાનંદ નિજ ઘર આવે, હો પ્રી૦ ૭

૨૦ શ્રી જિનવાણી મહિમા પદ.

હો કુંથુજિન મનડું કિમહી ન બાઝે. એ દેશી.

અનુભવ અમૃત વાણી હો, પાસ જિન. અ૦
સુરપતિ ભયો જે નાગ શ્રીમુખથી. તે વાણી ચિત્ત આણી હો. પા૦ ૧
સ્યાદવાદ મુદ્રા મુદ્રિત શુચિ, જિમ સુરસરિતા પાણી;
અંતર મિથ્યાભાવલતા જે, છેદણ તાસ કૃપાણી હો. પા૦ ૨
અહોનિશ નાથ અસંખ્ય મલ્યા તિમ, તિર્યંચ છે અચરિજ એહી
લોકાલોક પ્રકાશ અંશ જસ, તસ ઉપમા કહો કેહી હો. પા૦ ૩
વિરુદ્ધ વિયોગ હરણી એ દંતી, સંધી વેર મિલાવે;
યાહી અનેક અવંચકતાથી, આણા વિમુખ કહાવે હો. પા૦ ૪
અક્ષર એક અનંત અંશ જિહાં, લેપ રહિત મુખ ભાખ્યો;
તાસ ક્ષયોપશમ ભાવ વધ્યાથી, શુદ્ધ વચન રસ ચાખ્યો હો. પા૦ ૫
ચાખ્યાથી મન તૃપ્ત થયું નવિ, શે માટે લોભાવ્યા;
કર કરુણા કરુણારસ સાગર, પેટ ભરી તે પાવો હો. પા૦ ૬
એ લવલેશ લહ્યાથી સાહિબ, અશુભ યુગલગતિ વારી,
ચિદાનંદ વામાસુત કેરી, વાણીની બલિહારી હો. પા૦ ૭

૨૧ હિતશિક્ષા પદ.

રાગ [illegible]

પૂરવ પુણ્ય ઉદય કરી ચેતન, નીકા નરભવ પાયા રે પૂ૦
એ આંકણી.
દીનાનાથ દયાલ દયાનિધિ, દુર્લભ અધિક બતાયા રે,
દશ દૃષ્ટાંતે દોહિલો નરભવ, ઉત્તમ કુલમેં પાયા રે પૂ૦ ૧
અવસર પાય વિષય રસ રાચત, તે તો મૂઢ કહાયા રે,
કાગ ઉડાવણ કાજ વિપ્ર જિમ, ડાર મણિ પછતાયા રે. પૂ૦ ૨

નદી પોલ પાખાન ન્યાય કર, અર્દ્ધવાટ તો આયા રે,
અર્દ્ધ સુગમ આગલ રહી તિનકું, જિન કછુ મોહ ઘટાયા રે. પૂ૦ ૩
ચેતન ચાર ગતિમેં નિશ્ચે, મોક્ષદ્વાર એ કાયા રે;
કરત કામના સુર પણ યાકી, જિનકું અનર્ગલ માયા રે. પૂ૦ ૪
રોહણગિરિ જિમ રતનખાણ તિમ, ગુણ સહુ યામે સમાયારે;
મહિમા મુખથી વરણુત જાકી, સુરપતિ મન શંકાયા રે. પૂ૦ ૫
કલ્પવૃક્ષ સમ સંયમ કેરી, અતિ શીતલ જિહાં છાયા રે;
ચરણ કરણ ગુણ ધરણ મહામુનિ, મધુકર મન લોભાયા રે. પૂ૦ ૬
યા તન વિણ તિહું કાલ કહો કિન, સાચા સુખ નિપજાયા રે;
અવસર પાય ન ચુક ચિદાનંદ, સદ્દગુરૂ યું દરસાયા રે. પૂ૦ ૭

——(૦)——

૨૨ મોહદૃષ્ટિ ત્યાગ વિષે પદ.

રાગ ધનાશ્રી.

ચેતન જ્ઞાનકી દ્રષ્ટિ નિહાલો. ચેતન૦ ટેક.
મોહ દ્રષ્ટિ દેખે સો બાઉરો, હોત મહા મતવાલો ચે૦ ૧
મોહ દ્રષ્ટિ અતિ ચપલ કરત હે, ભવ વન વાનર ચાલો;
યોગ વિયોગ દાવાનલ લાગત, પાવત નહિ વિચાલો. ચે૦ ૨
મોહદ્રષ્ટિ કાયર નર ડરપે, કરે અકારન ટાલો;
રન મેદાન લરે નહા અરિસું, શૂર લરે જ્યુ પાલો. ચે૦ ૩
મોહદ્રષ્ટિ જન જનકે પર વશ, દીન અનાથ દુખાલો.
માગે ભીખ ફરે ઘર ઘરસું, કહે મુઝકુ કોઉ પાલો. ચે૦ ૪
મોહદ્રષ્ટિ મદમદિરા માતી, તાકો હોત ઉછાલો.
પર અવગુન રાચે સો અહનિસ, કાગ અશુચિ જ્યો કાલો. ચે૦ ૫
જ્ઞાનદૃષ્ટિમા દોષ ન એતે, કરે જ્ઞાન અજુઆલો.
ચિદાનંદ ઘન સુજસ વચન રસ, સજ્જન હૃદય પખાલો ચે૦ ૬

૧૦ ચોવિસીઓ.

૧ આનંદઘનજી કૃત ચોવીસી.

શ્રી ઋષભનાથજીનું સ્તવન.

(રાગ મારૂ—કર્મ પરીક્ષા કરણ કુંવર ચલ્યો એ દેશી.)

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરોરે, ઓર ન ચાહું રે કંત;
રીઝયો સાહિબ સંગ ન પરિહરેરે, ભાંગે સાદિ અનંત. ઋ૦

પ્રીત સગાઇરે જગમાં સહુ કરેરે, પ્રીત સગાઇ ન કોય;
પ્રીત સગાઇરે નિરૂપાધિક કહીરે, સોપાધિક ધન ખોય. ઋ૦

કોઇ કંત કારણ કાષ્ટભક્ષણ કરેરે, મિલશું કંતને ધાય;
એ મેળો નવિ કહીયેં સંભવેરે, મેળો ઠામ ન ઠાય. ઋ૦

કોઇ પતિરંજન અતિ ઘણો તપ કરેરે, પતિરંજન તનતાપ;
એ પતિરંજન મેં નવિ ચિત ધર્યુરે, રંજન ધાતુમેલાપ. ઋ૦

કોઇ કહે લીલારે લખ અલખ તણીરે, લખ પૂરે મન આશ;
દોષ રહિતનેં લીલા નવિ ઘટેરે, લીલા દોષવિલાસ. ઋ૦

ચિત્તપ્રસન્નેરે પૂજન ફળ કહ્યુંરે, પૂજ અખંડિત એહ;
કપટ રહિત થઇ આતમ અરપણારે, આનંદઘન પદ રેહ. ઋ૦



૨ શ્રી અજિતનાથસ્વામીનુ સ્તવન.

(રાગ આશાવરી મારૂ મન મોહ્યુરે શ્રીવિમલાચલેરે. એ દેશી.)

પંથડો નિહાળુ રે બીજા જિન તણોરે, અજિત અજિત ગુણધામ
જે તેં જીત્યારે તિણું હું જીતીયોરે, પુરૂષ કિશુ મુજ નામ. પં.

ચરમનયણ કરી મારગ જોવતાંરે, ભૂલ્યો સયલ સંસાર;
જેણે નયણે કરી મારગ જોઇયેરે, નયણ તે દિવ્ય વિચાર. પં.

રહેપર અનુભવ જોવતાંરે, અંધોઅંધ પુલાય;
વેચારેરે જો આગમ કરીરે, ચરણધરણ નહી ઠાય. પં. ૩

વેચારેરે વાદ પરંપરારે, પાર ન પોહુચે કોય;
મત વસ્તુરે વસ્તુગતેં કહેરે, તે વિરલા જગ જોય. પં૦ ૪

વિચારે દિવ્ય નયણતણોરે, વિરહ પડયો નિરધાર;
જોગેરે તરતમ વાસનારે, વાસિતબોધ આધાર. પં. ૫

કાળલબ્ધિ લહી પંથ નિહાળશુરે, એ આશા અવલંબ;
એન જીવરે જિનજી જાણજ્યોરે, આનંદઘન મતઅંબ. પં. ૬

---

૩ સંભવનાથજીનું સ્તવન.

(રાગ રામગિરી-રાતડી રમીને કિહાંથી આવીયારે. એ દેશી)

સંભવદેવ તે ધુર સેવો સવેરે, લહી પ્રભુસેવન ભેદ;
કારણ પહેલી ભૂમિકારે, અભય અદ્વેષ અખેદ. સં૦ ૧

ચંચલતા હો જે પરણામનીરે, દ્વેષ અરોચક ભાવ;
પ્રવૃત્તિ હો કરતા થાકીયેરે. દોષ અબોધ લખાવ. સં૦ ૨

ચરમાવર્ત્તન હો ચરમ કરણ તથારે, ભવપરિણતિ પરિપાક;
દોષ ટળે વળી દૃષ્ટિ ખુલે ભલીરે. પ્રાપ્તિ પ્રવચનવાક. સં૦ ૩

પરિચય પાતક ઘાતક સાધુશું રે. અકુશલ અપચયચેત.
ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરીરે. પરિશીલન નયહેત સં૦ ૪

[illegible] હો કારણ [illegible]રે. [illegible] કોઈ ન વાદ.
[illegible] વિણ [illegible] તે નિજ મત ઉનમાદ સં૦ ૫

[illegible]
[illegible]

૪ અભિનંદન સ્વામીનું સ્તવન.

[illegible]

સામાન્યે કરી દરિશણ દેહિલું, નિરણય સકળ વિશેષ;
મદમેં ઘેર્યોરે અંધો કિમ કરે, રવિ શશિ રૂપ વિલેખ. અ૦ ૨

હેતુવિવાદે હો ચિત ધરી જોઇયેં, અતિ દુરગમ નયવાદ;
આગમવાદે હો ગુરૂગમ કો નહિ, એ સબળો વિખવાદ. અ૦ ૩

ધાતી ડુંગર આડા અતિ ઘણા, તુજ દરશણ જગનાથ;
ધીઠાઇ કરી મારગ સંચરૂં, સેંગૂ કોઇ ન સાથ. અ૦ ૪

દરશણ દરશણ રટતો જો ફિરૂં, તો રણ રોઝ સમાન;
જેહને પિપાસા હો અમૃતપાનની, કિમ ભાંજે વિષપાન. અ૦ ૫

તરસ ન આવે હો મરણ જીવનતણો, સીઝે જો દરશણકાજ;
દરશણ દુરલભ સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ. અ૦ ૬

——:(૦):——

૫ શ્રી સુમતિજિન સ્તવન.

(રાગ વસંત કેદારો.)

સુમતિ ચરણકજ આતમઅરપણા,
દરપણ જિમ અવિકાર; સુજ્ઞાની૦
મતિતરપણ બહુ સમ્મત જાણીયે,
પરિસરપણ સુવિચાર; સુજ્ઞાની૦ સુ૦ ૧

ત્રિવિધ સકળ તનુ ધરગત આતમા,
બહિરાતમ ધુરિ ભેદ; સુજ્ઞાની૦
બીજો અંતરઆતમ તીસરો,
પરમાતમ અવિછેદ; સુજ્ઞાની૦ સુ૦ ૨

આતમબુદ્ધે હો કાયાદિક ગ્રહ્યો,
બહિરાતમ અઘરૂપ, સુજ્ઞાની૦
કાયાદિકનો હો સાખી ધર રહ્યો,
અંતર આતમરૂપ; સુજ્ઞાની૦ સુ૦ ૩

જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો,
વર્જિત સકળ ઉપાધ, સુજ્ઞાની૦
અતીંદ્રિયગુણગણ મણિ આગરૂ,
ઇમ પરમાતમ સાધ. સુજ્ઞાની૦ સુ૦ ૪

બહિરાતમ તજી અંતર આતમા,
રૂપ થઇ થિરભાવ; સુજ્ઞાની૦
પરમાતમનું હો આતમ ભાવવું,
આતમ અરપણ દાવ. સુજ્ઞાની૦ સુ૦ ૫

આતમ અરપણ વસ્તુ વિચારતા,
ભરમ ટળે મતિદોષ; સુજ્ઞાની૦
પરમ પદારથ સંપતિ સંપજે,
આનંદઘન રસપોષ; સુજ્ઞાની૦ સુ૦ ૬

૬ શ્રી પદ્મપ્રભુજિન સ્તવન.

(રાગ મારૂ તથા સિંધુ—ચાંદલીયા સંદેશો કહેજે મારા કંથનેરે, એ દેશી.)

પરમ પ્રભુ જિન તુજ મુજ આંતરૂંરે, કિમ ભાંજે ભગવંત;
કરમવિપાકે કારણ જોઇનેરે, કોઇ કહે મતિમંત. પ૦ ૧

પયઈ ઠિઇ અણુભાગ પ્રદેશથીરે, મૂળ ઉત્તર બહુ ભેદ;
ઘાતિ અઘાતી હો બંધુદયઉદીરણારે, સત્તા કરમવિછેદ. પ૦ ૨

કનકોપલવત્ પયડી પુરૂષતણીરે, જોડી અનાદિ સ્વભાવ;
અન્ય સંયોગી જિહાં લગેં આતમારે, સંસારી કહેવાય. પ૦ ૩

કારણયોગેં હો બાંધે બંધનેરે, કારણ મુગતિ મૂકાય;
આશ્રવ સંવર નામ અનુક્રમેરે, હેયોપાદેય સુણાય. પ૦ ૪

યુંજનકરણે હો અંતર તુજ પડયોરે, ગુણકરણે કરી ભંગ;
ગ્રંથયુક્તિ કરી પંડિતજન કહ્યોરે. અંતરભંગ સુઅંગ. પ૦ ૫

તુજ મુજ અંતર અંતર ભાંજશેરે, વાજશે મંગળતૂર;
જીવસરોવર અતિશય વાધશેરે આનંદઘન રસપૂર. પ૦ ૬

૭ શ્રી સુપાર્શ્વજિન સ્તવન.

દેશી લલનાની.

શ્રીસુપાસજિન વંદીયે, સુખ સંપત્તિનો હેતુ લલના.
શાંત સુધારસ જલનિધિ ભવસાગરમાંહે સેતુ. લ૦ શ્રી ૧

સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવરદેવ; લ૦
સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ; લ૦ શ્રી
શિવ શંકર જગદીશ્વરૂ, ચિદાનંદ ભગવાન; લ૦
જિન અરિહા તિર્થંકરૂ, જ્યોતિસરૂપ અસમાન. લ૦ શ્રી
અલખ નિરંજન વછિલૂ, સકળજંતુ વિસરામ; લ૦
અભયદાનદાતા સદા, પૂરણ આતમરામ. લ૦ શ્રી૦
વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય શોગ; લ૦
નિંદ્રા તંદ્રા દુરદશા, રહિત અબાધિતયોગ. લ૦ શ્રી૦
પરમપુરૂષ પરમાતમા, પરમેશ્વર પરધાન; લ૦
પરમપદારથ પરમિષ્ટી, પરમદેવ વર માન. લ૦ શ્રી૦
વિધિ વિરંચિ વિશ્વંભરૂ, રૂષીકેશ જયનાથ; લ૦
અઘહર અઘમોચન ધણી, મુક્ત પરમપદ સાથ. લ૦ શ્રી૦
ઇમ અનેક અભિધા ધરે, અનુભવગમ્ય વિચાર. લ૦
જે જાણે તેહને કરે, આનંદઘન અવતાર. લ૦ શ્રી૦

---

૮ શ્રી ચદ્રપ્રભુજિન સ્તવન.

(રાગ કેદારો ગોડી—કુમરી રોવે આક્રંદ કરે મુને કોઇ મુકાવે—એ દેશી)

ચંદ્રપ્રભુ મુખચંદ્ર, સખી મુને દેખણ દે, ઉપશમરસનો કંદ. સ૦
સેવે સુરનર વૃંદ, સ૦ ગતકલિમલ દુઃખદંદ સ૦
સુહમ નિગોદે ન દેખીયો, સ૦ બાદર અતિહિ વિશેષ, સ૦
પુઢવી આઉ ન લેખીઓ, સ૦ તેઉ વાઉ ન લેશ સ૦
વનસ્પતિ અતિઘણ દીહા, સ૦ દીઠો નહીંય દીદાર.
બિ તિ ચઉરિંદી જલલીહા, સ૦ ગતસન્નીપણ ધાર. સ૦
સુર તિરિ નરય નિવાસમા સ૦ મનુજ અનારજ સાથ. સ૦
અપજત્તા પ્રતિભાસમા, સ૦ ચતુર ન ચડીયો હાથ સ૦
ઇમ અનેક થલ જાણીયે, સ૦ દરિશણ વિણ જિનદેવ. સ૦
આગમથી મતિ આણીયે સ૦ કીજે નિરમલ સેવ સ૦
નિર્મલ સાધુભગતિ લહી, સ૦ યોગ અવંચક હોય, સ૦
કિરિયા અવંચક તિમ સહી, સ૦ ફળ અવંચક જોય. સ૦

ઐરક અવસર જિનવરૂ, સં૦ મોહનીય ક્ષય થાય; સં૦
મિત પૂરણ સુરતરૂ, સં૦ આનંદઘન પ્રભુ પાય. સં૦ ૭

---

૯ શ્રી સુવિધિનાથજિન સ્તવન.

(રાગ કેદારો—એમ ધનો ધનને પરચાવે—એ દેશી)

સુવિધિજિણેસર પાય નમીને, શુભ કરણી ઇમ કીજેરે;
અતિ ઘણો ઉલટ અંગ ધરીને, પ્રહ ઉઠી પુજીજેરે. સુ૦ ૧
દ્રવ્ય ભાવ શુચી ભાવ ધરીને, હરખેં દેહરે જઇયેરે;
દહ તિગ પણ અહિગમ સાચવતાં, એકમના ધુરિ થઇયેરે. સુ૦ ૨
કુસુમ અક્ષત વર વાસ સુગંધો, ધુપ દીપ મન સાખીરે;
અંગપૂજા પણ ભેદ સુણી ઇમ, ગુરૂ મુખ આગમ ભાખીરે. સુ૦ ૩
એહનું ફળ દોય ભેદ સુણીજે, અનંતર ને પરંપરરે;
આણાપાલણ ચિત્તપસત્તિ, મુગતિ સુગતિ સુરમંદિરરે; સુ૦ ૪
ફૂલ અક્ષત વર ધુપ પઇવો, ગંધ નૈવેદ ફળ જળ ભરીરે;
અંગ અગ્રપૂજા મિલી અડવિધ, ભાવે ભવિક શુભગતિ વરીરે. સુ૦ ૫
સત્તર ભેદ ઇકવીશ પ્રકારે, અઠોત્તરશત ભેદેરે;
ભાવપૂજા બહુવિધ નિરધારી, દોહગ દુરગતિ છેદેરે. સુ૦ ૬
તુરીય ભેદ પડિવત્તિપૂજા, ઉપશમ ખીણ સયોગીરે;
ચઉહા પૂજા ઇમ ઉત્તરાધ્યયને, ભાખી કેવળ ભોગીરે. સુ૦ ૭
ઇમ પૂજા બહુ ભેદ સુણીને, સુખદાયક શુભ કરણીરે;
ભવિકજીવ કરશે તે લહેશે, આનંદઘન પદધરણી. સુ૦ ૮

---

૧૦ શ્રી શીતળનાથજિન સ્તવન.

(રાગ ધન્યાશ્રી ગોડી—ગુહુ વિહાણા મરુસ્ઠામાના એ દેશી)

શીતળજિનપતિ લલિતત્રિભંગી, વિવિધભંગી મન મોહેરે;
કરુણા કોમળતા તિક્ષણતા, ઉદાસીનતા સોહેરે શી૦ ૧

સર્વજંતુ હિતકરણી કરૂણા, કર્મવિદારણ તીક્ષણરે;
હાન દાન રહિત પરિણામી, ઉદાસીનતા વિક્ષણરે. શ્રી૦ ૨

પરદુઃખછેદનઇચ્છા કરૂણા, તીક્ષણ પરદુઃખ રીઝેરે;
ઉદાસીનતા ઉભયવિલક્ષણ, એક ઠામે કિમ સીઝેરે. શ્રી૦ ૩

અભયદાન તે કરૂણામળક્ષય, તીક્ષણતા ગુણ ભાવેરે;
પ્રેરણ વિણ કૃતિ ઉદાસીનતા, ઇમ વિરોધ મતિ નાવેરે. શ્રી૦ ૪

શક્તિ વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા, નિગ્રંથતા સંયોગેરે;
યોગી ભોગી વકતા મૌની, અનુપયોગી ઉપયોગીરે. શ્રી૦ ૫

ઈત્યાદિક બહુ ભંગ ત્રિભંગી, ચમત્કાર ચિત દેતીરે;
અચરિજકારી ચિત્રવિચિત્રા, આનંદઘનપદ લેતીરે. શ્રી૦ ૬

---

૧૧ શ્રી શ્રેયાંસજિન સ્તવન.

(રાગ ગોડી—અહો મત વાલે સાજના.—એ દેશી.)

શ્રી શ્રેયાંસજિન અંતરજામી, આતમરામી નામીરે;
અધ્યાતમમત પૂરણ પામી, સહજ મુક્તિગતિગામીરે. શ્રી૦ ૧

સયલ સંસારી ઇંદ્રિયરામી, મુનિગુણ આતમરામીરે;
મુખ્યપણે જે આતમરામી, તે કેવળ નિઃકામીરે. શ્રી૦ ૨

નિજ સ્વરૂપે જે કિરિયા સાધે, તે અધ્યાતમ લહિયેરે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહિયેરે. શ્રી૦ ૩

નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડારે;
ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહથી રઢ મંડારે. શ્રી૦ ૪

શબ્દ અધ્યાતમ અરથ સુણીને, નિર્વિકલ્પ આદરજોરે;
શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાનગ્રહણ મતિ ધરજોરે. શ્રી૦ ૫

અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસીરે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતવાસીરે. શ્રી૦ ૬

---

૧૨ શ્રી વાસુપૂજ્યજિન સ્તવન.

(રાગ ગાડી-તુંગીયાગિર શિખર સોહે—એ દેશી)

સુપૂજ્ય જિન ત્રિભુવનસ્વામિ, ઘનનામી પરિણામીરે;
નાકાર સાકાર સચેતન, કરમ કરમફળકામીરે. વા૦ ૧
નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદગ્રાહક સાકારોરે;
દર્શન જ્ઞાન દુ ભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારોરે. વા. ૨
કર્તાપરિણામી પરિણામો, કર્મ જે જીવે કરીયેરે;
એક અનેકરૂપ નયવાદે, નિયતે નય અનુસરીયેરે. વા૦ ૩
દુખ સુખ રૂપ કરમફળ જાણો, નિશ્ચય એક આનંદોરે;
ચેતનતા પરિણામ ન ચુકે, ચેતન કહે જિનચંદોરે. વા૦ ૪
પરિણામી ચેતનપરિણામો, જ્ઞાનકરમફળ ભાવીરે;
જ્ઞાનકરમફળ ચેતન કહીયે, લેજો તેહ મનાવીરે. વા૦ ૫
આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગીરે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતસંગીરે. વા૦ ૬

---

૧૩ શ્રીવિમલનાથજિન સ્તવન.

(રાગ મલ્હાર-ઇડર આંબા આંબલીરે—એ દેશી)

દુઃખ દોહગ દૂરે ટલ્યારે, સુખસંપદશું ભેટ;
ધીંગધણી માથે કીયોરે, કુણ ગંજે નરખેટ;
વિમલજિન દિઠા લોયણે આજ, મારા સિધ્યા વંછિત કાજ. વિ૦ ૧
ચરણકમલ કમલા વસેરે, નિરમલ થિરપદ દેખ;
સમલ અથિર પદ પરિહરીરે, પંકજ પામર પેખ. વિ૦ ૨
મુજ મન તુજ પદપંકજેરે, લીણો ગુણ મકરંદ;
રંક ગણે મંદિર ધરારે, ઇંદ ચંદ નાગિંદ. વિ૦ ૩
સાહિબ સમરથ તું ધણીરે, પામ્યો પરમ ઉદાર;
મનવિશરામી વાલહોરે, આતમચો આધાર. વિ૦ ૪
દરિશન દીઠે જિનતણોરે, સંશય ન રહે વેધ;

૧૬ શ્રીશાંતિનાથજિન સ્તવન

(રાગ મલ્હાર–ચતુર ચોમાસો પડકમી–એ દેશી.)

શાંતિજિન એક મુજ વિનતી, સુણો ત્રિભુવનરાયરે;
શાંતિસરૂપ કિમ જાણીયે, કહો મન કિમ પરખાયરે. શાં. ૧
ધન્ય તું આતમ જેહને, એહવો પ્રશ્ન અવકાશરે;
ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિપદસેવરે. શાં. ૨
ભાવ અવિશુદ્ધ સવિશુદ્ધ જે, કહ્યા જિનવર દેવરે;
તે તિમ અવિતથ સદ્દહે, પ્રથમ એ શાંતિપદસેવરે. શાં. ૩
આગમધર ગુરૂ સમકિતી, ક્રિયા સંવર સારરે;
સંપ્રદાઇ અવંચક સદા, શુચિ અનુભવાધારરે. શાં. ૪
શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાળરે;
તામસીવૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્વિકી સાલરે. શાં. ૫
ફળવિસંવાદ જેહમાં નહી, શબ્દ તે અર્થસંબંધીરે;
સકળ નયવાદ વ્યાપી રહ્યો, તે શિવસાધનસંધીરે. શાં. ૬
વિધિપ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધરે;
ગ્રહણવિધિ મહાજને પરિગ્રહ્યા, ઇસ્યો આગમે બોધરે. શાં. ૭
દુષ્ટજન સંગતિ પરિહરી, ભજે સુગુરૂસંતાનરે;
જોગ સામર્થ્ય ચિત્તભાવ જે, ધરે મુગતિનિદાનરે. શાં. ૮
માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક પાષાણરે;
વંદક નિંદક સમ ગણે, ઇસ્યો હોય તું જાણરે. શાં. ૯
સર્વ જગજંતુને સમ ગણે, ગણે તૃણ મણિ ભાવરે;
મુગતિ સંસાર બિહુ સમ ગણે, મુણ ભવજલનિધિ નાવરે શાં. ૧૦
આપણો આતમા ભાવ જે, એક ચેતનાધારરે,
અવર સવિ સાથ સંજોગથી, એહ નિજ પરિકર સારરે શાં. ૧૧
પ્રભુમુખથી એમ સાંભળી, કહે આતમરામરે;
તાહરે દરિશણે નિસ્તર્યો, મુજ સિધ્યા સવિ કામરે. ! શાં. ૧૨

મન દુરારાધ્ય તે વશે આણ્યું, તે આગમથી મતિ આણું;
આનંદઘન પ્રભુ માહરૂં આણો, તો સાચું કરી જાણું હો. કું. ૯

૧૮ શ્રીઅરનાથજિન સ્તવન

(રાગ પરજ્યો મારૂ-રૂપજનો વંશ રયણાયરૂ-એ દેશી.)

ધરમ પરમ અરનાથનો, કિમ જાણું ભગવંતરે;
સ્વ પર સમય સમજાવીયેં, મહિમાવંત મહંતરે. ધ. ૧

શુદ્ધાતમ અનુભવ સદા, સ્વસમય એહ વિલાસરે;
પરવડિ છાંહડી જિહાં પડે, તે પર સમય નિવાસરે. ધ. ૨

તારા નક્ષત્ર ગ્રહ ચંદની, જ્યોતિ દિનેશ મઝારરે;
દર્શન જ્ઞાન ચરણથકી, શકિત નિજાતમ ધારરે. ધ. ૩

ભારી પીળો ચીકણો, કનક અનેક તરંગરે;
પર્યાયદષ્ટિ ન દીજીયેં, એકજ કનક અભંગરે. ધ. ૪

દર્શન જ્ઞાન ચરણથકી, અલખ સરૂપ અનેકરે;
નિરવિકલ્પ રસ પીજીયેં, શુદ્ધ નિરંજન એકરે. ધ. ૫

પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંતરે;
વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંતરે. ધ. ૬

વ્યવહારે લખેં દોહિલા, કાંઈ ન આવે હાથરે;
શુદ્ધ નય થાપના સેવતાં, નવિ રહેં દુવિધા સાથરે. ધ. ૭

એકપખી લખ પ્રીતની, તુમ સાથે જગનાથરે;
કૃપા કરીને રાખજ્યો, ચરણ તલેં ગ્રહી હાથરે. ધ. ૮

ચક્રી ધરમતીરથતણો, તીરથફળ તતસારરે;
તીરથ સેવે તે લહેં, આનંદઘન નિરધારરે. ધ. ૯

૧૯ શ્રી મલ્લિનાથજિન સ્તવન.

(રાગ કાફી.)

સેવક કિમ અવગણિયે હો, મલ્લિજિન, એ અબ શોભા સારી;

આતમતત્વ જાણ્યા વિણ નિરમલ, ચિત્તસમાધિ નવિ લહિયો સુ. ૧
કેઇ અબંધ આતમતત માને, કિરિયા કરતો દીસે;
ક્રિયાતણું ફળ કહો કુણ ભોગવે, ઇમ પૂછ્યું ચિત રીસે. સુ. ૨
જડ ચેતન એ આતમ એકજ, થાવર જંગમ સરિખો,
દુઃખ સુખ શંકર દૂષણ આવે, ચિત્ત વિચાર જો પરખો. સુ. ૩
એક કહે નિત્યજ આતમતત, આતમ દરશણ લીણો;
કૃતવિનાશ અકૃતાગમદૂષણ, નવિ દેખે મતિહીણો. સુ. ૪
સુગતમત રાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો;
બંધ મોખ સુખ દુઃખ ન ઘટે, એહ વિચાર મન આણો. સુ. ૫
ભૂતચતુષ્ક વર્જિત આતમતત, સત્તા અલગી ન ઘટે;
અંધ સકટ જો નિજર ન દેખે, તો શું કીજે સકટે. સુ. ૬
ઇમ અનેકવાદી મતિવિભ્રમ, સંકટ પડિયો ન લહે;
ચિત્તસમાધિ તે માટે પૂછું, તુમ વિણ તત કોઇ ન કહે. સુ. ૮
વળતું જગગુરૂ ઇણીપરે ભાખે, પક્ષપાત સવિ છંડી;
રાગ દ્વેષ મોહ પખ વરજિત, આતમ શું રઢિ મંડી. સુ. ૯
આતમધ્યાન કરે જો કોઉ, સો ફિરિ ઇણમેં નાવે,
વાગજાળ બીજું સહુ જાણે, એહ તત્વ ચિત ચાવે. સુ. ૯
જિણે વિવેક ધરી એ પખ ગ્રહિયે, તે તત્વજ્ઞાની કહીયે,
શ્રી મુનિસુવ્રત કૃપા કરો તો, આનંદઘનપદ લહિયે. સુ. ૧૦

---

૨૧ શ્રી નમિનાથજિન સ્તવન.

(રાગ આશાવરી—ધન ધન સંપ્રતિ સાચો રાજા—એ દેશી.)

ષડદરશણ જિન અંગ ભણીજે, ન્યાસ ષડંગ જો સાધેરે,
નમિજિનવરના ચરણ ઉપાસક, ષડદરશણ આરાધેરે. ષ. ૧
જિનસુરપાદપ પાય વખાણું, સાંખ્ય જોગ દોય ભેદેરે,
આતમસત્તા વિવરણ કરતાં, લહો દુગ અંગ અખેદેરે. ષ. ૨

ભેદ અભેદ સુગત મિમાંસક, જિનવર દોય કર ભારીરે;
લોકાલોક અવલંબન ભજીયેં, ગુરૂગમથી અવધારીરે. ષ. ૩
લોકાયતિક કૂખ જિનવરની, અંસ વિચાર જો કીજેરે;
તત્વવિચાર સુધારસ ધારા, ગુરૂગમ વિણ કિમ પીજેરે. ષ. ૪
જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ, અંતરંગ બહિરંગેરે;
અક્ષરન્યાસધરા આરાધક, આરાધે ધરી સંગેરે. ષ. ૫
જિનવરમાં સઘલાં દરિશણ છે, દર્શન જિનવર ભજનારે;
સાગરમાં સઘલી તટની સહી, તટનીસાગર ભજનારે. ષ. ૬
જિનસરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવેરે;
ભૃંગી ઈલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવેરે. ષ. ૭
ચૂર્ણિ ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવરે;
સમયપુરૂષના અંગ કહ્યા એ, જે છેદે તે દુરભવરે. ષ. ૮
મુદ્રા બીજ ધારણા અક્ષર, ન્યાસ અરથવિનિયોગેરે;
જે ધ્યાવે તે નવિ વંચીજે; ક્રિયા અવંચક ભોગેરે. ષ. ૯
સુત્રઅનુસાર વિચારી બોલું, સુગુરૂ તથાવિધિ ન મિલેરે;
ક્રિયા કરી નવિ સાધી શકીયેં, એ વિખવાદ ચિત સઘલેરે. ષ. ૧૦
તે માટે ઉભા કર જોડી, જિનવર આગળ કહિયેરે;
સમય ચરણસેવા શુદ્ધી દેજ્યો, જિમ આનંદઘન લહિયેરે. ષ. ૧૧

---

૨૨ શ્રી નેમીનાથજિન સ્તવન.

(રાગ મારૂણી-ધણરા ઢોલા—એ દેશી)

અષ્ટ ભવંતર વાલહીરે, તું મુજ આતમરામ, મનરાવાલા;
મુગતિનારીસું આપણેરે, સગપણ કોઇ ન કામ. મ. ૧
ઘરી આવોહો વાલિમ ઘરી આવો, મારી આશાના વિસરામ મ.
રથ ફેરો હો સાજન રથ ફેરો, સાજન માહરા મનોરથ સાથ. મ.

નારી પખે શ્યો નેહલોરે વાલા, સાચ કહે જગનાથ. મ.
ઇશ્વર અરધંગે ધરીરે, વા૦ તું મુજ ઝાલે ન હાથ. મ. ૨
પશુજનને કરૂણા કરીરે, વા૦ આણી હૃદય વિચાર. મ.
માણસની કરૂણા નહીરે, વા૦ એ કુણ ઘર આચાર. મ. ૩
પ્રેમ કલ્પતરૂ છેદીયોરે વા૦ ધરિયો યોગ ધતૂર. મ.
ચતુરાઈરે કુણ કહોરે વા૦ ગુરૂ મિલિયો જગસૂર. મ. ૪
માહરૂં તો એમાં કશું નહીરે વા૦ આપ વિચારો રાજ. મ.
રાજસભામાં બેસતાંરે, વા૦ કીસડી વધશે લાજ. મ. ૫
પ્રેમ કરે જગજન સહુરે, વા૦ નિરવાહે તે ઓર; મ.
પ્રીત કરીને છાંડી દેરે, વા૦ તેહશુ ચાલે ન જોર. મ. ૬
જો મનમા એહવું હતુંરે, વા૦ નિસપતિ કરત ન જાણ; મ.
નિસપતિ કરીને છાંડતાંરે, વા૦ માણસ હુવે નુકસાણ. મ. ૭
દેતા દાન સંવત્સરીરે, વા૦ સહુ લહે વંછિત પોષ, મ.
સેવક વંછિત નવિ લહેરે વા૦ તે સેવકનો દોષ. મ. ૮
સખી કહે એ સામળોરે, વા૦ હું કહું લક્ષણવંત, મ.
તજુ લક્ષણ સાચો સખીરે વા૦ આપ વિચારે સંત. મ. ૯
રાગી સુરાગી સહુરે વા૦ વૈરાગી શ્યો રાગ. મ.
રાગ વિના કિમ દાખવેરે, વા૦ મુગતિ સુંદરીમાગ. મ. ૧૦
એક ગુહ્ય ઘટતું નહીંરે, વા૦ સઘલોઇ જાણે લોગ. મ.
અનેકાંતિક ભોગવેરે વા૦ બ્રહ્મચારી ગતરોગ. મ. ૧૧
જિણ જોને તુમને જોઉંરે વા૦ તિણ જોને જોવો રાજ, મ.
એકવાર મુજને જુવોરે, વા૦ તો સીઝે મુજ કાજ. મ. ૧૨
મોહદશા ધરી ભાવતાંરે વા૦ ચિત લહે તત્વવિચાર. મ.
વીતરાગતા આદરીરે, વા૦ રાજુલાથી નિરધાર. મ. ૧૩
સેવક પણ તે આદરેરે વા૦ તો રહે સેવક મામ. મ.
આશય સાથે ચાલીયેરે, વા૦ એહિજ રૂડું કામ. મ. ૧૪
ત્રિવિધયોગ ધરી આદર્યોરે, વા૦ નેમનાથ ભરતાર, મ.

ધારણ પોષણ તારણોરે, વા૦ નવરસ મુગતાહાર. મ. ૧૫
કારણરૂપી પ્રભુ ભજ્યોરે, વા૦ ગણ્યો ન કાજ અકાજ; મ.
કૃપા કરી પ્રભુ દીજીયેરે, વા૦ આનંદઘનપદરાજ. મ. ૧૬

૨૩ શ્રી પાર્શ્વનાથજિન સ્તવન.

(રાગ સારંગ-દેશી રસિયાની.)

ધ્રુવપદરામીહો સ્વામી માહરા, નિઃકામી ગુણરાય સુજ્ઞાની;
નિજગુણકામીહો પામી તું ધણી, ધ્રુવઆરામીહો થાય. સુ. ૧
સર્વવ્યાપી કહો સર્વજાણગપણે, પરપરણમનસ્વરૂપ; સુ.
પરરૂપે કરી તત્વપણું નહી, સ્વસત્તાચિદરૂપ. સુ. ૨
જ્ઞેય અનેકેહો જ્ઞાનઅનેકતા, જળભાજન રવિ જેમ; સુ.
દ્રવ્યએકત્વપણે ગુણએકતા, નિજપદ રમતાં હો એમ. સુ. ૩
પરક્ષેત્રેં ગતજ્ઞેયને જાણવે; પરક્ષેત્રી થયું જ્ઞાન; સુ.
અસ્તિપણું નિજક્ષેત્રેં તુમે કહ્યો, નિર્મળતાગુણમાન. સુ. ૪
જ્ઞેયવિનાશેહો જ્ઞાનવિનશ્વરૂ, કાળ પ્રમાણેરે થાય; સુ.
સ્વકાળે કરી સ્વસત્તા સદા, તે પરરીતે ન જાય. સુ. ૫
પરભાવે કરી પરતા પામતા, સ્વસત્તા થિર ઠાણ; સુ.
આત્મચતુષ્કમયી પરમાં નહી, તો કિમ સહુનોરે જાણ. સુ. ૬
અગુરૂ લઘુ નિજ ગુણને દેખતાં, દ્રવ્ય સકળ દેખંત; સુ.
સાધારણ ગુણની સાધર્મ્યતા, દર્પણજળને દૃષ્ટાંત. સુ. ૭
શ્રીપારસજિન પારસરસ સમો, પણ ઈહાં પારસ નાંહિં સુ.
પૂરણ રસીઓહો નિજગુણ પરસનો, આનંદઘન મુજમાંહિ. સુ. ૮

૨૪ શ્રી મહાવીરજિન સ્તવન

(રાગ ધનાશ્રી)

વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગુંરે;
મિથ્યામોહતિમિર ભય ભાગું, જીત નગારૂં વાગુંરે. વી. ૧

છઉમથ વીરય લેસ્યા સંગે, અભિસંધીજ મતિઅંગેરે;
સૂક્ષમ થૂલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગેરે. વી. ૨

અસંખ્યપ્રદેશ વીર્યઅસંખે, યોગઅસંખિત કંખેરે;
પુદ્‍ગલગણ તિણે લઈ સુવિશેષે, યથાશક્તિ મતિ લેખેરે. વી. ૩

ઉત્કૃષ્ટે વીરયને વેસે, યોગક્રિયા નવિ પેસેરે;
યોગતણી ધ્રુવતાને લેસે, આતમશક્તિ ન ખેસેરે. વી. ૪

કામવીર્ય વશેં જિમ ભોગી, તિમ આતમ થયો ભોગીરે;
સૂરપણે આતમ ઉપયોગી, થાયે તેહનેં અયોગીરે. વી. ૫

વીરપણું તે આતમઠાણે, જાણ્યું તુમચી વાણેરે;
ધ્યાનવિનાણે શક્તિ પ્રમાણે, નિજ ધ્રુવપદ પહિચાણેરે. વી. ૬

આલંબન સાધન જે ત્યાગે, પરપરિણતિનેં ભાગેરે;
અક્ષયદર્શન જ્ઞાનવિરાગે, આનંદઘન પ્રભુ જાગેરે. વી. ૭

અથ શ્રી યશોવિજયજીકૃત ચોવિશી.

૧ શ્રી રૂષભદેવજિન સ્તવન.

(મહાવિદેહ ક્ષેત્ર સોહામણું-એ દેશી.)

જગજીવન જગવાલહો, મરૂદેવીનો નંદ લાલરે;
મુખ દીઠે સુખ ઉપજે, દરિશણ અતિહિ આણંદ લાલરે. જ. ૧

આંખડી અંબુજ પાંખડી, અષ્ટમીશશિસમ ભાલ લાલરે,
વદન તે શારદચાંદલો, વાણી અતિહિં રસાળ. લા. જ. ૨

લક્ષણ અંગે વિરાજતાં, અડહિયસહસ્ર ઉદાર; લા.
રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર. લા. જ. ૩

ઈંદ ચંદ રવિ ગિરિ તણા, ગુણ લેઈ ઘડીઓ અંગ; ઘા.
ભાગ્ય કિહાંથકી આવીઓ, અચરિજ એહ ઉત્તંગ. ઘા. ૭
ગુણ સઘળા અંગે કર્યા, દૂર કર્યા સવિ દોષ; ઘા.
વાચક જશવિજયેં થુણ્યો, દેજો સુખનો પોષ. ઘા. ૮

---

૨ શ્રી અજિતનાથજિન સ્તવન.

(નિંદરડી વેરણ હોઈ રહી—એ દેશી.)

અજિતજિણંદશું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે;
માલતી ફુલે મોહીયો, કિમ બેસે હો બાવળતરૂ ભૃંગ કે.
ગંગાજળમાં જે રમ્યા, કિમ છીલર હો રતિ પામે મરાળ કે;
સરોવરજળ જલધર વિના, નવિ યાચે હો જગ ચાતકબાળ કે.
કોકિલ કલકૂજિત કરે, પામી મંજરી હો પંજર સહકાર કે;
ઓછા તરૂવર નવિ ગમે, ગિરૂઆશું હો હોયેં ગુણનો પ્યાર કે.
કમલિની દિનકર કર ગ્રહે, વળી કુમુદિની હો ધરે ચંદશું પ્રીત
ગૌરી ગિરીશ ગિરિધર વિના, નવિ ચાહે હો કમલા નિજ ચિ

તિમ પ્રભુશું મુજ મન રમ્યું, બીજાશું હો નવિ આવે દા
શ્રીનયવિજય સુગુરૂતણો, વાચક જશ હો નિત નિત ગુણ ગા

---

૩ શ્રી સંભવનાથજિન સ્તવન.

(મનમધુકર મોહી રહ્યો—એ દેશી)

સંભવજિનવર વિનતી, અવધારો ગુણજ્ઞાતારે;
ખામી નહિં મુજ ખિજમતે, કદિયેં હોશ્યો ફળદાતારે.
કર જોડી ઉભો રહું, રાત દિવસ તુમ ધ્યાનેરે;

જો મનમાં આણો નહિ, તો શું કહિયેં છાને
ખોટ ખજાને કો નહિ, દીજે વંછિતદાનોરે;
કરૂણા નિજરે પ્રભુતણી, વાધેં સેવક વાનોરે.
કાળલબ્ધ નહી મતિ ગણો, ભાવલબ્ધ તુજ હાથેં
લડથડતું પણ ગજ બચું, ગાજે ગજવર સાથેં
દેશો તો તુમહી ભલા, બીજા તો નવિ યાચું રે;
વાચક જશ કહે સાંઇશું, ફળશે એ મન સાચુરે.

---

૪ શ્રી અભિનંદનજિન સ્તવન.

(સુણો પ્રભુ—એ દેશી.)

દીઠી તો પ્રભુ દીઠી જગગુરૂ તુજ;
સુરતિ હો પ્રભુ સુરત મોહનવેલડીજી,
મીઠી હો પ્રભુ મીઠી તાહરી વાણી;
લાગે હો પ્રભુ લાગે જેસી શેલડીજી.

જાણ્યું હો પ્રભુ જાણ્યું જનમકયથ્થ,
જોડું હો પ્રભુ જોડું તુમ સાથેં મિલ્યોજી,
સુરમણી હો પ્રભુ સુરમણી પામ્યો હથ્થ;
અંગણ હો પ્રભુ અંગણ મુજ સુરતરૂ ફળ્યોજી.

જાગ્યા હો પ્રભુ જાગ્યા પુણ્ય અંકુર;
માગ્યા હો પ્રભુ મેંહ માગ્યા પાસા ઢળ્યાજી,
વૂઠા હો પ્રભુ વૂઠા અમીયેં મેહ;
નાઠા હો પ્રભુ નાઠા અશુભ શુભ દિન વળ્યાજી.

ભૂખ્યા હો પ્રભુ ભૂખ્યાં મિલ્યા ઘૃતપૂર,
તરસ્યા હો પ્રભુ તરસ્યાં દિવ્ય ઉદક મિલ્યાજી;
થાકયા હો પ્રભુ થાકયાં મિલ્યાં સુખપાલ;
ચાહતાં હો પ્રભુ ચાહતાં સજ્જન હેજેં હળ્યાજી.

દીવો હો પ્રભુ દીવો નિશા વનગેહ,
શાખી હો પ્રભુ શાખી થજો જગનો મિલિજી;
કલિયુગે હો પ્રભુ કલિયુગે દુલહો મુજ,
દરિશણ હો પ્રભુ દરિશણ લહ્યું આશા ફળીજી. ૫
વાચક હો પ્રભુ વાચક જશ તુમ દાસ,
વિનવે હો પ્રભુ વિનવે અભિનંદન સુણોજી,
કહીયે હો પ્રભુ કહીયે મ દેશ્યો છેહ;
દેજો હો પ્રભુ દેજો સુખ દરિશણતણોજી. ૬

૫ શ્રી સુમતિજિન સ્તવન.

(ઝાંઝરીયા મુનિવરની દેશી.)

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીત;
તેલબિંદુ જિમ વિસ્તરેજી, જગમાંહિ ભલી રીત. ૧
સોભાગી જિનશું લાગો અવિહડ રંગ,
સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તુરીતણોજી, મહિ માંહિં મહકાય. સો. ૨
અંગુલીયે નવિ મેરૂ ઢંકાયે, છાબડીયે રવિ તેજ;
અંજલીમાં જિમ ગંગ ન માએ, મુજ મન તિમ પ્રભુ હેજ. સો. ૩
હુઓ છીપે નહી અધરઅરૂણ જિમ, ખાતાં પાન સુરંગ;
પિવત ભરભર પ્રભુગુણ પ્યાલો, તિમ મુજ પ્રેમ અભંગ સો. ૪
ઢાંકી ઇક્ષુ પરાલશુંજી, ન રહે લહી વિસ્તાર;
વાચક જશ કહે પ્રભુતણોજી, તિમ મુજ પ્રેમપ્રકાર. સો. ૫

૬ શ્રી પદ્મપ્રભજિન સ્તવન

(સહજ સલુણા હો સાધુજી—એ દેશી)

પદ્મપ્રભુજિન જઇ અલગા રહ્યા, જિહાંથી નાવે લેખોજી;
કાગળને મિસિ તિહાં નવિ સંપજે, ન ચલે વાટ વિશેખોજી. ૧

સુગુણસનેહારે કદિય ન વિસરે,
ઇહાંથી તિહાં જઇ કોઇ આવે નહિ, જેહ કહે સંદેશાજી;
જેહનું મિલવું તેહશું દોહિલું, નેહ તે આપ કિલેશાજી.
વીતરાગશુંરે રાગ તે એકપખો, કીજે કવણ પ્રકારેજી;
ઘોડો દોડેરે સાહિબ કાજમાં, મન નાણે અવસારેજી.
સાચી ભક્તિરે ભાવનરસ કહ્યો; રસ હોએ તિહાં દોએ રીઝેજી
હોડાહોડેરે બેહુ રસરીઝથી, મનના મનોરથ સીઝેજી.
પણ ગુણવંતારે ગોઠે ગાજીએ, મોટા તે વિશ્રામોજી;
વાચક જશ કહે એહુજ આશરે, સુખ લહુ ઠામોઠામોજી.

---

૭ શ્રી સુપાર્શ્વજિન સ્તવન

(લાછલદે માત મલ્હાર એ દેશી.)

શ્રીસુપાસજિનરાજ, તું ત્રિભુવન શિરતાજ;
આજ હો છાજેરે, ઠકુરાઇ પ્રભુ તુજ પદતણીજી.
દિવ્યધ્વની સુરફૂલ, ચામર છત્ર અમૂલ;
આજ હો રાજેરે, ભામંડલ ગાજે દુંદુભિજી.
અતિશય સહજના ચાર, કરમ ખપ્યાથી ઇગ્યાર;
આજ હો કીધારે, ઓગણીશે સુરગુણભાસુરિજી.
વાણીગુણ પાંત્રીશ, પ્રતિહારજ જગદીશ;
આજ હો રાજેરે, દીવાજે છાજે આડશુંજી.
સિંહાસન અશોક બેઠા, બેઠા મોહે લોક;
આજે હો સ્વામીરે, શિવગામી વાચક જશ થુણ્યોજી.

---

૮ શ્રી ચંદ્રપ્રભુજિન સ્તવન.

(ધણરા ઢોલાની દેશી.)

ચંદ્રપ્રભુજિન સાહિબારે, તમે છો ચતુર સુજાણ; મનના મા

૧૦ શ્રી શીતલનાથજિન સ્તવન.

(અલિ અલિ કહિ આંગણે—એ દેશી.)

શ્રીશીતલજિન ભેટીયેં, કરી ચોખું ભગતેં ચિત્ત હો;
તેહશું કહો છાનું કશું, જેહને સોંપ્યા તનમન વિત્ત હો. શ્રી.

દાયક નામે છે ઘણા, પણ તું સાયર તે કુપ હો;
તે બહુ ખજુઆ તગતગે, તું દિનકર તેજ સ્વરૂપ હો. શ્રી.

મોટો જાણી આદર્યો, દારિદ્ર ભાંગો જગતાત હો;
તું કરૂણાવંત શિરોમણી, હું કરૂણાપાત્ર વિખ્યાત હો. શ્રી.

અંતર્યામી સવિ લહો, અમ મનની જે છે વાત હો;
મા આગળ મોસાળનાં, શ્યાં વરણવવાં અવદાત હો શ્રી.

જાણો તો તાણો કિશું, સેવાફળ દીજે દેવ હો,
વાચક જશ કહે ઢીલની, એ ન ગમે મુજને ટેવ હો. શ્રી.

---

૧૧ શ્રી શ્રેયાંસજિન સ્તવન.

(કર્મ ન છૂટે પ્રાણીયા—એ દેશી.)

તુમે બહુમિત્રીરે સાહિબા માહરે તો મન એક,
તુમ વિણ બીજોરે નવિ ગમે, એ મુજ મોટીરે ટેક. શ્રીશ્રેયાસ કૃપા કરો.

મન રાખો તુમે સવિ તણા, પણ કિહાંએ મલી જાઓ;
લલચાવો લખ લોકને સાથી સહજ ન થાઓ. શ્રી.

રાગભરે જનમન રહ્યો, પણ તિહું કાળ વિરાગ,
ચિત્ત તુમારોરે સમુદ્રનો, કોય ન પામેરે તાગ. શ્રી.

એહવાશુ ચિત્ત મેળવો, કેળવ્યુ પહેલા ન કાંઈ;
સેવક નિપટ અબુઝ છે, નિરવહશો તુમે સાંઈ. શ્રી.

નિરાગીશુ રે કિમ મળે, પણ મળવાનો એકાંત,
વાચક જશ કહે મુજ મિલ્યો, ભગતિ તે કામણ તંત. શ્રી.

શ્રીનયવિજય વિબુધ પય સેવક, વાચક જશ કહે સાચુંજી;
કુડ કપટ જો કોઇ દેખાવે, તોહી પ્રભુ વિણ નવિ રાચુંજી. ૬

---

૧૪ શ્રીઅનંતનાથજિન સ્તવન.

શ્રી અનંતજિનશું કરો સાહેલડિયાં, ચોલ મજીઠનો રંગરે ગુણવેલડિયાં
સાચો ધર્મનો રંગ તે ધર્મનો, સા. બીજો રંગ પતંગરે ગું. ૧
ધરમરંગ જિરણ નહિ, સા. દેહ તે જિરણ થાયરે, ગુ.
સોનું તે વિણશે નહિ, સા. ઘાટઘડામણ જાયરે, ગુ. ૨
ત્રાંબું જે રસ વેધીઉં, સા. તે હોએ જાચું હેમરે, ગુ.
ફરી ત્રાંબુ તે નવિ હોવે, સા. એહવો જગગુરૂ પ્રેમરે, ગુ. ૩
ઉત્તમ ગુણ અનુરાગથી, સા. લહિએ ઉત્તમ ઠામરે, ગુ.
ઉત્તમ નિજ મહિમા વધે, સા. દીપે ઉત્તમ ધામરે, ગુ. ૪
ઉદકબિન્દુ સાયર ભળ્યો, સા. જિમ હોય અક્ષય અભંગરે, ગુ.
વાચક જશ કહે પ્રભુ ગુણે, સા. તિમ મુજ પ્રેમતરંગરે, ગુ. ૫

---

૧૫ શ્રીધર્મનાથજિન સ્તવન

([illegible]—એ દેશી)

થાશુ પ્રેમ બન્યો છે રાજ, નિરવહેશો તો લેખે.
મેં રાગી પ્રભુ થેં છો નિરાગી, અણજુગતે હોએ હાંસી,
એકપખો જે નેહ નિરવહેશો, તેમાંકી શી શાબાશી. થા. ૧
નિરાગી સેવે કાંઇ હોવે, ઇમ મનમેં નવિ આણું.
ફળે અચેતન પણ જિમ સુરમણિ તિમ તુમ ભક્તિ પ્રમાણું. થા. ૨
ચંદન શીતલતા ઉપજાવે, અગનિ તે શીત મિટાવે,
સેવકના તિમ દુઃખ ગમાવે, પ્રભુગુણ પ્રેમ સ્વભાવે. થા. ૩

સા૦ જેહ ન મરુતને ગમ્ય, ચંચલતા જે નવિ લહે હોલાલ;
સા૦ જેહ સદા છે રમ્ય, પુષ્ટગુણે નવિ કૃશ રહે હોલાલ.
સા૦ પુદ્ગલ તેલ ન ખેપ, તેહ ન શુદ્ધદશા દહે હોલાલ
સા૦ શ્રીનયવિજય સુશિષ્ય, વાચક જશ એણિપરે કહે હોલાલ

૧૮ શ્રીઅરનાથજિન સ્તવન

(આસણરા યોગી–એ દેશી)

શ્રીઅરજિન ભવજલનો તારૂ, મુજ મન લાગે વારૂરે; મનમોહનસ્
બાંહે ગ્રહી એ ભવિજન તારે, આણે શિવપુર આરેરે. મ
તપ જપ મોહ મહા તોફાને, નાવ ન ચાલે માનેરે; મ
પણ નવિ ભય મુજ હાથોહાથે, તારે તે છે સાથેરે. મ
ભગતને સ્વર્ગ સ્વર્ગથી અધિકું, જ્ઞાનીને ફળ દેઈરે; મ
કાયાકષ્ટ વિના ફળ લહીએ, મનમાં ધ્યાન જ ધરીયેરે. મ
જે ઉપાય બહુ વિધની રચના, યોગમાયા તે જાણોરે; મ
શુદ્ધ દ્રવ્ય ગુણપર્યાય ધ્યાને, શિવ દે પ્રભુ સપરાણોરે. મ
પ્રભુ પાય વલગ્યા તે રહ્યા તાજા, અલગા અંગ ન સાજારે; મ
વાચક જશ કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉંરે. મ

૧૯ શ્રી મલ્લિનાથજિન સ્તવન.

(નાભિરાયકે બાર–એ દેશી.)

તુજ મુજ રીઝ નીરીઝ, અટપટ એહ ખરીરી;
લટપટ નાવે કામ, ખટપટ ભાજ પરીરી. ૧
મલ્લિનાથ તુજ રીઝ, જન રીઝે ન હુયેરી;
દો એ રીઝણનો ઉપાય, સાહમું કાંઈ ન જુયેરી. ૨
દુરારાધ્ય છે લોક, સહુને સમ ન સરીરી;
એક દુહવાએ ગાઢ, એક જો બોલે હસીરી. ૩

લોકલોકોત્તર વાત, રીઝવે દાઇ જુયરી;
તાત ચક્રધર પૂજ, ચિંતા એહ હુઇરી. ૪
રીઝવવો એક સાંઇ, લોક તે વાત કરીરી;
શ્રીનયવિજય સુશિષ્ય, એહજ ચિત્ત ધરીરી, ૫

૨૦ શ્રી મુનિસુવ્રતસ્વામીજિન સ્તવન

(પાંડવ પાંચે વંદતાં—એ દેશી)

મુનિસુવ્રત જિન વંદતાં, અતિ ઉલસિત તન મન થાયરે;
વદન અનોપમ નિરખતાં, માહરા ભવભવના દુઃખ જાયરે. જા.
જગતગુરુ જાગતો સુખકંદરે, સુખકંદ અમંદ આનંદ. જ. ૧
નિશદિન સૂતાં જાગતાં, હીયડાથી ન રહે દૂરરે;
જબ ઉપગાર સંભારીયે, તવ ઉપજે આણંદ પૂરરે. જ. ૨
પ્રભુ ઉપગાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન સમાયરે;
ગુણગુણ અનુબંધી હુઆ, તે તો અક્ષયભાવ કહાયરે. જ. ૩
અક્ષયપદ દીયે પ્રેમ જે, પ્રભુનો તે અનુભવરૂપરે;
અક્ષરસ્વર ગોચર નહિ, એ તો અકલ અમાય અરૂપરે. જ. ૪
અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનના તે ન લખાયરે;
વાચક જશ કહે પ્રેમથી, પણ મનમાંહે પરખાયરે. જ. ૫

૨૧ શ્રી નમિનાથજિન સ્તવન.

શ્રીનમિજિનની સેવા કરતા, અલિય વિઘન સવિ દૂરે નાસેજી.
અષ્ટ મહાસિદ્ધ નવનિધિ લીલા આવે બહુ મહમૂર પાસેજી શ્રી. ૧
મયમત્તા અંગણ ગજ ગાજે, રાજે તેજીતુખાર ચગાજી.
બેટા બેટી બંધવ જોડી, લહીયે બહુ અધિકાર રંગાજી. શ્રી. ૨
વલ્લભસંગમ રંગ લહીજે, અણવાહલા હોયે દૂર સહજેજી
વાછાતણો વિરહ ન હુવે, કારજ સીઝે ભૂરિ સહજેજી. શ્રી. ૩

ચંદ્રકિરણયશ ઉજ્વલ ઉલ્લસે, સૂર્ય તુલ્ય પ્રતાપ દીપેજી;
જે પ્રભુ ભગત કરે નિત વિનયેં, તે અરીયા બહુ તાપ છીપેજી. શ્ર

મંગળમાળા લચ્છિવિશાળા, બાળા બહુલે પ્રેમ રંગેજી;
શ્રીનયવિજય વિબુધ પય સેવક, કહે લહિયે પ્રેમસુખ અંગેજી. શ્ર

---

૨૨ શ્રી નેમીનાથજિન સ્તવન.

તોરણથી રથ ફેરી ગયારેહાં, પશુઆં શિર દેઇ દોષ મેરે વા
નવ ભવ નેહ નિવારીયોરેહાં, શ્યો જોઇ આવ્યા જોષ. મે

ચંદ્રકલંકી જેહથીરેહાં, રામ ને સીતા વિયોગ; મે
તેહ કુરંગનેરે વયણડેરેહાં, પતિ આવે કુણ લોક. મે

ઉતારી હું ચિત્તથીરેહાં, મુગતિ ધુતારી મેતઃ મે
સિદ્ધ અનંતે ભોગવીરેહાં, તેહશું કવણ સંકેત. મે

પ્રીત કરતાં સોહલીરેહાં, નિરવહતા જંજાલ; મે
જેહવો વ્યાળ ખેલાવવોરેહાં, જેહવી અગનની ઝાળ. મે

જો વિવાહ અવસર દિઓરેહાં, હાથ ઉપર નવિ હાથ; મે
દીક્ષા અવસર દીજીયેરેહા, શિર ઉપર જગનાથ મે

ઇમ વિલવતી રાજુલ ગઇરેહા, નેમ કને વ્રત લીધ; મે
વાચક જશ કહે પ્રણમીયેંરેહ, એ દંપતિ દોઇ સિદ્ધ. મે

---

૨૩ શ્રી પાર્શ્વનાથજિન સ્તવન.

(રાગ મલ્હાર)

વામાનંદન જિનવર મુનિવરમા વડોરે; કે૦ સુ
જિમ સુરમાંહિ સોહે, સુરપતિ પરવડોરે, કે૦ સુ

જિમ ગિરિમાંહે સુરાચલ, મૃગમાંહે કેસરીરે; કે૦ સુ
જિમ ચંદન તરૂમાંહે, સુભટમાંહી મુરઅરીરે. કે૦ સુ



૩ અથ શ્રીયશોવિજયજીકૃત ચોવિશી ૨ જી.

૧ શ્રી રૂપભદેવજિન સ્તવન.

(મેરે પ્રભુનહિ મેરા પ્રભુનહિ-એ દેશી.)

રૂષભ જિનંદા રૂષભ જિનંદા, તું સાહિબ હું હું તુજ બંદા;
તુજશું પ્રીતિ બની મુજ સાચી, મુજ મન તુજ ગુણશું રહ્યો માચી. ૧
દીઠા દેવ રૂચે ન અનેરા, તુજ પાખલિ ચિતડું દિયે ફેરા;
સ્વામી શું કામણડું કીધું, ચિતડું અમારૂં ચોરી લીધું. રૂ. ૨
પ્રેમ બંધાણો તે તો જાણો, નિરવહશો તો હોશે વખાણો,
વાચક જશ વિનવે જિનરાજ, બાહ્યગ્રહ્યાની તુજને લાજ. રૂ. ૩

---

૨ શ્રી અજિતનાથજિન સ્તવન.

(કપુર હોય અતિ ઉજળું રે એ દેશી.)

વિજયાનંદન ગુણનીલોજી જીવન જગદાધાર.
તેહશ્યું મુજ મન ગોઠડીજી, છાજે વારોવાર
સોભાગી જિન, તુજ ગુણનો નહિ પાર, તુંતો દોલતનો દાતાર.
જેહવી કૂઆ છાંહડીજી જેહવુ વનનું ફૂલ.
તુજશું જે મન નવિ મિળ્યુજી તેહવુ તેહનું મૂલ સો. ૨
માહરૂં તો મન થિરથકીજી, હળિઉ તુંજ ગુણ સંગ,
વાચક જશ કહે રાખજોજી, દિનદિન ચઢતા રંગ સો. ૩

---

૩ શ્રી સંભવનાથજિન સ્તવન.

સેનાનંદન સાહિબ સાચોરે, પરિપરિ પરખ્યો હીરો જાચોરે,
મુદ્રિકા તેહશ્યું જોડીરે, જાણું મે લહી કંચન કોડીરે. ૧

તુમ્હ દેતાં સવિ દેવાયેંજી, સાહિબ સાંભળો;
તો અજર કર્યે શ્યું થાયેજી, સાહિબ સાંભળો.
યશ પૂરણ કેતે લહિજેજી, સાહિબ સાંભળો;
જો અજર કરીને દીજેજી, સાહિબ સાંભળો. ૨

જો અધિકું દ્યો તો દેજોજી, સાહિબ સાંભળો;
સેવક કરી ચિત્ત ધરજ્યોજી, સાહિબ સાંભળો.
જશ કહે તુમ્હ પદ સેવાજી, સાહિબ સાંભળો;
તે મુજ સુરતરૂફળ મેવાજી, સાહિબ સાંભળો. ૩

---

૧૨ શ્રી વાસુપૂજ્યજિન સ્તવન.

(વિરહ ન ગંજીએ–એ દેશી.)

વાસુપૂજ્યજિન વાલહારે, સંભારો નિજ દાસ;
સાહિબશ્યું હઠ નવિ હોયેરે, પણ કીજે અરદાસોરે. ચતુર વિચારીયે.

સાસ પહિલા સાંભરેરે, મુખ દીઠે સુખ હોય;
વિસાર્યા નવિ વિસરેરે, તેહશું હઠ કિમ હોયરે. ચ. ૨

આમણ દુમણ નવિ ટળેરે, ખમ વિણ પૂરીશે આશ,
સેવક જશ કહે દીજીયેરે, નિજ પદકમળનો વાસોરે ચ. ૩

---

૧૩ શ્રીવિમલનાથજિન સ્તવન.

(લલનાની દાળ.)

વિમલનાથ મુજ મન વસ્યે, જિમ સીતા મન રામ, લલના,
પિક વંછે સહકારને, પથી ગન જિમ ધામ, લલના. વિ. ૧

કુંજર ચિત્ત રેવા વસ્યે, કમળા મન ગોવિંદ; લ.
ગોરી મન શંકર વસ્યે, કુમુદિની મન જિમ ચંદ. લ. વિ. ૨

અલિ મન વિકસિત માલતી, કમલિની ચિત્ત દિણંદ; લ.
વાચક જશ ને વાલહો, તિમ શ્રીવિમલ જિણંદ. લ. વિ. ૩

---

૧૪ શ્રીઅનંતનાથજિન સ્તવન.

(રાગ સોવાદની.)

શ્રીઅનંતજિન સેવિયેરે લાલ, મોહનવલ્લી કંદ મનમોહનાં;
જે સેવ્યો શિવ સુખ દિયેરેલાલ, ટાળે ભવભય ફંદ. શ્રી. મ. ૧

સુખમટકે જગમોહિયોરેલાલ, રૂપરંગ અતિચંગ; મ.
લોચન અતિ અણીયાલડારેલાલ, વાણી ગંગતરંગ શ્રી. મ. ૨

ગુણ સઘળા અંગે વસ્યારેલાલ, દોષ ગયા સવિ દૂર. મ.
વાચક જશ કહે સુખ લહુંરેલાલ, દેખી પ્રભુ મુખ નૂર. શ્રી. મ. ૩

---

૧૫ શ્રીધર્મનાથજિન સ્તવન.

([illegible])

[illegible] તુજ સરખો, સાહિબ શિર થોરે સાહિબ શિર થોરે;
[illegible] રે હારશે, સુખમુખ ઇક મનેરે રે. સુ

મુજને મીઠી લાગશે, તુજને નવિ ધારે રે તુ.
જે તુજ સનમુખ જોતા, [illegible] મિટે રે અ.

[illegible] નિમિત તે નવિ [illegible] રે નિ.
[illegible] રહિત [illegible] રે ર.

[illegible] રે જ.
[illegible] રે પ.

[illegible] પ્રભુ નવિ [illegible] રે પ.
[illegible] રે લ.

[illegible] નવિ [illegible] રે સુ.
[illegible] રે સુ.

---

૧૬ શ્રીશાંતિનાથજિન સ્તવન

(મુણિ પમુઆ વાણીરે–એ ઢાલ)

જગ જનમનરંજેરે, મનમથ બળ ભંજેરે;
નવિ રાગ ન દોસ તું અંજ ચિત્તસ્યુરે. ૧

શિર છત્ર વિરાજેરે, દેવદુંદુભિ વાજેરે;
ઠકુરાઇ ઇમ છાજે, તોહિ અકિંચનોરે. ૨

થિરતા ધૃતિ સારીરે, વરી સમતા નારીરે,
બ્રહ્મચારી શિરોમણી, તો પણ તું સુણ્યોરે. ૩

ન ધરે ભવરંગોરે, નવિ દોષાસંગોરે,
મૃગલંછન ચંગો, તો પણ તું સહીરે. ૪

તુજ ગુણ કુણ આખેરે, જગ કેવળી પાખેરે,
સેવક જશ ભાખે અચિરાસુત જયોરે ૫

---

૧૭ શ્રીકુંથુનાથજિન સ્તવન

(ઢાલ વીંછિયાની)

સુખદાયક સાહિબ સાંભળો, મુજને તુમસ્યું અતિ રંગરે.
તુમ્હે તો નિરાગી હુઇ રહ્યા, એ સ્યો એકંગો રંગરે. મુ ૧

તુમ્હ ચિત્તમાં વસવું મુજ ઘણું, તે તો ઉંબર ફૂલ સમાનરે,
મુજ ચિત્તમાં વસહો જો તુમ્હેં, તો પામ્યા નવે નિધાનરે. મુ. ૨

શ્રીકુંથુનાથ અમ્હ નિરવહું, ઇમ એકંગો પણ નેહરે.
ઇણિ આદરીને ફળ પામશું, વળી હોશે દુઃખનો છેહરે. મુ. ૩

આરાધ્યો કામિત પૂરવે, ચિંતામણિપાષાણરે;
વાચક જશ કહે મુજ દીજિયેં, ઇમ જાણી કોડિકલ્યાણરે મુ. ૪

આપ માગ્યા તે પાસા ઢળ્યા, સુર સમકિત તુઠા. આ. ૨
નિયતિ હિત દાન સનમુખ હુવે, સ્વપુરુષોદય સાથે;
જશ કહે સાહિબે મુગતિનું કરિઉં તિલક નિજ હાથે. આ. ૩

---

૨૧ શ્રી નમિનાથજિન સ્તવન.

(રૂપભનો વંશ રયણાયરૂ—એ દેશી.)

મુજ મન પંકજ ભમરલો, શ્રીનમિજિન જગદીશોરે;
ધ્યાન કરૂ તુમ્હ નિત તુમ્હ તણું, નામ જપું નિશદીશોરે. મુ. ૧
ચિત્તથકી કદિયે ન વિસરે, દેખીયે આવતિ ધ્યાનેરે;
અંતર તાપથી જાણિયે, દૂર રહ્યાં અનુમાનિરે. મુ. ૨
તું ગતિ તું મતિ આશરો, તુંહિજ બાંધવ મોટોરે;
વાચક જશ કહે તુજ વિના, અવર પ્રપંચ તે ખોટોરે. મુ. ૩

---

૨૨ શ્રી નેમનાથજિન સ્તવન.

(રાગ જંગલો—એ ચાલ)

કહા કિયો તુમ્હે કહો મેરે સાંઇ, ફેરી ચલે રથ તોરણ આઇ;
દિલજાનિ અરે, મેરા નાહ ન ત્યજિય નેહ કછુ અજાન. દિ. ૧
અટપટાઇ ચલે ધરી કછુ રોષ, પશુઅનકે શિર દે કરી દોષ. દિ. ૨
રંગ બિચ ભયો યાથિ ભંગ, સો તો સાચો જાનો કુરંગ દિ. ૩
પ્રીતિ તનકમિ તોરત આજ, કિઉં નાવે મનમે તુમ્હ લાજ દિ. ૪
તુમ્હ બહુ નાયક જાનો ન પીર, વિરહ લાગી જ્યું વેરીકો તીર દિ. ૫
હાર ઠાર શિંગાર અંગાર, અસન વસન ન સુહાઈ લગાર. દિ. ૬
તુજ વિન લાગે સુની સેજ, નહી તનુ તેજ ન હારદ હેજ. દિ. ૭
આવોને મંદિર વિલસો ભોગ, બુઢાપનમે લીજે યોગ. દિ.
છોરૂંગી મેં નહિ તેરો સંગ, ગઇલિ ચલું જિઉ છાયા અંગ. દિ. ૯

૨ શ્રી અજિતનાથજિન સ્તવન.

(કાનુડગે પાણી લાગજો-એ દેશી.)

ઓળગ અજિતજિણંદની, માહરે મન ગ્યાની;
માલતી મધુકરની પરે, બની પ્રીત અછાની. ૧

વારી હું જિતશત્રુ સુત તણા, મુખડાને મટકે,
અવર કોઇ ગમતું નહી, વિણ સ્વામી સુરંગા;
ચાતુક જિમ જલધર વિના, નવિ સેવે ગંગા. વા. ૨

એ ગુણ પ્રભુ કેમ વિસરે, સુણી અન્ય પ્રશંસા;
છીલર કીણ વિધ રતિ ધરે, માનસરના હંસા. વા. ૩

શિવ એક ચંદ્ર કળા થકી, લહી પ્રકાશતાઇ;
અનંત કળાધર મેં ધર્યો, મુજ અધિક પુન્યાઇ. વા. ૪

તું ધન તું મન તન તુંહી, સસનેહા સ્વામી;
મોહન કહે કવિ રૂપનો, જિન અંતરજામી. વા. ૫

---

૨ શ્રી અજિતનાથજિન સ્તવન.

[illegible]-દેશી.)

[illegible] અજિતજિન અંતરજામી, અરજ કરૂં છું પ્રભુ શિર નામી,
[illegible] વાત કહું કેહી.

[illegible], તો હવે કિમ થાઓ છો વિરૂઈ; મા.
[illegible], આદિ અનાદિ અમે તો આંસ. મા. ૨

[illegible] તું હિજ વીતરાગ તું જ્ઞાની, મા.
[illegible], તો એ તુજ્જ શોક વિચારતા. મા. ૩

[illegible], એમ કિમ ઘટે તુજને કરૂણાકર, મા.
[illegible], તુજ આતી તુજ અધિકી [illegible]. મા.

[illegible] સેવકને આવીઓ આપી, મા.
[illegible], તો તેહને [illegible]. મા. ૫

મનથી નિવાજસ નહિ કરે, જો કર ગ્રહીને લીજે,
આવશે તે લેખે હોરાજ, મોટાને કેહવું કિશ્યું;
પગ રોડી અનુચરની, અંતરજામી દેખે હો રાજ. ૪

એહથી સ્યું અધિકો અછે, આવી મનડે વસીઓ,
સાહામો સુગુણ સનેહી હો રાજ, જે વસ્ય હોશે આપણો;
તેહને માગ્યું દેતાં, અજર રહે કહો કેહી હો રાજ. ૫

અતિ પરચે વિરચે નહિ, નિત નિત નવલો નવલો,
પ્રભુઉ મુજથી ભાસે હો રાજ, એ પ્રભુતા એ નિપુણતા,
પરમપુરુષ જે જેહવી, કિહાંથી કોઇ પામે હો રાજ. ૬

ભીનો પરમ મહારસે, માહરો નાથ નગીનો,
તેહને તે કુણ નિંદે હો રાજ, સમકિત દઢતા કારણેઃ
રૂપ વિબુધનો મોહન, સ્વામી સુપાસને વંદે હો રાજ. ૭

---

૮ શ્રી ચંદ્રપ્રભુજિન સ્તવન.

(નંદ સલુણા નંદનારે લો—એ દેશી.)

શ્રીશંકર ચંદ્રપ્રભુરે લો, તું ધ્યાતા જગનો વિભુરે લો;
તિણે હું ઓળગે આવિયોરે લો, તુમે પણ મુજને મયા કિયોરે લો. ૧

દીધી ચરણની ચાકરીરે લો, હું સેવું હરખે કરીરે લો;
સાહિબ સાહમું નિહાળજ્યોરે લો, ભવસમુદ્રથી તારજ્યોરે લો. ૨

અગણિત ગુણ ગણવાતણીરે લો; મુજ મન હોંશ ધરે ઘણીરે લો;
જિમ નભને પામ્યા પંખીરે લો, દાખે બાળક કરથી લખીરે લો. ૩

એ જિન તું છે પાંસરોરે લો, કરમ તણો સ્યો આશરોરે લો;
જો તુમે રાખશો ગોઠમાંરે લો, તો કિમ જાશું નિગોદમાંરે લો. ૪

જબ તાહરી કરૂણા થઇરે લો, કુમતિ કુગતિ દુરે ગઇરે લો;
અધ્યાતમ રવિ ઉગીયોરે લો, પાપ તિમિર કિહાં પુગીઓરે લો. ૫

તુજ મૂરતિ માયા જિસિરે લો, ઉર્વશી થઇ ઉઅરે વસીરે લો;
રખે પ્રભુ ટાળો એક ઘડીરે લો, નિજર વાદળ છાંહડીરે લો. ૬

બીજુ એક મુજને નવી વીસરે, સા૦ તુમ ગુણ પરમ અનંત હો; સ.
દેવ અવરને શ્યું કરૂં, સા૦ ભેટ થઇ ભગવંત હો. સ. ૨
તુમે છો મુગટ ત્રિહુ લોકના, સા૦ હું તુમ પગની એહહો. સ.
તુમે છો સઘન ઋતુ મેહલો, સા૦ હું પંખિમ દિશિ ત્રેહ હો. સ. ૩
નિરાગી પ્રભુ કિમતું સા૦ તે ગુણ નહિ મુજ માંહિ હો. સ.
ગુરૂ ગુરૂતા સાહમું જુઓ, સા૦ ગુરૂતા તે મૂકે નાંહિ હો. સ. ૪
મોટાસેંતી બરોબરી. સા૦ સેવક કીણ વિધ થાય હો; સ.
આસંગો કિમ કીજીયે, સા૦ તિહાં રહી આ લુભાય હો. સ. ૫
જગગુરૂ કરૂણા કીજીયે, સા૦ ન લખ્યો આભાર વિચાર હો; સ.
મુજને રાજ નિવાજશો, સા૦ તો કુણ વારણહાર હો. સ. ૬
ઓળગ અનુભવ ભાવથી, સા૦ જાણો જાણ સુજાણ હો; સ.
મોહન કહે કવિ રૂપનો, સા૦ જિનજી જીવનપ્રાણ હો. સ. ૭

---

૧૧ શ્રી શ્રેયાંસજિન સ્તવન.

(કંકણની દેશી.)

શ્રેયાંસજિન સુણો સાહિબારે, જિનજી દાસ તણી અરદાસ;
દિલડે વસી રહ્યાં, દુર રહ્યાં જાણું નહિરે; પ્રભુ તુમારે પાસ. દિ. ૧
હાંરે મૃગને જ્યું મધુર આલાપ, દિ. મોરને પીંછ કલાપ. દિ
દુર રહ્યા જાણે નહિરે, પ્રભુ તુમારે પાસ. દિ.
જળ થળ મહિયલ જોવતાંરે, જિ ચિંતામણી ચઢયો હાથ; દિ.
ઉલ્પ શી હવે માહરેરે, જિ. નિરખ્યો નયણે નાથ. દિ. ૨
ચરણે તેહને વિલંબિયેરે, જિ. જેથી સીઝે કામ; દિ.
ફોકટ શું ફેરા તિહાંરે, જિ. પૂછે નહિ પણ નામ. દિ. ૩
કુડા કલિયુગ છોડીનેરે, જિ. આને રહ્યા એકાંત; દિ.
આપોપું રાખે ઘણાંરે, જિ. પર રાખે તે સંત. દિ. ૪
દેવ ઘણા મેં દેખિયારે, જિ. આડંબર પટરાય. દિ.

નિગય નહિ પણ સોડગીરે, જિ આપા પસારે પાય. દિ. ૫
સેવકને જે નિવાજીયેરે, જિ તો નિદા સ્યાને જાય: દિ.
નિપટ નિરાગી હોવનારે, જિ સ્વામીપણુ કિમ થાય. દિ. ૬
મેં તો તુજને આદર્યોરે જિ ભાવે તુ જાણ મ જાણ, દિ.
રૂપવિજય કવિરાયનારે, જિ મોહન વચન પ્રમાણ. દિ. ૭

૧૨ શ્રી વાસુપૂજ્યજિન સ્તવન.

(ચુનડી ના [illegible]

પ્રભુજીશ્યુ લાગીહો પુરણ પ્રીતડી, જીવન પ્રાણ આધાર,
ગિરૂઆ: જિનજી હોરાજ, [illegible] વિનતી.
દરિશણ દેજ્યો હિલભરી સ્વામજી [illegible] સા ૧
ચાહીને દીજે હો ચરણાની ચાકરી [illegible] ગિ.
ઇમ નવિ કિજે હો સાહિબજી [illegible] ગિ
ચુપશ્યુ છાના હો સાહિબા [illegible] ગિ.
દાસ ઉધારો હો સાહિબજી [illegible] સા.
અરૂણ જો ઉગે હો સાહિબજી [illegible] ગિ
અવર દેવ હો સાહિબજી [illegible] સા.
અવન ન ચાહુ હો સાહિબજી તુમ [illegible] ગિ
ખટપદ ભીનો હો સાહિબજી [illegible] સા:
સાત રાજને હો સાહિબજી [illegible] તુમ પ્રીત. ગિ.
નિપટ નિરાગી હો જિનવર તુ સહિ [illegible] ગિ સ.
દિલની જે વાતા હો કિણુંને દાખવુ, શ્રીવાસુપૂજ્ય [illegible] ગિ
ખીણુ એક આવી હો પ્રભુજી સાંભળો [illegible] મોહન [illegible] ગિ સ

———

૧૩ શ્રીવિમલનાથજિન સ્તવન.

(તેનરીયા ભાઇ તેનરીયા—એ દેશી)

વિમલ જિણંદશું ગ્યાનવિનોદિ, સુખ છબિ શશી અવિહેલેંજી;
સુરવર નિરખી રૂપ અનોપમ, હરખે નમેં ન મેલેજી. વિ. ૧

શીલ વરાહ થઈ ધર વસુધા, એવું કોઈક કહે છે જી;
તો વરાહ લંછન મીસે પ્રભુને, ચરણે શરણ રહે છે જી. વિ. ૨

લીલા અકળ લલિત પુરૂષોત્તમ, સિદ્ધવધુ રસ ભીનોજી;
ચેધક સ્વામીશ્રી મિલવું સોહિલું, જે કોઇ ટાળે દીનોજી. વિ. ૩

પ્રસન્ન થઈ જગનાથ પધાર્યા, મનમંદિર મુજ મુધયોંજી;
હું નટ નવલ વિવિધ ગતિ નાચ્યું, ખિણ એક તો ફરો મુજરોજી. વિ. ૪

ચોરાશીલખ વેષ હું આંણું, કર્મ પ્રવીન પ્રમાણેજી;
જે અનુભવ દાન ગમે તો, ના રૂચે તો કરો મયાણેજી. વિ. ૫

જે પ્રભુભક્તિ વિમુખ નર જગમેં, તે ભ્રમ ભૂલ્યો ભટકેજી;
સંગત તેહ ન વિગત લહીયેં, પૂજાદિકથી ચિટકેજી. વિ. ૬

દીજે પ્રસાદ ઉચિત ઠકુરાઈ, સ્વામી અખય ખજાનોજી;
રૂપ વિબુધનો મોહન પભણે, સેવક વિનતી માનોજી. વિ. ૭

---

૧૪ શ્રીઅનંતનાથજિન સ્તવન.

(વીર સુણો મોરી વિનતી એ દેશી)

અનંત જિણંદશુ વિનતી, મેં તો કીધી હો ચિરકાલથી આજ;
મિલવું નિજ સાહિબ જાણી કુણ આપે હો મૂરખમન લાજ. અ. ૧

મુખપંકજ મન મધુકરૂ, રહ્યો લુબ્ધ હો ગુણજ્ઞાને લીનું;
દહિકર આચરૂ ફલ અખે, તે દેખ્યા હો કિમ ચિત્ત હોવે બીનું. અ. ૨

ભવ ફરીયે ફરીયે તણે, પણ કેઇ હો અભ્યંતરિયો ન દીધ;
હવે મનમંદિર પધારો, તુમપર બેઠે હો મેં કામ્યું સીધ. અ. ૩

અંતરજામી મિલ્યે થકે, ફલે માહરો હો સહી કરીને ભાગ;
હવે વાહિ જાવા તણી, નથી પ્રભુજી હો કોઇ ઇહાં લાગ. અ. ૪

પલ્લવ ગ્રહી રઢ લેયશું, નહી મેળો હો જ્યારે તુમે મીટ;
આતમ અંબરે જે થઈ, કીમ ઉવટે હો કરારી છીંટ. અ. ૫

નાયક નિજ નિવાજીયેં, હવે લાજીયેં હો કરતાં રસલુટ
અધ્યાતમ પદ આપવા, કાંઈ નહિ પડે હો ખજાને ખુટ. અ. ૬

જિમ તુમે તર્યા તિમ તારજ્યો, શું બેસે હો તુમને કાંઈ દામ;
નહી તારો તો મુજને, તો કિમ તુમ હો તારક કહેસ્યો નામ. અ. ૭

હું તો જિન રૂપસ્થથી, રહું હોઇ હો અહનિશ અનુકૂળ;
ચરણ તજી જઇયેં કિહાં, છે માહરી હો વાતલડીનો મૂલ. અ. ૮

અષ્ટાપદ પદમ કરે, અન્ય તિરથ હો શે જિમ હેડ;
મોહન કહે કવિ રૂપનો, વિના ઉપશમ હો નવિ મૂકું કેડ. અ. ૯

---

૧૪ શ્રી અનંતજિન સ્તવન.

(આદિ પુરુષ એ આદજી–એ દેશી.)

અનંત જિણંદ અવધારીયેં, સેવકની અરદાસ જિનજી;
અનત અનંત ગુણ તુમતણા, સાભરે શ્વાસોશ્વાસ. જિ. ૧

સુરમણિ સમ તુમ સેવના, પામીયેં પુન્ય પંડુર; જિ.
કિમ પ્રમાદ તણે વશે, મૂકું અધખિણ દૂર. જિ. ૨

ભગતિ જુગતિ મનમેં વસો, મનરંજન મહારાજ; જિ.
સેવકની તુમને અછે, બાહ્ય ગ્રહ્યાની લાજ. જિ. ૩

શ્યુ મીઠા ધીઠા દિયેં, તેહનો નહિ હું દાસ; જિ.
સાથે સેવક સંભાળી, કિજે જ્ઞાન પ્રકાશ. જિ. ૪

જાણને સ્યું કહેવુ ઘણું, એક વચન મેલાપ; જિ.
મોહન કહે કવિ રૂપનો, ભક્તિ મધુર જિમ દ્રાખ. જિ. ૫

---

૧૫ શ્રીધર્મનાથજિન સ્તવન.

(હાંરે મારે જોબનીયાનો લટકો દહાડા ચારજો-એ દેશી.)

હાંરે મારે ધર્મજિણંદશું લાગી પૂરણ પ્રીત જો,
જીવડલો લલચાણો જિનજી ઓળગેરે લો;
હાંરે મુને થાશે કોઈક સમે પ્રભુ સુપ્રસન્ન જો,
વાતલડી માહરીરે સવિ થાશે વગેરે લો. ૧
હાંરે પ્રભુ દુર્જનનો ભંભેર્યો મારો માહરા સાથ જો,
ઓળગવરયે નહિ કયારે દીધી ચાકરીરે લો;
હાંરે મારા સ્વામી સરખો કુણ છે દુનિયાં માંહે જો,
જાયેરે જિમ તેહને ઘર આરશા કરીરે લો. ૨
હાંરે જસ સેવામેંની સ્વારથની નહિ સિદ્ધ જો,
કહીરે શી કરવી તેહથી ગોઠડીરે લો;
હાંરે કોઈ જુદું ખાય તે મીઠાઈને માટે જો,
કંઈરે પરમારથ વિણ નહી પ્રીતડીરે લો. ૩
હાંરે મારે અંતરજામી જીવનપ્રાણઆધાર જો,
વાયેરે નવિ જાણ્યો કલીયુગ વાયરોરે લો;
હાંરે મારે લાયક નાયક ભગતવછલ ભગવંત જો,
બાહ્યરે ગુણ કેરો સાહિબ સાયરૂરે લો. ૪
હાંરે મારે લાગી મુજને તાહરી માયા જોર જો,
અળગારે રહ્યાથી હોય ઓસગંગેરે લો;
હાંરે કુણ જાણે અંતરગતની વિણ મહારાજ જો,
હેજેરે હસી બોલો છો આમળેરે લો. ૫
હાંરે તારે મુખને મટકે અટક્યું માહરૂં મન જો,
આંખડી અણીયાળી કામણગારીઆરે લો.
હાંરે મન નરખ. ઉપર એવે ખીજુ ખીજુ જીવ જો,
વાનેરે પ્રભુરૂપે ન રહે વારીઆરે લો. ૬
હાંરે પ્રભુ અંતરા તેહનું જાણજો કરીને હજૂર જો,

તાહરીરે બલીહારી હું જાઉં વારણેરે લો;
હાંરે કવિ રૂપ વિબુધનો મોહન કરે અરદાસ જો,
ગિરૂઆથી મન આણી ઉલટ અતિ ઘણેરે લો. ૭

---

૧૬ શ્રીશાંતિનાથજિન સ્તવન.

(ધણે સરવરીઆરી પાળ–એ દેશી.)

સોળમા શ્રીજિનરાજ ઓળગ સુણો અમ તણી લલનાં,
ભગતથી એવડી કેમ કરોછો ભોળામણી લલનાં;
ચરણે વળગ્યો જેહ આવીને થઇ ખરો, લ.
નિપટ જ તેહથી કોણ રાખે રસ આંતરો. લ. ૧
મેં તુજ કારણ સ્વામી ઉવેખ્યા સુર ઘણા, લ.
માહરી દિશાથી મેં તો ન રાખી કાંઇ મણા; લ.
તો તુમે મુજથી કેમ અપુઠા થઇ રહો, લ.
ચુક હોવે જો કોય સુખે મુખથી કહો. લ. ૨
તુજથી અવર ન કોય અધિક જગતી તળે, લ.
જેહથી ચિત્તની વૃતિ એકાગી જઈ મળે; લ.
દીજે દરશન વાર ઘણી ન લગાવીએ, લ.
વાતલડી અતિ મીઠી તે કિમ વિરમાવીએ. લ. ૩
તું જો જળ તો હું કમળ કમળ તો હું વાસના, લ.
વાસના તો હું ભમર ન ચુકુ આસના; લ.
તું છોડે પણ હું કેમ છોડું તુજ ભણી, લ.
લોકોત્તર કોઈ પ્રીત આવી તુજથી બની. લ. ૪
ધુરથી સ્વામી સમકિત દઈને ભોળવ્યો, લ.
ખોટે હવે કિમ જાઉં વિલાસે ઓળવ્યો; લ.
જાણી ખાસો દાસ વિમાસો છો કિશું, લ.
અમે પણ ખિજમતમાંહિ ખોટા કિમ થાય શું. લ. ૫

મુજ મન અંતર [illegible]
પ્રીતિ મુમે તો જુઉં કહો, [illegible]

અંતર શો મળિયાં પછે, નવિ [illegible]
કુમયા કિમ કરવી ઘટે, જે થયો નિજ [illegible]

જગી હવે અનુભવ દિશા, [illegible]
રૂપવિજય કવિરાયનો, કહે મોહન [illegible]

---

૧૭ શ્રી કુંથુનાથજિન [illegible]

([illegible])

મુજ અરજ સુણો મુજ પ્યારા, [illegible]
સનેહી મોરા, કુંથુજિણંદ [illegible]

હું તો તુમ દરિશણનો અરથી, [illegible]
થઇ ગિરૂઆ એમ જે વિમસો, [illegible]

લલચાવીને જે કિજે, કિમ [illegible]
પદ મોટે કહાવો મોટા, [illegible]

મુજ ભાવમંડલમેં આવો, [illegible]
સેવકનો તો મન રીઝે, [illegible]

મનમેળુ થઇ મન મેળો, [illegible]
તુમે જાણોછો એ કરૂ લીલા, [illegible]

પ્રભુ ચરણસરોજ [illegible]
કવી રૂપવિબુધ જયકારી [illegible]

---

૧૮ શ્રી[illegible]

[illegible]

[illegible]

કાંઈ ચાહું અમે નિશદિશ,
અંતરાયનેં રાગે હો અણુરાગેં કીણપરે કીજીયે;
કાંઇ શુભભાવે સુજગીશ. અ. ૧
સિદ્ધસ્વરૂપી સ્વામી હો ગુણધામી અલખ અગોચરૂ;
કાંઇ દીઠા વિણુ દિદાર,
કેમ પતીજે કીજે હો હો કેમ લીજે ફળ સેવા તણું;
કાંઈ દીસે ન પ્રાણઆધાર. અ. ૨
જ્ઞાન વિના કુણ પેખે હો સંખેપે સૂત્રે સાંભળ્યો;
કાંઇ અથવા પ્રતિમા રૂપ,
સાંગે જો સંપેખું હો પ્રભુ દેખું દિલભર લોયણે;
કાંઈ તો મન પહુંચે ચુપ. અ. ૩
જગનાયક જિનરાયા હો મન ભાયા મુજ આવી મળ્યા;
કાંઈ મહેર કરી મહારાજ,
સેવક તો સસનેહી હો નિસનેહી પ્રભુ કિમ કીજીયે;
કાંઇ પ્રસંગીઇ વહીયેરે લાજ. અ. ૪
ભક્તિ ગુણે ભરમાવી હો સમજાવી પ્રભુજીને ભોળવી;
કાંઇ રાખું હૃદય મઝાર,
તો કહજો સ્વામાશી હો પ્રભુ ભામી જાગી સેવન;
કાંઈ એ અમચો એક તાર. અ. ૫
પાણીનીરને મેળે હો કિણ ભેળે એકન હોયે રહું;
કાંઈ નહિરે મિલણનો જોગ.
બે પ્રભુ દેખું નયણે હો કદિ વયણે સમજાવું સહિ;
કાંઈ તે ન મિલે સંજોગ. અ. ૬
મનનેહ કિમ રીઝે હો જ્યુ કીજે અંતનાથ એવડો,
કાંઇ નિપટ નહિ એ નાથ,
સાંભળજો અંતે હો કિણ પાખે ને આણીને મીઠું,
કાંઈ વિરહ ગુમાઇજે આથ અ. ૭

ઓળગ એ અનુભવની હો મુજ મનની વાતાં સાંભળીઃ
કાંઈ દીજે આજ નિવાજ.
રૂપવિબુધને મોહન હો મનમોહન સાંભળી વિનતીઃ
કાંઈ દીજે શિવપુર રાજ. અ. ૮

---

૧૯ શ્રી મલ્લિનાથજિન સ્તવન.

(થારા મોહલાઉ-એ દેશી.)

સુગુરૂ સુણી ઉપદેશ ધ્યાયો હિડમેં ધરી હો લાલ; ધ્યા.
દીધી ભગતિ અનંત ચવી ચવી ચાતુરી હો લાલ. ચ.
નેન્યોરે વિસવાવીશ ઉલટ ધરી ઉલટયો હો લાલ; ઉ.
દિઠા નવિ દિદાર કાન ફિતુરી લગ્યો હો લાલ. કાં. ૧

પરમેસરશું પ્રીત કહો કીમ કીજીયેં હો લાલ, કે.
નિમેષ ન મેળે મીટ દોષ કિણ દીજીયે હો લાલ, દો.
દોષ હરે તકસીર સેવામાં સાહિબા હો લાલ, સે.
દીજે ન છોકરવાદ ભગત ભરમાયવા હો લાલ. ભ.

જાણ્યું તમારૂં જાણ પુરૂષ નાં પારખો હો લાલ. પુ.
સુગુણ નિગુણનો રાહ કર્યો સ્યું સારીખો હો લાલ, ક.
દીધો દીલાસો દીનદયાળ કહાવયો હો લાલ, દ.
કરૂણારસભંડાર બિરૂદ કેમ પાળસ્યો હો લાલ. બિ.

સ્યું નિવસ્યા તુમે સિદ્ધ સેવકને અવગણી હો લાલ; સે
દાખો અવિહડ પ્રીત જાવા દો ભોલામણી હો લાલ, જા
જે કોઈ રાખે રાગ નિરાગ મ રાખીએ હો લાલ. નિ
ગુણ અવગુણની વાત કહી પ્રભુ ભાખીએ હો લાલ. :
અમચા દોષ હજાર તિકે મન ભાગજ્યો હો લાલ, િ
તુમે છો ચતુર સુજાણ પ્રીતમ ગુણ પાળજ્યો હો લાલ પ્
મલ્લિનાથ મહારાજ મ રાખો અંતરો હો લાલ. :
દ્યો દરિશણ દિલ ધાર મિટે જ્યું આંતરો હો લાલ. (


ભવભવશરણો સાહિબ સ્વામી તારદેરે લો. ૫
હાંસ રાખશું હૃદય મઝાર જો;
આપો શામળીયા ઘો પદવી તારદીરે લો.
હાંસ રૂપવિજયનો શિષ્ય જોઃ
મોહનને મન લાગી માયા તારદીરે લો. ૬

---

૨૧ શ્રી નમિનાથજિન સ્તવન.

(આમજુગારે યોગી–એ દેશી.)

આજ નમિનાથરાજને કહીયેં, મીઠે વચન પ્રભુ મન લહીયેરે;
સુખકારી સાહિબજી.
પ્રભુ છે નિપટ નિસનેહી નગીના, તો હિયડે છું સેવક આધીનારે. સુ. ૧
મુનિજર કરશો તો વરશો વડાઈ, સુકહીયે પ્રભુને લડાઈરે; સુ.
તુમે અમને કરશ્યો મોટા, કુણ કહેશે પ્રભુ તુમને ખોટારે. સુ. ૨
નિઃશંક થઇ શુભ વચનો કહેશ્યો, તો જગશોભા અધિકી લહેશ્યોરે; સુ.
અમે તો રહ્યા છુ તુમને રાચી, રખે આપ રહો મત ખાંચીરે. સુ. ૩
અમ્હે તો કિશું અંતર નવિ રાખું, જે હોવે હૃદયે તે કહી દાખુંરે; સુ.
ગુણીજન આગળ ગુણ કહેવાયેં જેવારે પ્રીત પ્રમાણ થાયેરે. સુ. ૪
વિષધર ઈસ હૃદયે લપટાણો, તેહવો અમને મળ્યો છે ટાણોરે; સુ.
નિરવહશ્યો જો પ્રીત અમારી, કીમા કીરત થાશ્યે તમારીરે. સુ ૫
ધુતાઇ ચિત્તડે નવિ ધરશ્યો, કાંઇ અવળો વિચાર ન કરશ્યોરે. સુ.
જિમ તિમ જાણી સેવક જાણ્યેજો, અવસર લહી સુધ લહેજ્યોરે. સુ. ૬
આસંગે કહીએ છે તુમને, પ્રભુ દીજે દિલાસા અમનેરે; સુ.
મોહનવિજય સદા મન રંગે, ચિત લાગ્યો પ્રભુને સંગેરે. સુ. ૭



૧૪ શ્રી અનંતજિન સ્તવન.

(રાગ મારૂ—દેશી ગીત ગુંજણાની ગુજરાતિ.)

જ્ઞાન અનંતું તાહરેરે, દરિશન તાહરે અનંત;
સુખ અનંતમય સાહિબારે, વિરજ પણ ઉલસ્યું અનંત ૧
અનંતજિન આપજોરે, મુજ એહ અનંતા ચ્યાર; અ.
મુજને નહી અવરશુ પ્યાર, અ. તુજને આપતાં શી વાર; અ.
એહછે તુજ યશનો હાર, અ. આપ ખજીનો ન ખોલવોરે;
નહિ મિલવાની ચિંત, માહરે પોતે છે સવેરે;
પણ વિચે આવરણની ભિંત અ. ૨
તપ જપ કિરિયા મોગરેરે, ભાજી પણ ભાંગી ન જાય.
એક તુજ આણ લહે થકેરે, હેલામાં પરહી થાય. અ. ૩
માત ભણી મરૂદેવાનેરે, જિન રૂષભ ખિણમા દીધ.
આપ પિયારે વિચારતારે કેમ કિમ વીતરાગતા સિદ્ધ અ. ૪
તે માટે તમ [illegible] તુજ પ્રાર્થના જે [illegible] લોક.
તહને આપો [illegible] નહીં ન [illegible] અ. ૫
તહને તહનું આપવુંરે, [illegible] ઉત્તર છે એહ.
પ્રાર્થના [illegible] તાહરેરે, પ્રભુ[illegible] પણ નહિ છે અ. ૬
પામ્યા પામે પામશેરે, જ્ઞાન [illegible] અનંત.
તે તુજ આલાય. [illegible] કહે માનવિજય [illegible] અ. ૭

---

૧૫ શ્રીધર્મનાથજિન સ્તવન.

[illegible]

શ્રીધરમજિણંદ દયાળ જી. ધરમ તણો દાતાર.
સવિ જંતુ તણો રખવાળ જી. ધરમ તણો [illegible].
જસ અમિય સમાણી વાણીજી. ધ[illegible] જિણે [illegible] ધ







૧૬ શ્રીશાંતિનાથજિન સ્તવન.

(સુણ મેરી સજની રજની ન જાવેરે–એ દેશી)

શાંતિજિનેસર સોળમો સ્વામીરે, એક ભવમાં દોય પદવી પામીરે; ૧
પલ્યું પલ્યોપમ ઓછું આણોરે, અંતર ત્રણ સાગર મન આણોરે.
ભાદરવા વદ સાતમ દિને ચવતરે, જનમ તે જેઠ વદિ તેરસ દિનરે;
ચાલીશ ધનુષ કાયા તણી માયારે, જેઠ વદિ ચૌદસ વ્રત નિપાયારે. ૨
સુદિ નવમી પોસમાં લહે જ્ઞાનરે, અતિશય ચોત્રીશ કંચનવાનરે;
લાખ વરસ આયુ પરમાણુરે, જેઠ વદિ તેરસ દિન નિરવાણરે. ૩
જિન પારંગત તું ભગવંતરે, સ્યાદવાદી શંકર ગુણવંતરે,
શંભુ સ્વયંભુ વિષ્ણુ વિધાતારે, તુંહી સનાતન અભયનો દાતારે ૪
પિતા ત્રાતા માતા ભ્રાતારે, ત્રાતા દેવનો દેવ વિખ્યાતારે;
ઋષિ પરે ઓપમા ઉત્તમ છાજેરે, પદ્મવિજય કહે ચઢતે દિવાજેરે. ૫

---

૧૭ શ્રીકુંથુનાથજિન સ્તવન.

(દેશી–ઝુમખાની)

કુંથુજિનેસર પરમ કૃપાકરૂ, જગગુરૂ જગની જ્યોત; સોભાગી
અરધ પલ્યોપમ અંતર શાંતિથી, કુંથુજિણંદ વિચે હોત. સો. ૧
ચવીઆ શ્રાવણ વદિ નવમી દિને વૈશાખ વદિમાંરે જન્મ, સો.
ચૌદશને દિને તે પ્રભુ પ્રણમતા. બાંધે નવિ કોઈ કર્મ. સો. ૨
પાંત્રીશ ધનુષ પ્રમાણે દેહડી, કંચન વાનેરે કાય. સો.
વૈશાખ વદિ પાંચમે દિક્ષા ગ્રહી, તપ કરી કર્મ જલાય. સો. ૩
ચૈત્ર સુદિ ત્રીજે જ્ઞાની થયા આયુ પચાણું હજાર,— સો.
વરસ વૈશાખ વદિ પડવે શિવ થયા, અશરીરી અણુહાર. સો. ૪
સુરઘટ સુરગવી સુરમણી ઓપમા. જિન ઉત્તમ લહે જેહ. સો
મુજ મન વંછિત પ્રભુજી આપજો, પદ્મવિજય કહે એહ. સો ૫



અભિનંદન અવલંબને, પરમાનંદ વિલાસદો મિત,
દેવચંદ્ર પ્રભુ સેવના, કરી અનુભવ અભ્યાસદો મિત. પ્રભુ ૭

---

૫ શ્રીસુમતિનાથજિન સ્તવન

અહો શ્રી સુમતિજિન શુદ્ધતા તાહરી,
સ્વગુણ પર્યાય પરિણામી રામી,
નિત્યતા એકતા અસ્તિતા ઇતર યુત,
ભોગ્ય ભોગી થકો પ્રભુ અકામી. અ૦ ૧

ઉપજે વ્યય લહે તહવિ તેહવો રહે,
ગુણ પ્રમુખ બહુલતા તહવી પિંડી,
આત્મભાવે રહે અપરતા નવિ ગ્રહે
લોક પ્રદેશ મિત પણ અખંડી. અ૦ ૨

કાર્ય કારણપણે પરિણમે તહવી ધ્રુવ,
કાર્ય ભેદે કરે પણ અભેદી,
કર્તૃતા પરિણમે નવ્યતા નવિ રમે,
સકલવેત્તા થકો પણ અવેદી. અ૦ ૩

[illegible] અ૦ ૪

[illegible] અ૦ ૫

[illegible] અ૦ ૬

[illegible] અ૦ ૭

હવે સંપૂરણ સિદ્ધ તણી શી વાર:છે હોલાલ,
દેવચંદ્ર જિનરાજ જગત આધાર છે હોલાલ.

---

૧૦ શ્રી શીતલનાથજિન સ્તવન

શીતલ જિનપતિ પ્રભુતા પ્રભુની, મુજથી કહિ ન જાયજી;
અનંતતા નિર્મલતા પૂર્ણતા, જ્ઞાન વિના ન જણાયજી.

ચરમ જલધિ જલ મિણે અંજલી, ગતિ જીપે અતિ વાયજી;
સર્વ આકાશ ઉલ્લંઘે ચરણે, પણ પ્રભુતા ન ગણાયજી.

સર્વ દ્રવ્ય પ્રદેશ અનંતા, તેહથી ગુણ પર્યાયજી;
તાસ વર્ગથી અનંત ગુણો પ્રભુ, કેવલજ્ઞાન કહાયજી. શ

કેવલદર્શન એમ અનંતો, ગ્રહે સામાન્ય સ્વભાવજી;
સ્વપર અનંતથી ચરણ અનંતો, સ્વરમણ સંવર ભાવજી. શ

